કુમાર

સંસ્થાપક : રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૭૦ મું * ફેબ્રુઆરી ૧૯૯૭

તંત્રી : ધીરુ પરીખ




શ્રમજીવી અને શર]

[ફોટો : પ્રજ્ઞેશ પરીખ

સળંગ અંક

૮૨૯



રાગ હિંડોલ : હિંદુસ્તાની સંગીતનો કલ્યાણ થાટનો એક ગંભીર રાગ. વર્જ્ય સ્વર ઋષભ અને પંચમ હોઈ એ ઓડવ-ઓડવ જાતિનો રાગ છે, વાદી સ્વર ધૈવત અને સંવાદી સ્વર ગાંધાર. ઉત્તરાંગ પ્રધાન રાગ છે અને આરોહમાં નિષાદ વક્ર લેવાય છે. ગાવાનો સમય રાત્રીનો ચોથો પ્રહર. તેમાં ગમકનો પ્રયોગ દીપી ઊઠે છે.

ભારતની કાંગડા શૈલીમાં રાગમાલાનાં અનેક ચિત્રો થયાં છે. તેમાંનું આ એક. તેમાં એક યુવાનને નાયકના રૂપમાં નિરૂપ્યો છે, તેને સોનેરી ઝૂલા પર હિંચકતો દર્શાવ્યો છે. હિંચકાને પુષ્પમાળાઓ અને છૂટાં પુષ્પોથી શણગાર્યો છે. લાખ-મઢ્યો હિંચકો કમળની કળીઓ દ્વારા શોભે છે. નાયકે મોરપિંછ અને કમળની કળીઓ વડે શણગારેલો મુગટ પહેરેલો છે, એના ઝભ્ભા પરના પીળા અને લાલ રંગના પટ્ટાઓથી તે હોળી રમેલો દેખાય છે, તેને હિંચકો નાખતી સુંદરીઓ તેને જોઈતી વસ્તુઓ લઈ તેની તહેનાતમાં ઊભી છે અને તે તેઓનું સૌંદર્ય માણી રહ્યા છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૦મું

અંક ૨

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

ફેબ્રુઆરી 		૧૯૯૭

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૨૯

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫ પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦.
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

● ડિસેમ્બર ૧૯૯૭નો 'કુમાર'નો અંક પરંપરાગત અને ભાવનાગત રીતે 'નાતાલ' સાથે જોડે છે. મુખપૃષ્ઠ ઉપરનું ગિપ્સે મીનમાં આવેલા ઈસુના સુપ્રસિદ્ધ દેવળનું વ્યંજના સભર ચિત્ર-સમજૂતી, કોવન્ટ્રિ કથીડ્રલની પવિત્ર ભૂમિનો સ-રસ પરિચય, પક્ષીવિદ્ ડૉ. સલીમ અલી વિશેનો અભ્યાસલેખ, ચિત્રો, જ્ઞાનવિજ્ઞાનને લગતા પ્રેરક પ્રસંગોને લીધે અંક સભર બન્યો છે.

રમેશ શાહનો 'સરળ શાસ્ત્રીય સંગીત'નો લેખ શાસ્ત્રીય સંગીત જેવા અઘરા ગણાતા શાસ્ત્રને સમજવા, ઓળખવા મમતા જગાવે છે. સ્વ. ગોવર્ધન પંચાલના વ્યક્તિત્વને, કાર્યપ્રતિભાને હસમુખ બારાડીનો પ્રત્યક્ષાનુભવ સજીવતાથી આપણી આગળ રજૂ કરે છે. સર્જનાત્મક અભિગમની સાથે 'સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક' એટલે 'કુમાર'. આપ સૌને અભિનંદન.

- દિનકર ભોજક (વિસનગર)

● આપનો ડિસેમ્બર ૧૯૯૬નો સળંગ અંક ૮૨૭ મળ્યો. વાંચી ઘણો જ આનંદ થયો. '૯૬નું વર્ષ સંતોષથી પૂરું થયું. આ અંકમાં રમેશ શાહના લેખમાં રાગ ક્રમ ૧૨માં 'જનસંમોહિની' રાગ આપેલ છે, તે મારા મત મુજબ કલાવતી હોઈ શકે. આ બાબતમાં શ્રી રમેશભાઈ યોગ્ય સમજણ આપશે તો આભારી થઈશ.

- જયંત ચૌહાણ (અમદાવાદ)

● જ્ઞાનભંડાર માટે 'કુમાર' માસિકના અંકોની ફાઈલો ૧૯૨૪ થી ૧૯૭૯ સુધીની જોઈએ છે.

સંપર્ક : જૈન એડવોકેટ પ્રેસ, જેસીંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ-૧ ફોન : ૩૮૦૧૦૭ / ૨૧૨૩૬૮૦

● 'કુમાર'ના ૧૯૨૪ થી ૧૯૯૪ સુધીનાં અંકો આજના લવાજમથી રાહત દરે આપવાના છે. ઇચ્છુકો તરત સંપર્ક કરે : ભરતકુમાર પ્રા. ઠાકર, ૪૦/બી, વૃન્દાવનગર, વૈશાલી સિનેમા માર્ગ, અંજાર (કચ્છ) ૩૭૦૧૧૦

● ૧૯૯૭ એ મેઘાણી જન્મશતાબ્દીનું વરસ છે. લોકમિલાપ ટ્રસ્ટ તરફથી એક મેઘાણી શતાબ્દી કાર્યાલય અમદાવાદમાં નવજીવન ટ્રસ્ટના મકાનમાં શરૂ કરાયું છે. આ સ્થળેથી ઝવેરચંદ મેઘાણીનાં પુસ્તકો તથા કેસેટો મેળવી શકાશે. મેઘાણી શતાબ્દી દરમ્યાન એક સો ગુજરાતી લેખકોનાં એક સો ચૂંટેલાં પુસ્તકોનો પ્રદર્શનો મારફત વ્યાપક ફેલાવો કરવાની 'લોકમિલાપ'ની યોજના છે. એ એક સો પુસ્તકો પણ અહીં સુલભ છે. ઝવેરચંદ મેઘાણીના જીવન અને સાહિત્યને લગતાં ભીંતપત્રો-છાબડીઓનું એક નાનું પ્રદર્શન પણ અહીં ગોઠવાયું છે. આ કાર્યાલય સોમથી શુક્ર સવારે દસથી સાંજે પાંચ સુધી ખુલ્લું રહેશે અને મહેન્દ્ર મેઘાણી ત્યાં મળી શકશે. સરનામું : મેઘાણી શતાબ્દી કાર્યાલય, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

નિષ્ફળતા

નિષ્ફળતા
એ સફળતાની શરૂઆત છે.

જો તમે પડશો નહીં
તો કશું શીખશો નહીં.

તમે લક્ષ્ય ચૂકી ગયા?
તેથી શું?
લક્ષ્ય તો હજી ચમકી રહ્યું છે.

દોડમાં, તમે પાછળ પડી ગયા?
તેથી શું?

શ્વાસ લઈ લો અને ફરીથી દોડો.

ઈલા વ્હીલર વિલકૉક્સ

માતાપિતાને / યોસેફ મૅકવાન

(અનુષ્ટુપ • સૉનેટ)

આકાશે સોહતો ચંદ્ર મ્હેંકે શીતલ ચાંદની,
એમ મારા હ્રદે માતા સોહે છે સ્મૃતિ આપની.
વેણ મીઠાં તમારાં એ પ્રેરણા જીવને ભરે,
તમારી હૂંફમાં માણ્યું મેં વૈકુંઠ-વહાલ રે.
ઉછેરી આશિષો આપી ને દીધાં વરદાન જે,
માતા! જુઓ ફળ્યાં કેવાં આજે માહરે પ્રાણ એ.

- વિચાર્યું આમ ત્યાં હૈયે સ્નેહ શો છલકાવતો,
પિતાજી! આપનો ચ્હેરો ચિત્તમાં લસી આવતો.
વૃક્ષો તાપે તપી ઢાળે શીળી છાંય ઘટા તણી,
વર્ષા ઝીલી વળી રક્ષે આપે ટાઢક એ ઘણી.
એ રીતે હે પિતાજી છે સાચવ્યો મુજને તમે,
નંદનવન હતા તે શો આ દેહ લળી નમે.

તીર્થે-ઘાટે જવું શાને મારું અંતર ઠારવા?
માતાપિતા હતાં મારે જન્મારો અજવાળવા!

ઘૂંટી રહ્યો.... / દેવેન્દ્ર દવે

(વસંતતિલકા • સૉનેટ)

હું ખંડમાં નીરખતો - ચહુ ઓર શાન્તિ :
ચાનાં પડ્યાં ચકરડાં પર હોંશભેર
માખો રહી બણબણી : સ્થિર ત્યાં ગરોળી
ટાંપી શિકાર કરવા નિજ ધ્યાનમગ્ન!
કૅલેન્ડરે વહી જતી નદી બેઉ કાંઠે
રાધા બિછાવી નયનો પથ દૂર ન્યાળે
પાસે પડી સજલ ગાગર સ્હેજ વાંકી
તેથી ઢળી ભળી જતાં નીર એ પ્રવાહે!

થાકેલ ભ્રાન્ત નયનો મુજ મીંચતામાં
તારું સ્વરૂપ લહરે ચલચિત્ર જેવું;
ધીમે કથી ઘુઘરીઓ પદ-ઝાંઝરોની
રેલાય, કર્ણ ચમકે! કરું દૃષ્ટિ દ્વારે:
તારો પ્રવેશ – સઘળે ભરી ચેતનાને
ઘૂંટી રહ્યો મધુર બંસરી એકતાને!

પવન / શૈલેશ ટેવાણી

(ગાન)

ઝટ આગળિયો ખોલે બબડે રાતમહીં કંઈ વાર,
પવન એકલો આવે લાગે સેના ઊતરી બ્હાર.

ખડાખડ ખડાખડ હસતો એવું એકલ વારંવાર,
સપનામાં પણ ધમકી આપે ચેતાવે દસ વાર.

અષાઢ સુધી તો કંઈ કંઈ રૂપે દીસતો બારોબાર,
આસોમાં એ હાંફે, કાંપે, ઢળી પડે કંઈ વાર.

પવન ન જાણે કઈ દિશાનો સંદેશો છે યાર?
ના વંચાતો, ના સમજાતો, ના થઈ શકતો પ્યાર!

પવન સૂરજનો દોસ્ત હશે ને ચાંદાનો દિલદાર,
કેમ કહેવું પવન વાંચ ને કુંડળિયું કોઈ વાર.

મળે / રાજીવ ભટ્ટ 'દક્ષરાજ'

(ગઝલ)

જેમ ચોખ્ખા આભને વાદળ મળે,
એમ આ એકાંતને કાગળ મળે.

આ હવાને તેં કર્યું ચુંબન હશે,
આંગણામાં એટલે ઝાકળ મળે!

રાતરાણી થઈ અને પથરાઈ જો-
જીવતાં અંધારને પણ બળ મળે!

એમણે ધાર્યો મને સૂરજ સમો-
રોજ એથી આવવા અંજળ મળે!

હાથમાં લીધા અઢી અક્ષર અમે
ટેરવે ત્યાં સેંકડો કૂંપળ મળે.



મીરાંબહેન

(મૅડેલીન સ્લેડ)

દર્શના ધોળકિયા

ભારત પ્રતિ દેશ-વિદેશની વિરલ વ્યક્તિઓએ સતત એક પ્રકારનું આકર્ષણ અનુભવ્યું છે. ભારતે આપેલા અદ્‌ભુત માનવગુરુઓમાં આ સદીમાં મહાત્મા ગાંધીનું નામ ઉમેરાયું. દેખીતી રીતે પ્રભાવક કહી શકાય તેવા કોઈ તત્ત્વનો અભાવ છતાં ઈ.સ. ૧૯૧૫થી '૪૭ના ગાળા દરમ્યાન ગાંધીજીનો પ્રભાવ દુનિયાભરમાં ફેલાયો. આ પ્રભાવ સ્થૂળ રહીને જ અટક્યો નહીં, પણ દેશ-વિદેશનાં પોતપોતાનાં ક્ષેત્રોમાં મહાન કહી શકાય તેવી વ્યક્તિઓએ ગાંધીજીને સમર્પિત થઈને, ગાંધીજીના પ્રભાવને સ્પષ્ટ કર્યો. આનું કારણ શ્રી નારાયણ દેસાઈને 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'માં મહાદેવભાઈને વિશે અનુમાન્યું છે તે મુજબ ગાંધીજીના રસ્તામાં નરમદળની વિનીત વૃત્તિ, ગરમદળની તીવ્રતા અને આધ્યાત્મિક પુરુષોની ઊર્ધ્વ દૃષ્ટિ - ત્રણેનો સંગમ હતો. આ સંગમે કરીને અનેક લોકોને તેમનામાં વિશ્વાસ બેસી શક્યો. વિશ્વાસના આ બળથી જ લંડનમાં જન્મેલાં મૅડેલીન સ્લેડ નામનાં અંગ્રેજ મહિલા પણ ભારતીય બનીને ગાંધીચરણે બેસી ગયાં. આ ઘટના ઘણી રીતે રોમાંચકારી ને મૂલ્યવાન ગણાય તેવી બની રહી. ભારત જેની સામે આઝાદી માટે લડી રહ્યું હતું તે શાપક ગોરી પ્રજાની એક મહિલા, નૌકાદળના વડાની પુત્રી, ઇંગ્લન્ડના ભદ્રતમ ગણાય એવા વર્ગમાંથી આવતી સ્ત્રી માત્ર આત્માના અવાજને અનુસરીને ગાંધીજીની શિષ્યા બને તેને ભારતીય વિચારસરણી તો ઋણાનુબંધ તરીકે જ ઘટાવે !

ગાંધીજીના ચુસ્ત અનુયાયી તરીકે સુખ્યાત મીરાંબહેન (મૅડેલીન સ્લેડ)નો જન્મ ઈ.સ. ૧૮૯૨માં ઈંગ્લન્ડમાં થયેલો. પિતા બ્રિટિશ નૌકાદળમાં એડમિરલ હતા અને બ્રિટનનાં અગ્રગણ્ય પરિવારોમાં એમના કુટુંબની પણ ગણના થતી હતી.

મૅડેલીનની જીવનયાત્રાને તપાસતાં જણાય છે કે, વિશેષત: એમની આખીય યાત્રા વ્યથાની છે. સુખી કુટુંબજીવન ને પ્રકૃતિના પ્રેમાળ સ્પર્શની વચ્ચે ઊછરતી મૅડેલીનને જીવનના પાંચમા વર્ષથી જ એક પ્રકારનો અજંપો પીડ્યા કરે છે. પ્રકૃતિને ચાહતી મૅડેલીન પેલી પારના જગતને ઝંખે છે. દેવળની પ્રાર્થના તેના મનમાં અનેક પ્રકારના સવાલો જગાવે છે. આ સવાલોને દૂર રાખવા એ આજુબાજુના જગતમાં ખોવાઈ જવા મથે છે ને તેમ છતાં અવારનવાર કોઈ અજ્ઞાત તત્ત્વ તેને ઘેરી વળે છે. એની સમવયસ્ક સખીઓથી એના રસના વિષયો જુદા પડે છે ને મૅડેલીનમાં એક પ્રકારનું અળગાપણું વિકસતું જાય છે.

પંદરમા વર્ષની ઉંમરે પિયાનો શીખતી મૅડેલીનનો માર્ગ જર્મન સંગીતકાર બિથોવનની એક તરજથી ઝળહળ થઈ ઊઠે છે. મૅડેલીનના સુષુપ્ત ચિત્તમાં પડેલું કશુંક તત્ત્વ એક આકાર ધારણ કરે છે. પણ આકાર ધારણ કરતું તત્ત્વ તેની વેદનામાં વૃદ્ધિ કરતું બની રહે છે. બાહ્ય દૃષ્ટિએ તો મૅડેલીન પહેલાંની જેમ જ જીવે છે. પણ તેનું આંતરજગત છિન્નભિન્ન બને છે. આ અરસામાં પિતાની બદલી કમાન્ડર ઇન ચીફ તરીકે હિંદુસ્તાનમાં થયેલી, અને ત્યારે કેટલોક સમય તેઓ પિતાની સાથે ભારતમાં રહેલાં. પણ અંગ્રેજ અફસરો અને શાહી ઠાઠની વચ્ચે વીતેલા બચપણમાં કુ. સ્લેડને આ દેશની પ્રજા અને તેની સાચી સ્થિતિનો ખ્યાલ આવવો સંભવિત નહોતો. પણ એમના વ્યક્તિત્વમાં પ્રકૃતિપ્રેમ, દીનદલિતો પ્રત્યે કરુણા અને આધ્યાત્મિક ખોજ પ્રતિનું વલણ તો ત્યારથી જ નજરે તરી આવતું હતું. ભારતની આ પ્રથમ મુલાકાત જે પાછળથી મૅડેલીનના જીવનની દિશા બનવાની હતી એ જ ભારતમાં આવવાનું એ સમયે મૅડેલીનને અકારું લાગે છે.

યુવતી બનેલી મૅડેલીને મથામણના સમયગાળા દરમ્યાન પોતાની અંદર વિકસી રહેલા યૌવનને પણ તટસ્થ થઈને જોયું છે. સ્ત્રીસહજ વૃત્તિઓ તેમને ભાગ્યે જ જાગી છે; છતાં ક્યારેક ઊઠેલા તરંગો તત્કાળ શમી પણ ગયા છે. બે વ્યક્તિઓ તેમના જીવનમાં એવી પણ આવી છે જેમના પ્રત્યે તેમણે આંશિક રીતે કોમળ લાગણીઓ અનુભવી હોય. એમાંના એક તે સ્કોટલૅન્ડના વતની સંગીતકાર લેમન્ડ. તેમના પ્રત્યેની લાગણીને આલેખતાં

પાછળથી મીરાંબહેને નોંધ્યું છે : 'બહારથી તો બધું બરાબર ચાલતું હતું પણ થોડા વખતમાં માનસિક તોફાનની અગ્નિપરીક્ષા શરૂ થઈ... લેમન્ડ સાથેના સુખદ સહવાસમાં સ્વપ્નમાં પણ કલ્પી ન હોય એવી લાગણીઓ મનમાં ઊગવા-માંડી...' આવી ક્ષણોને પણ અજ્ઞાત જગત પ્રત્યેનાં આકર્ષણને લઈને મૅડેલીન પાર કરી ગયાં. બીજી વ્યક્તિ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાની પૃથ્વીસિંહ આઝાદ હતા. આઝાદે મીરાંબહેન પ્રતિ લાગણીનો ઝોક ન દર્શાવતાં એમાંથી પણ મીરાંબહેન બહાર નીકળી શક્યાં. મીરાંબહેને પોતામાં જાગેલી માનવસહજ વૃત્તિઓને ટાળી નથી, પણ દૃષ્ટાભાવે પોતામાંથી પસાર થવા દીધી છે. આ જ કારણે તેઓ ગાંધીજી જેવા ગુરુને જીતી શક્યાં છે.

મૅડેલીનના જીવનમાં મુખ્યત્વે ત્રણેક વળાંક આવ્યા છે. બિથોવનના સંગીતે તેમને બિથોવનના ચરિત્રકાર રોમાં રોલાં પાસે જવા પ્રેર્યાં; રોલાંએ તેમને 'બીજા જીસસ' મહાત્મા ગાંધી પાસે મોકલ્યાં, જ્યાં તેમણે જીવનમાં ચોત્રીસ વર્ષ વીતાવ્યાં ને અંતે ફરી બિથોવનની જન્મભૂમિ વિયેનામાં તેમણે આકર્ષણ ને શાંતિ અનુભવ્યાં. લાંબા જીવનપટમાં મળેલા ત્રણ મહાન ગુરુઓના સિદ્ધાંતોને પચાવીને મીરાંબહેને ઉત્તમ શિષ્યત્વને પ્રમાણિત કર્યું. આ ત્રણે મહાપુરુષોમાં મહાત્મા ગાંધી તેમનું કાયમી આશ્રયસ્થાન બન્યા. તેનું કારણ આપતાં મૅડેલીન નોંધે છે : 'અહીં આપણે એક મહાન આત્માની સન્મુખ હતા જે શરીર અને વાણી દ્વારા પોતાને પ્રદર્શિત કરતો હતો. તે આત્મા ઉદાત્ત અને કુદરતી નમ્રતાથી ઝળકતો હતો. સાથોસાથ તેમની હાજરીમાં શાંત છતાં આત્મશ્રદ્ધાથી પરિપૂર્ણ એક સર્વવ્યાપી આધ્યાત્મિક શક્તિનો પણ ભાસ થતો હતો. આમ છતાં તેમનામાં નિર્દોષ અને અજેય વિનોદશક્તિ પણ હતી. કોઈ ગાઢ જંગલમાં ઝાડનાં પાંદડાંમાંથી સૂર્યનો પ્રકાશ વારંવાર ડોકિયાં કરે તેવી રીતે આ વિનોદ પણ ઝળક્યા કરતો હતો. આને લઈને તેમનું આખું વ્યક્તિત્વ ખૂબ જ અંતઃસ્પર્શી તેમજ માનવતાથી ભરેલું હતું.' ગાંધીજીનું આ મૂલ્યાંકન વધારે સાચું એટલા માટે લાગે કે એ એક પરદેશી વ્યક્તિએ કરેલું છે.

જીવનના તેત્રીસમા વર્ષે, બરાબર અઠ્યાવીસ વર્ષના મંથનકાળ પછી મૅડેલીને દેશ, વેશ ને કુટુંબ છોડીને તદ્દન અજાણ્યા પ્રદેશમાં, અજાણી વ્યક્તિને ચરણે પોતાનું આયુષ્ય ધરીને આધુનિક મોહનની મીરાં બનવાનું સાહસ ખેડ્યું. ભારતમાં આવતાં પહેલાં એમણે આશ્રમના તિતિક્ષામય જીવન માટે પૂર્વતૈયારી કરવા માંડી. મદ્યપાન અને માંસાહાર છોડી દઈ ભોંય પર સૂવા-બેસવાની પણ ટેવ પાડવા માંડી. રૂ મળતું નહોતું એટલે તેઓ ઊન પર કાંતતાં શીખ્યાં. આમ, ખડતલ જીવન જીવવા માટે એક વર્ષ સુધી પોતાની જાતને તૈયાર કરીને તેઓ ઈ.સ. ૧૯૨૫ના નવેમ્બર મહિનામાં ભારત આવ્યાં.

એ ક્ષણને કંડારતાં દૃષ્ટાભાવે મીરાંબહેને નોંધ્યું છે : 'પોતાની અંદરની ઊંડી લાગણીઓને બહાર પ્રગટ ન થવા દેવી એ અંગ્રેજોની નોંધપાત્ર પરંપરાગત ખાસિયત છે. આ કારણે વિદાયની વેળાએ કોઈએ આંસુ ટપકવા દીધું નહીં... દરેકને જાણે સમજાઈ ગયું હતું કે આ મારી આધ્યાત્મિક જરૂરિયાત હતી.' માતા-પિતા સાથે મૅડેલીનનું આ છેલ્લું મિલન હતું.

ગાંધીજીએ એમને પોતાની દીકરી બનાવી આવકાર્યાં ને

ગાંધીજી સાથે મીરાંબહેન



માર્સેલ્સ બંદરે ગાંધીજી સાથે ઊતરતાં



મીરાંબહેન એવું નામ આપ્યું. બસ તે દિવસથી આરંભીને છેક ૧૯૪૮માં ગાંધીએ ચિર વિદાય લીધી ત્યાં સુધી મીરાંબહેન ગાંધીજી સાથે એમની દરેક પ્રવૃત્તિમાં એકરત થઈ રહ્યાં. સત્યાગ્રહના આરંભના દિવસો, મીઠાના સત્યાગ્રહથી માંડી ગાંધીજીની વાઈસરૉય સાથેની મુલાકાતો, ગોળમેજી પરિષદ અને બીજા વિશ્વયુદ્ધના કાળની ચળવળો વગેરે સુધી બધો વખત એ શાંત, અનાસક્ત મહિલા ભારત દેશના લોકો સાથે એકરૂપ બની તેમનાં સુખદુઃખમાં ભાગીદાર બની રહેલાં. આમ, સંન્યાસની ભાવનાને મૅડેલીને એવી તો નભાવી જાણી કે પિતાના મૃત્યુના સમાચાર પછી પણ માતા પાસે જવાનો તેમને વિચાર સુધ્ધાં ન આવ્યો; એટલું જ નહીં, ગોળમેજી પરિષદ સમયે ગાંધીજી સાથે લંડન ગયેલાં મીરાંબહેને પોતાના બાળપણની પ્રિય જગા મિલનકીથ પાસેથી પસાર થવા છતાં એનો ઉલ્લેખ સુધ્ધાં ન કર્યો !

ગાંધીજીના સહવાસે મીરાંબહેનને સમૃદ્ધ પણ કર્યાં છે ને ક્યાંક પીડા પણ આપી છે. એક બાજુથી ગાંધીજીએ મીરાંબહેનને અપાર પ્રેમ આપીને મીરાંબહેનના સંન્યાસને એક અર્થ આપ્યો છે. અલબત્ત, આ પ્રકારનો ભાવ ગાંધીજીએ ભાગ્યે જ વ્યક્ત કર્યો છે. એકાદ-બે જગાએ આડકતરી રીતે મીરાંબહેનનું તેમણે જે પ્રકારનું મૂલ્યાંકન કર્યું છે એ વિરલ છે. લંડનમાં રોમાંને મળતાં ગાંધીજીએ બિથોવનનું સંગીત સંભળાવવા કહ્યું, કેમ કે બિથોવનને કારણે ગાંધીજીનો મીરાં સાથે સંબંધ બંધાયેલો તેથી બિથોવન પ્રત્યેની કૃતજ્ઞતા ગાંધીજીએ આ રીતે વ્યક્ત કરવા જણાવ્યું ! મૅડેલીનમાં રહેલાં હીરને પારખતા મહાત્માએ નોંધ્યું છે : 'આપણા બધામાં એમનું હૃદય સૌથી વધુ પવિત્ર છે. જાણી જોઈને અસત્ય નહીં બોલનાર, એ અર્થમાં એ સત્યવક્તા છે એમ માનીએ તો, એણે સર્વ પ્રકારના પાશવી વિકારો તજ્યા છે... મીરાંની શ્રદ્ધા મહાદેવની શ્રદ્ધા કરતાં ચડિયાતી છે. મીરાં મારામાં એકેય મર્યાદા જોતી નથી. કોઈ એક જીવતા મનુષ્યમાં કોઈ દોષ નથી એવું જોવાની શક્તિ હોય તો એ ઈશ્વરી બક્ષિસ કહેવાય. આ સિદ્ધિ કંઈ બુદ્ધિસાધ્ય નથી. આજે આપણી આજુબાજુ ચાલી રહેલાં ધતિંગો, સાથે આપણે આ અમૂલ્ય પ્રાપ્તિની ભેળસેળ કરવી જોઈએ નહીં.'

મહાત્મા પાસેથી આવી અંજલિ પામતાં મીરાંબહેનની પોતા પ્રત્યેની વિરલ રતિને પણ ક્યાંય આસક્તિ ગણાવીને ગાંધીજીએ મીરાંબહેનને રાગમુક્તિનો કડક પાઠ પણ ભણાવ્યો છે. મીરાંને વારંવાર પોતાથી દૂર રાખીને ગાંધીજીએ એક પત્રમાં તેનું કારણ પણ જણાવતાં કહ્યું છે : 'શરીર-ધરાવતા મને વળગીશ નહીં. અશરીરી આત્મા તો હંમેશાં તારી સાથે જ છે... એ આત્મા પેલા હાડચામના શરીરમાં પુરાઈ રહેલા અને શરીરને વારસામાં મળેલી બધી મર્યાદાઓથી રુંધાયેલા આત્મા કરતાં ઘણો મહાન છે. આપણે આને જ સાધવાનો છે. પરંતુ તેનો અનુભવ અનાસક્તિ વિના શક્ય નથી. એ અનાસક્તિ કેળવવાનો તારે પ્રયત્ન કરવો જોઈએ.' મીરાંબહેનનું જે તપ છે તે આ છે. અનાસક્તિની ગાંધીકથેલી તાલીમ મીરાંએ એટલી તો કઠોરતાથી કેળવી કે ગાંધીજીના અંતિમ દર્શને પણ તેઓ ન ગયાં. તેમની વિકાસયાત્રાનું આ કદાચ અંતિમ ચરણ હતું.

રોમાં રોલાંએ મીરાં પાસે ગાંધીજીનો પરિચય 'બીજા જીસસ' તરીકે આપેલો. આ વાતની પ્રતીતિ મીરાંને પૂરેપૂરી થયેલી તેનો અણસાર ગાંધીજીને મીરાંબહેને આપેલી અંજલિમાં જોવા મળે છે : 'લાંબા વખતથી ચાલતી બાપુના આત્માની યાતનાનો અંત આવ્યો. ઈશુના શરીરને ફાંસીએ ચઢાવ્યું હતું તેવી રીતે આ વેદના પણ પૂરી થઈ. માનવજાતિ ઉપરના પ્રેમ ખાતર સ્વેચ્છાએ કરેલું આ અંતિમ બલિદાન જ્યાં બીજું બધું નિષ્ફળ જશે ત્યારે વિજય પામશે...'

દેશને સ્વાતંત્ર્ય મળ્યા બાદ ભારત સરકારની નીતિ ગાંધીજીના ગ્રામલક્ષી વિચારોને ચાતરી જતી લાગતાં, એ અંગે ખેડૂતોમાં જાગૃતિ પ્રકટાવવા ઉત્તર પ્રદેશના ઘણા ભાગોમાં મીરાંબહેન જાતે ફરી ફરીને ગાંધીવિચારનો પ્રસાર કરતાં. 'બાપુરાજ' નામે જુદી જુદી ભાષામાં એક પત્રિકા પ્રસિદ્ધ કરી કરીને બધે વહેંચતાં. પણ આ બાબતે સ્વાર્થી નેતાઓએ તેમને સાથ-સહકાર આપ્યો નહીં. આ પછી તેઓ તેહરીથી થોડે દૂર પીલાની નામના ગામે એક નાના આશ્રમમાં રહ્યાં.

પ્રકૃતિપ્રેમી તો એ હતાં જ, પશુપ્રેમ પણ એવો જ હતો અને ગાંધીવિચાર પ્રમાણે ગ્રામોદ્ધારનાં કાર્યોમાં ખેતીની સાથોસાથ પશુપાલનમાં પણ તેમને એટલી જ શ્રદ્ધા હતી. ઉત્તરમાં હૃષીકેશ નજીક એમણે પશુલોક નામે આશ્રમ સ્થાપેલો. અને ગાંધીજીએ એમના માટે કરેલી વ્યવસ્થા પ્રમાણે એમને જે અમુક રકમ મળતી તેમાંથી તેઓ સાદું જીવન જીવતાં.

સ્વરાજનો આ દેશમાં જે રીતે ઉપયોગ થતો હતો તે તેમના મત પ્રમાણે ગાંધીજીની કલ્પનાના સ્વરાજથી બહુ ભિન્ન લાગતો. ગાંધીજીનાં આ ચુસ્ત અનુયાયીને એ સ્વીકાર્ય નહોતું. અંતે તેઓ ઈ.સ. ૧૯૫૬માં ભારત છોડી યુરોપ ચાલ્યાં ગયાં અને વિયેના નજીક એક આશ્રમ સ્થાપીને લેખનવાચન, ગોપાલન ઈત્યાદિ પ્રવૃત્તિઓમાં લાગી જઈ ગાંધીઆશ્રમમાં રહેતાં એ રીતે રહેવા લાગ્યાં.

મહાત્મા પાસેથી મૅડેલીને જે મેળવ્યું એનાથી એમની માંગ પૂરી સંતોષાઈ નથી. સેવા કરવાની તેમની ખેવના પૂરી થઈ પણ પાંચમા વર્ષે સંભળાયેલો અધ્યાત્મનો સાદ તો ફરી તેમને બિથોવન ભણી જ ખેંચી ગયો છે. આ વાતનો મૅડેલીને નિખાલસ એકરાર કર્યો છે : (અનુસંધાન પૃ. ૯૨ ઉપર)

અશીર્ષક

ડૉ. ઓમપ્રકાશ કેજરીવાલ

અનુવાદ : કલ્પના પાલખીવાળા

તમે બધાં કાલે સવારે મારી પ્રતીક્ષા કરશો પણ હું આવીશ નહીં. 'કાલે સવારે' શા માટે? મારે 'આજે સવારે' જ કહેવું જોઈએ, કારણ કે અત્યારે રાતના બે વાગ્યા છે. આમ તો આટલી મોડી રાત સુધી જાગતા રહેવું મારા માટે કોઈ અસાધારણ વાત નથી. હું મારો અભ્યાસ અને લેખનકાર્ય મોટે ભાગે મોડી રાતે જ કરતો આવ્યો છું. પણ આજની વાત જુદી છે. આજ રાતની આ નિસ્તબ્ધતા જાણે મારા હૈયા સોંસરવી ઊતરી ગઈ છે. આ નિસ્તબ્ધ અને આ કાજળ-શું અંધારું!

આ નિસ્તબ્ધતા અને ગાઢ અંધકારમાં હું આ લખી પણ રહ્યો છું અને સવારે જે ઘટવાનું છે, એનો નજર સમક્ષ તાદૃશ ચિતાર પણ જોઈ રહ્યો છું.

હું જોઈ રહ્યો છું કે 'રવીન્દ્ર સદન'નો એ વિશાળ સભાખંડ ખીચોખીચ ભરાઈ ગયો છે. લો, આ રાજ્યપાલ અને મુખ્યમંત્રી પણ પહોંચી ગયા છે. આજના સમારંભની અધ્યક્ષતા માટે નોબેલ પુરસ્કાર-વિજેતા અને હાલ લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સના અધ્યક્ષ અને મારા ખૂબ જૂના મિત્ર બિલ સિમ્પસનને મારા જ અનુરોધથી બોલાવવામાં આવ્યા છે. એ તો પહેલેથી જ પહોંચી ગયા છે. હવે હું જોઉં છું કે બધા જ વિશેષ અતિથિઓ આવી ગયા છે અને કેવળ મારી પ્રતીક્ષા થઈ રહી છે. પણ મેં હમણાં જ કહ્યું ને, તમે બધાં મારી પ્રતીક્ષા કરતા હશો, પણ હું આવીશ નહીં.

હવે હું જોઈ શકું છું કે સભાખંડની મોટી ઘડિયાળના કાંટા ધીરેધીરે દસ તરફ આગળ વધી રહ્યા છે. મારા હજી સુધી નહીં પહોંચવાને કારણે લોકો ધીરા અવાજે માંહોમાંહે ચર્ચા કરવા લાગી ગયા છે.

લો, દસ વાગી ચૂક્યા અને હું પહોંચ્યો નથી. અને આને કારણે જે ગુસપુસ થઈ રહી છે એ સાંભળી યે શકાય એમ છે. આયોજકોમાંથી એક આયોજક આ વિશેષ અતિથિઓ પાસે આવે છે. ચહેરા પર એક પ્રશ્નચિહ્ન લઈને બિલ સિમ્પસન એને કહે છે : 'I have never, never known him to be late for a meeting. Will, let us wait for another five minutes.'

અને ધીરેધીરે આ પાંચ મિનિટ પણ વીતી ગઈ. આમેય કોઈ પણ સમારંભ દસ-પંદર મિનિટ મોડો શરૂ થાય, એ કંઈ નવાઈ નથી ખાસ કરીને આપણા ભારત દેશમાં!

પણ બધા જાણે છે કે આજનો સમારંભ કોઈ સામાન્ય સમારંભ નથી. રાજ્યના પ્રમુખતમ લોકો સિવાય કેટલાય વિદેશી વિશેષજ્ઞો તથા સન્માનિત વ્યક્તિઓ ભાગ લેવા આવી છે. અને આવા સમારંભો ક્યારેય મોડા શરૂ નથી થતા.

હવે પાંચ મિનિટ નહિ, દસ મિનિટ થઈ ગઈ અને હું પહોંચ્યો નથી. સિમ્પસનસાહેબ આયોજકોમાંથી એકને ઇશારો કરીને બોલાવે છે અને કહે છે : There seems to be something seriously wrong. Pleae send someone to his hotel room to check. હવે સભાગૃહમાં મારા નહીં પહોંચવાની વાત એક યા બીજા રૂપે ચારે તરફ સંભળાઈ રહી છે.

પણ હું પહોંચવાનો નથી.

હવે શું થશે? હોટેલમાં નીચે બેસીને મારી પ્રતીક્ષા કરનારા લોકો મને શોધવા મારા રૂમમાં આવશે. હું જોઉં છું કે આપ આવીને મારા રૂમની ઘંટડી વગાડશો. એક વાર... બીજી વાર... ત્રીજી વાર... ધીમેથી, પછી એક લાં... બી ઘંટડી, અને ત્યારેય કોઈ પ્રતિક્રિયા નહીં થાય, ત્યારે આપનામાંથી જ કોઈ આગળ આવી દરવાજાને હળવેકથી હડસેલશે. અને આપને અનહદ આશ્ચર્ય થશે કે દરવાજો આમ સરળતાથી ખૂલી ગયો. ત્યાર બાદ આપ સૌ અંદર આવશો... રૂમમાં ચારે બાજુ નજર નાખશો.

પણ હું દેખાઈશ નહીં.

આપને દેખાશે મારો એક પત્ર.

હું પહેલાં પણ કહી ચૂક્યો છું... આપ મારી પ્રતીક્ષા કરશો પણ હું આવીશ નહીં.

આજે તો મારા જીવનનો સૌથી મહત્ત્વપૂર્ણ દિવસ હતો. આજે મારી વર્ષોની મહેનતનું, તપસ્યાનું ફળ મળવાનું હતું. આમ જુઓ તો ફળ તો મને પરમ દિવસે જ મળી ચૂક્યું છે જ્યારે સમાચાર મળ્યા કે આ વર્ષનો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર- વિજેતા હું જ છું. મારા માટે તો આ મહાન ઘટના હતી, મારા દેશ માટે પણ; અને માત્ર દેશ માટે નહીં, સમગ્ર ત્રીજા વિશ્વના દેશ-સમૂહો માટે પણ! કારણ, અત્યાર સુધી પ્રથમ વિશ્વની સંપૂર્ણ તાકાતોએ ભેગા મળીને આ ક્ષેત્રને નોબેલ પુરસ્કારથી સફળતાપૂર્વક વંચિત રાખ્યું હતું. અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં નોબેલ પુરસ્કાર છેલ્લાં પચ્ચીસ વર્ષથી અપાય છે. ૧૯૬૯માં આરંભાયેલા પુરસ્કારોની શૃંખલામાં અત્યાર સુધી ૩૬ વિદ્વાનોને આ પુરસ્કાર મળી ચૂક્યો છે, જેમાં ૨૩ તો માત્ર અમેરિકી છે, ઇંગ્લૅન્ડના છ, નોર્વેના બે અને સ્વીડનના બે વિદ્વાનો. આ સિવાય નેધરલૅન્ડ્ઝ, ફ્રાન્સ અને જર્મનીના એક એક વિદ્વાન. ને વધુ એક સોવિયેત સંઘના શખ્સ. આ બધા વિદ્વાનોએ વિકસિત દેશની સમસ્યાઓ પર જ ધ્યાન આપ્યું હતું. વિશ્વનો આટલો મોટો હિસ્સો ભૂખ, ગરીબી, દુષ્કાળથી

ગ્રસ્ત હતો, પણ એનો અભ્યાસ કરવાવાળા એમનાથી વેગળા હતા. પણ મેં તો એમને જ મારા અધ્યયનનો વિષય બનાવ્યા અને મારું આજ સુધીનું સમગ્ર જીવન એમાં વીતાવ્યું. ત્રીજા વિશ્વના દેશોમાં અનાજની શી સમસ્યા હતી, આ સમસ્યાનો દરેક દેશમાં વધતી વસતી સાથે શો સંબંધ હતો, એ કઈ સીમા હતી જ્યાં પરિસ્થિતિ દુષ્કાળનું રૂપ ધારણ કરી લેતી હતી, આ બધા હિસાબ-કિતાબમાં પ્રત્યેક દેશની રાજનીતિની શી ભૂમિકા હતી અને આ ભૂમિકાની વિકસિત દેશોની રાજનીતિ સાથે કઈ રીતે તુલના કરી શકાય - આ બધા પ્રશ્નો પર હવે હું વિશ્વનો સૌથી મોટો વિશેષજ્ઞ ગણાવા લાગ્યો હતો. મેં વારંવાર મારા લેખોમાં આ જ વાત પર ભાર મૂક્યો છે કે અનાજના મામલામાં સમગ્ર વિશ્વને એક જ ગણવામાં આવે. વિશ્વના કેટલાય દેશો ભૂખમરાની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા, એ સમયે વિકસિત દેશોમાં અનાજના ભાવ ઊતરતા રોકવા લાખો ટન અનાજ સળગાવી દેવામાં આવતું હતું. મારી આવી ટીકાને કારણે કેટલાક વિદ્વાનોએ મને 'વિશ્વનો અંતરાત્મા' (Conscience of the world) કહેવાનું શરૂ કર્યું હતું.

આ બધાં કારણોને લીધે હું એક એવા નિશ્ચિત સ્થાન પર પહોંચ્યો હતો કે કેટલાક વિદ્વાનોના કહેવા મુજબ આ વર્ષનો નોબેલ પુરસ્કાર જો મને એનાયત ના થયો હોત તો પુરસ્કારની ગરિમા તથા સચ્ચાઈ પર જ પ્રશ્નચિહ્ન મુકાઈ જાત. વાત તો એવી પણ સાંભળવામાં આવી કે પુરસ્કાર સમિતિના સભ્યો વચ્ચે મારા નામે ઘણી ગરમા-ગરમી અને ચડસા-ચડસી રહી. કેટલાક લોકોનું કહેવું હતું કે એક તરફ તો એક ભારતી ઊભો છે કે જેણે નોબેલ પુરસ્કારોના ઈતિહાસમાં એક કીર્તિમાન સ્થાપ્યો છે. એ વાતનો કીર્તિમાન કે પુરસ્કાર-વિજેતાઓમાં એકમાત્ર એ જ રહ્યો, જે નામ અંગે એક પણ સદસ્યે અસંમતિ જાહેર નહીં કરી. બધાની સંમતિ હતી. - રવીન્દ્રનાથ અને બીજા કિનારે હું ઊભો હતો. જેના નામે પુરસ્કાર સમિતિના સભ્યો વચ્ચે આટલી લાંબી ચર્ચા આજ સુધી ક્યારેય નથી ચાલી. આટલો ઝઘડો, આટલો વિવાદ ક્યારેય નથી થયો.

પણ આખરે મારું નામ માન્ય રાખવું જ પડ્યું, કારણ કે એક ડર પેસી ગયો હતો - મને મૂકીને કોઈ અમીર દેશના અર્થશાસ્ત્રીને પુરસ્કાર આપવાથી ક્યાંક વિકસિત અને પછાત દેશો વચ્ચે રાજનીતિ બગડવાનું કારણ ન બની જાય! જે લોકો મારા નામનો વિરોધ કરી રહ્યા હતા, એમને આખરે ઝૂકવું જ પડ્યું. પરમ દિવસથી જ આ સમાચાર સમગ્ર વિશ્વમાં દાવાનળની જેમ પ્રસરી ગયા હતા - આ વર્ષનો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર ત્રીજા વિશ્વના એક વિદ્વાનને!

જેવા આ સમાચાર અહીં પહોંચ્યા કે બસ ટેલિગ્રામ અને ટેલિફોનની તો જાણે રફતાર શરૂ થઈ ગઈ. જાણીતા-અજાણ્યા, મિત્રો, સગાં, હિતેચ્છુઓ, મને ચાહનારા, નહિ ચાહનારા, મારું ભલું ઇચ્છતા, મારી બુરાઈ વાંછતા, મારા પ્રત્યે સમભાવ રાખતા, મારી ઈર્ષ્યા કરતા એવા તમામ લોકોએ પોતપોતાની રીતે મને અભિનંદન આપ્યાં. હું માત્ર એક જ દિવસમાં બીજા જ આકાશમાં ઊડવા લાગ્યો. એવું લાગતું હતું કે જાણે મારા પગ ધરતી પર છે જ નહિ. મારા સમગ્ર શરીરમાં એક અજબનો નશો, એક અજબની ખુમારી છાઈ ગઈ હતી.

અને ત્યાર બાદ આપ સૌએ ભેગા મળીને આ સભાનું આયોજન કર્યું, દેશના મહાન સપૂતનું સન્માન કરવા. એ વિચારતાં જ આશ્ચર્ય થાય છે કે, આજના જમાનામાં એક જ દિવસમાં શું શું નથી થઈ શકતું? એક જ દિવસમાં વિદેશોમાંથી કંઈ કેટલાયે વિદ્વાનો, વિશેષજ્ઞો તથા મુખ્ય છાપાંઓના પત્રકારો આવી પહોંચ્યા. મેં જ અનુરોધ કર્યો હતો કે, આ સમારંભની અધ્યક્ષતા માટે શ્રી બિલ સિમ્પસનને નિમંત્રવામાં આવે. બિલ કેટલાંય વર્ષોથી મારો મિત્ર રહી ચૂક્યો છે, મેં મારો કોઈ પણ લેખ પ્રકાશિત થતાં પહેલાં એને ચોક્કસ બતાવ્યો છે, એણે દરેક તબક્કે મને મદદ કરી છે. મને ખાતરી હતી કે, ઓછામાં ઓછું બિલ તો મારા વિશે એના હૃદયમાંથી સ્ફુટ થતી સાચી વાત જ કહેશે. આ રાજકારણીઓનું શું - એ રાજ્યપાલ - મુખ્યમંત્રી, સંસદ-સદસ્ય બધા મારી પ્રશંસા તો કરશે જ. પણ એ બધામાં એક બનાવટનો, એક જૂઠનો પરદો હશે.

ખેર! હવે શું થશે, એ તો હું નથી જાણતો. કારણ આજની સભામાં તો હું રહીશ નહીં, એનું બિલને ખૂબ દુઃખ થશે. બીજા બધા આ રાજ્યપાલ, મુખ્યમંત્રી અને અન્ય રાજકારણીઓ - બધા પોતપોતાની જૂઠી - ફરેબી - ગંદા રાજકારણવાળી જિંદગીમાં પાછા લીન થઈ જશે અને એકાદ કલાકમાં તો મને ભૂલી પણ જશે.

પણ આ બધું તો આજે સવારે મોડેથી થશે. હું તો આપને કારણ જણાવતો હતો કે શા માટે આપ બધા પ્રતીક્ષા કરશો અને હું પહોંચીશ નહીં.

આજે સાર્વજનિક રીતે મારું સન્માન થવાની વાત તો હતી જ. જ્યારે પુરસ્કારના સમાચાર પહોંચ્યા ત્યારે મારાં અત્યંત નજીકનાં સગાંઓ, સહયોગીઓ અને મિત્રોએ આજની સભા પહેલાં જ એક નાનકડી પાર્ટી યોજી હતી. અને જે બન્યું એ મારી અજાણતાં જ બન્યું. મને તો બપોરે મારી પ્રિય ભત્રીજી રમાના ટહુકાથી, કે 'બાબા, આજે સાંજે આપનું ડિનર અમારી સાથે પાક્કું. અમે બધાંએ મળીને એક રેસ્તોરાં બુક કરાવી છે. આ પાર્ટી માત્ર આપણા માટે જ છે, એમાં બીજું કોઈ નહીં આવે.' ત્યારે જ ખબર પડી. ને એણે બધાંનાં નામ પણ ગણાવી દીધાં.

મને મારા પાંચ મિત્રોને બોલાવવાની છૂટ હતી. મેં વિશ્વવિદ્યાલયના મારા પાંચ સાથીઓને બોલાવી લીધા. ઉપરાંત ડૉ. ગુપ્તા કે જે મારા હંમેશાં હિતૈષી અને મિત્ર રહ્યા છે, એમને પણ આમંત્ર્યા. બસ, બધાં મળીને ત્રીસેક લોકો હતાં.

સાંજે લગભગ આઠ વાગ્યે પાર્ક સ્ટ્રીટના પેલા પ્રસિદ્ધ રેસ્તોરાંમાં પાર્ટી શરૂ થઈ, જ્યાં હું લગભગ જતો હતો. આઠ વાગ્યે... એટલે કે આઠ કલાક અગાઉની જ તો વાત છે. જો કે આ ક્ષણે મને લાગે છે કે એ યુગો પહેલાંની વાત છે. સાચે જ, આ પાર્ટીમાં જ તો આટલી મોટી ગરબડ થઈ ગઈ. મારું સમસ્ત અસ્તિત્વ જાણે કે બે ભાગોમાં વિભાજિત થઈ ગયું અને એટલે જ તો હું આ લખવા બેઠો છું.

આપ પોતે પણ એ દૃશ્યની કલ્પના કરી શકો છો. સાંજે રોશનીથી ઝળકતા રેસ્તોરાંમાં પાર્ટી જોરદાર ચાલી રહી હતી. મારા બધા મિત્રો જાણે છે કે શરાબ પ્રતિ મારી કમજોરી થોડી વધુ છે. મહેમાનો માટે એટલે જ મોંઘેરા દારૂની વ્યવસ્થા કરાઈ હતી. આમ તો હું 'શિવાસ રીગલ'નો શોખીન છું, પણ આજે તો મારે શેમ્પેન પણ ગટગટાવવો પડ્યો. અરે, આખરે હું એનો હકદાર પણ હતો. મારા જીવનમાં - અને માત્ર મારા જ જીવનમાં કેમ, કોઈ પણ મનુષ્યના જીવનમાં આનાથી મહત્ત્વપૂર્ણ પળ બીજી કઈ હોઈ શકે?

પણ એ એક એવી પળ હતી, અને એ જ પળ વિષે હવે આ લખી રહ્યો છું. સાચે જ, મનુષ્યના જીવનમાં એક ક્ષણ, એક મહુરતનું કેટલું મહત્ત્વ હોય છે! એ એક જ ક્ષણમાં શું - નું શું થઈ જાય છે? મારી સાથે પણ એવું જ બન્યું.

આગળ પણ હું કહી ચૂક્યો છું - પાર્ટી એની ચરમ સીમાએ હતી. થોડી શેમ્પેન પીધા પછી બે પેગ 'શિવાસ રીગલ'ના માર્યા, અને મારા મન-મસ્તિષ્ક પર હલકો નશો છવાવા લાગ્યો. રેસ્તોરાંનો વેઈટર ટેબલો પર ભોજન લાવી ચૂક્યો હતો. મારા માટે તો રમાએ પોતે ઊઠીને મારી પ્લેટમાં ખાવાનું પીરસ્યું. બધું મને ભાવતું જ હતું. એક તો જીવનની આટલી મોટી ખુશી અને આટલા બધા લોકોનો સાથ. મને એ ક્ષણે જ લાગ્યું કે આ બધા મારા માટે જાનની બાજી પણ લગાવી શકે. મારા પર પેલી મદહોશી છવાયેલી હતી ને! સાચે જ, મને લાગ્યું, કોઈ પણ મનુષ્ય પોતાના જીવનમાં આનાથી વિશેષ કઈ વસ્તુની ઇચ્છા કરી શકે?

અને ત્યારે જ આ ઘટના બની.

એ જ પળ, એ જ મહુરત.

મેં તમને કહ્યું ને, પાર્ટી એની ચરમ સીમા પર હતી. એ તો માત્ર સંજોગ હતો કે મને બેસવાની જે જગ્યા અપાઈ હતી તે જગ્યાએથી રેસ્તોરાંની બહારની દુનિયા બરાબર દેખાતી હતી. કારણ એ તરફ ખૂબ મોટી જમીનથી દીવાલ પર થઈ છત સુધી કાચ જડેલા હતા. સમજો, દીવાલ કાચની જ હતી. આછા કાળા રંગના ખૂબ સુંદર કાચ. એમાંથી બહારની દુનિયા દૃષ્ટિગોચર થતી હતી.

ચારે બાજુથી હાસ્યની છોળો ઊડતી હતી અને શોરગુલ સંભળાતો હતો. સમગ્ર વાતાવરણમાં ઉલ્લાસ અને ખુશહાલી છવાયાં હતાં. બધાંએ ભોજન શરૂ કર્યું. ખાતાં ખાતાં વ્હિસ્કીના બે ઘૂંટડા ભરવા મેં ગ્લાસ ઉઠાવ્યો.

અને ત્યારે જ!

પહેલાં તો એ દૃશ્યનો અર્થ હું સમજી ના શક્યો. પણ ધીરે ધીરે એ સમગ્ર અર્થ મારા રૂંવે-રૂંવામાં ઘૂસી, મારા અસ્તિત્વમાં ભરાઈ ગયો. એક ગ્લાસ પાણીમાં મીઠું નાખો તો શું થાય?

મીઠાના કણ પહેલાં તો કેવા ધીરે ધીરે નીચે બેસતા જાય, ને પછી સંપૂર્ણપણે ઓગળી જાય. કંઈક એવું જ થયું મારી સાથે પણ. અને એ દૃશ્ય-કદાચ અરધી મિનિટે ય નહિ ચાલ્યું હોય. પણ એ અડધી મિનિટે તો મારી જિંદગીને જબરદસ્ત વળાંક આપ્યો, એવો વળાંક - એના વિષે જ તો લખવા બેઠો છું.

એ દૃશ્ય અસાધારણ હતું, એવી તો વાત જ નથી, પણ રોજ-બરોજની કઈ ઘટના, કયા મહુરતમાં, કોના જીવન પર, કેવી છાપ છોડી જાય એ કોણ કહી શકે!

જેમ હમણાં જ મેં કહ્યું, મેં દારૂનો મારો ગ્લાસ બે ઘૂંટ ભરવા ઉઠાવ્યો જ હતો. ગ્લાસ હોઠે અડાડ્યો જ હતો ને ગ્લાસની ધારની ઉપર નજર કરી તો - કાચની દીવાલની પેલે પારથી એક ભિખારી અંદર ઝાંકવાની કોશિશ કરતો હતો. બસ આ જ દૃશ્ય હતું.

એનાં કપડાં ચીંથરેચીંથરાં હતાં. કાચની જરાક કાળાશે એનાં કપડાંની ગંદકી વધુ ઘેરી બનાવી દીધી. ઉંમર કેટલી હશે એની - ખબર નથી, પણ ઘરડા જેવો લાગતો હતો. રૂખા-સૂકા વાળ અને એવી જ દાઢી. કદાચ આદતથી મજબૂર જ એનો એક હાથ ફેલાયેલો હતો અને હું જોઈ રહ્યો કે એનો એક હાથ કંપી રહ્યો હતો. બસ - દૃશ્ય અહીં જ સમાપ્ત થઈ ગયું.

ઓહ... એ ક્ષણ લખતાં લખતાં મારી આંખો સામે એ જ દૃશ્ય આવી રહ્યું છે અને મનમાં ઉદ્‌ભવતા એ લાખો સવાલો કે જેમના જવાબો શોધવાની હું કોશિશ કરી રહ્યો છું - પણ મારી સમક્ષ એ પ્રશ્ન ઊભા જ છે, અને સાથે છે મારું ઉદાસ મન. મેં તો મારું સમગ્ર જીવન ગરીબી, ભૂખમરો અને દુષ્કાળના અધ્યયનનાં વીતાવ્યું, પણ સાચા અર્થમાં હું એને ઓળખી-સમજી શક્યો છું ખરો? આજે આ ભિખારીએ

(અનુસંધાન પૃ. ૭૪ ઉપર)



ફિલ્મનું અનુભાવન [૧૬]

હસમુખ બારાડી

ધ્વનિ

તસ્વીર-કલાના માધ્યમ તરીકે ફિલ્મ શરૂઆતમાં 'મૂંગી', એટલે કે નીરવ, કહેતાં silent હતી. સ્થિર તસ્વીરકલાથી આગળ વધીને એને ગતિ આપી શકાઈ એટલા રોમાંચથી જ એના કસબીકલાકારો અને પ્રેક્ષકો એટલા મુગ્ધ અને ધન્ય બની ગયા હતા કે એને ધ્વનિ આપવાનો વિચાર સુધ્ધાં ફિલ્મ માધ્યમના વિકાસના પહેલા ત્રણ દાયકામાં કોઈને ન આવ્યો; એટલું જ નહીં પણ ચિત્રને ચલિત કરવાના પ્રયત્નોને સમાંતર જ ધ્વનિઓને મુદ્રિત અને પ્રસારિત કરવાની કોશિશ જારી રહી તો પણ, અને ફિલ્મમાં દૃશ્ય સાથે ધ્વનિ મૂકવાનું શક્ય બન્યું ત્યારેય, (ચાર્લી ચૅપ્લિન સહિત) અનેક નિર્માતા-દિગ્દર્શકોએ ધ્વનિ ન સ્વીકાર્યો, અને એને 'વિકૃતિ' પણ ગણી. આ સદીના છેક ત્રીજા દાયકામાંય 'રેડિયો પ્રસારણોને લીધે' આખો ફિલ્મ-ઉદ્યોગ પડી ભાંગશે એવો હોગોકીરો પણ થયો હતો.

આજે ચાર્લી ચૅપ્લિન વગેરેની જે આપણે ફિલ્મો જોઈએ છીએ એમાં એની સાથે પછીથી ઉમેરવામાં આવેલું સંગીત પણ ક્યારેક હોય છે. કેટલાંક સિનેમાગૃહોમાં, એ દિવસોમાં, આ મૂંગી ફિલ્મો સાથે લાઈવ (જીવંત) સંગીતની ઑર્કેસ્ટ્રા અને ક્યાંક ક્યાંક તો સંવાદો / કૉમેન્ટરી / સમજણ દરેક શોમાં અપાતી. પરંતુ 'સાયલંટ ફિલ્મ' તરીકે જ નિર્માયેલી એ ફિલ્મોના દિગ્દર્શકો એની ધ્વનિહીનતાની ખોટ પૂરવા કથાનું દૃશ્યાંકન કેવી રીતે કરતા એ સમજવું હોય, તો ધ્વનિનું એ ઉમેરણ સાંભળવાનું બંધ કરી દેવાથી સ્પષ્ટ થશે. તેઓ માત્ર દૃશ્યોથી, અને એ પણ સંકલનની આજની પદ્ધતિઓ અને વિશેષ યુક્તિઓ (સ્પેશ્યલ ઇફેક્ટ્સ) વિના, પોતાનું પ્રત્યાયન બળૂકી રીતે કરતા હતા. પરંતુ જેવું કે ધ્વનિનું Magnetic પદ્ધતિએ મુદ્રણ અને પછી એનું Optical રૂપાંતર શક્ય બન્યું એ સાથે જ દિગ્દર્શકોએ ધ્વનિનો શરૂમાં વાસ્તવિક અને પછી તો સર્જનાત્મક ઉપયોગ કરવા માંડ્યો.

માનવ આંખ અને કેમેરાના લેન્સ વચ્ચેનો તફાવત સમજવા આપણે અગાઉ પ્રયત્ન કર્યો હતો. ('કુમાર', ફેબ્રુ. ૧૯૯૬) અનેક વસ્તુઓમાંથી ઇચ્છિત વસ્તુ પર જે રીતે આપણે આંખને કેન્દ્રિત કરીને એને જરૂર મુજબની 'શોટ સાઈઝમાં ફ્રેમ કરી' એને ચોતરફ નજર ફેરવીને નિહાળી શકીએ છીએ, એ જ રીતે માણસનો કાન (જે સતત ખુલ્લો રહે છે) અનેક ઘોંઘાટો વચ્ચેથી ઇચ્છિત ધ્વનિને પકડી એ મોટે ભાગે સાંભળી શકે છે, બન્ને કાનની દિશા અને સ્થિતિને લીધે અવાજની દિશા પણ નિશ્ચિત કરી શકાય છે, વગેરે. પરંતુ માઈક્રોફોન બધા જ ધ્વનિઓને પકડે છે, એ માનવીના કાનની જેમ પસંદગી કરી શકતું નથી. બિનજરૂરી ધ્વનિને માનવી એડિટ આઉટ કરી (એટલે કે કાઢી નાખી) શકે જ્યારે માઈક્રોફોન તો વક્તાએ બોલવામાં કરેલી ભૂલ અને પછી એણે સુધારેલી સ્પષ્ટતા પણ રેકોર્ડ કરી લે; કારણ કે એ તો વીજાણુ સાધન છે. અલબત્ત, આજે એવાં માઈક્રોફોન વિકસ્યાં છે કે બધી જ દિશાઓમાંથી, તેમ કોઈ પણ બે કે એક જ દિશામાંથી આવતા ધ્વનિને એ રેકોર્ડ કરી શકે; વળી જે તે ધ્વનિની ઉપરની કે નીચેની Frequency કાપી નાખી એને કર્ણપ્રિય બનાવી શકે, તેમજ અનેક ધ્વનિઓને ઇચ્છિત માત્રામાં ભેળવી શકે એવી મુદ્રણ-પદ્ધતિઓ પણ વિકસી છે. આ મિશ્રણ માણસનો કાન કરી શકતો નથી.

ફિલ્મ અને ટેલિવિઝન જેવી દૃશ્ય-શ્રાવ્ય કલાનો ઉદ્દેશ ભાવકોને શક્ય એટલી પૂર્ણતાથી 'વાસ્તવિક્તાનો અનુભવ' કરાવવાનો છે. માણસને કોઈ સ્થળે (દા.ત. નદીકિનારે કે જંગલમાં) ધ્વનિહીનતા સ્વાભાવિક લાગે પરંતુ ફિલ્મના પડદા ઉપર તો નદીકિનારે પાણી વહેવું જ જોઈએ; અને જંગલમાં વૃક્ષો/ પંખીઓના અવાજ સંભળાવા જ જોઈએ. ફિલ્મની 'ફ્રેઈમ થયેલી વાસ્તવિક્તા'માં દૃશ્ય અને ધ્વનિ સાથે હોય એવી, હકીકતે તો, ફિલ્મ દિગ્દર્શકોએ જ પ્રેક્ષકોને પછીય ટેવ પાડી છે! સિવાય કે નીરવ જંગલ કે ધ્વનિહીન પાણીના વહનનો પણ દિગ્દર્શક નાટ્યાત્મક ઉપયોગ કરવા માગતો હોય. બાકી આમ સંજોગોમાં તો 'દૃશ્યને અનુરૂપ ધ્વનિ' એ અફર નિયમ છે.

ફિલ્મ જોતાં આપણે સામાન્ય રીતે ચાર પ્રકારના ધ્વનિઓની ઉચિત ભેળસેળ સાંભળતા હોઈએ છીએ. **માનવ અવાજ** (સંવાદ, કૉમેન્ટરી, ગીત; તેમજ રુદન, હાસ્ય અને ચિત્કારો જેવા માનવ-ધ્વનિઓ વગેરે), **સંગીત** (શાસ્ત્રીય, સુગમ, કંઠ્ય, વાદ્ય, પાર્શ્વ, ગીત સાથેનું સંગીત વગેરે), **ધ્વનિઓ** (દૃશ્યમાન માનવસર્જીત અને યાંત્રિક અને કુદરતી ક્રિયાઓનો વાસ્તવિક ધ્વનિ તેમજ નાટ્યાત્મક પ્રભાવ માટે દિગ્દર્શકે

વિચારેલા પ્રતીકાત્મક ધ્વનિઓ વગેરે) અને નીરવતા, કે જેમાંથી બધા ધ્વનિઓ શરૂ થાય અને જેમાં પૂરા થાય, જેનો ઉપયોગ પણ વિશેષ અર્થ વ્યક્ત કરવા દિગ્દર્શક કરે તે!

ધ્વનિઓના આ ઉપયોગનાં કેટલાં બધાં ઉદાહરણો દેશી-વિદેશી ફિલ્મોમાંથી ટાંકી શકાય. આ રીતે આજે ધ્વનિ ફિલ્મનું મહત્ત્વનું એવું પરિમાણ બની ગયું છે, અને એના કસબી કલાકારોએ એની યંત્રવિદ્યા અને એના ઉપયોગને એટલાં સર્જનાત્મક બનાવ્યાં છે કે ફિલ્મોના Sound Trackને પણ આકાશવાણી પરથી રજૂ કરવામાં આવે છે અને શ્રોતાઓ એ સાંભળીને ફિલ્મ 'જોયા જેવું' અનુભવે છે. (આ પ્રસારણ જો કે અધૂરો કલા-અનુભવ કરાવશે કારણ કે ફિલ્મનો Sound Track એનાં દૃશ્યોને સથવારે સાંભળવા માટે નિર્માયેલો હોય છે; એથી એની ભૂમિકા પૂરક જ હોય; એ રેડિયો નાટક નથી, જે ઉપર ગણાવ્યાં તે ચારેય તત્ત્વોને પ્રયોજી સ્વતંત્રપણે પૂરો નાટ્યાત્મક અનુભવ કરાવે! અલબત્ત, આવા Sound Trackથી એ ફિલ્મ જોવા ભાવકો પ્રેરાય એ વ્યાપારી દૃષ્ટિને આકાશવાણીના કાર્યક્રમ-આયોજકો પરોક્ષ ટેકો આપે છે, કારણ કે આપણા મોટા ભાગના માધ્યમ - નિરક્ષર ભાવકો વિકલ્પહીન સ્થિતિમાં છે!)

ફિલ્મ માધ્યમે શરૂમાં તો એની સંવાદકલા એ વખતના લોકપ્રિય માધ્યમ રંગભૂમિ પાસેથી સ્વીકારી યુરોપમાં, અને એનાં અનુકરણો આપણે ત્યાં, રંગભૂમિ ત્યારે 'બોલકી' હતી. રંગદર્શી- (રોમૅન્ટિક)ને ઓળંગી આવેલી રંગભૂમિ વાસ્તવવાદના પ્રભાવ નીચે નીરવતાથી એટલી ભયભીત બની ગઈ હતી કે સામસામા ફડફડાટ સંવાદોને એ ઉચ્ચ નાટ્યતત્ત્વ ગણતી હતી. બેતબાજીના સપાટાથી જ પાત્રો જીવંત બને એવું નટોએ પ્રેક્ષકોને ઠસાવી દીધું હતું. (Silent ફિલ્મોમાં નાટ્યતત્ત્વ અને નાટ્યાત્મક ક્રિયાએ જે અર્થપૂર્ણતા સિદ્ધ કરી હતી એની અસર તત્કાલીન રંગભૂમિમાં કેમ નહીં પડી હોય એ તપાસનો વિષય છે એટલી આડવાત અભ્યાસુઓ માટે હું ઉમેરું છું.) મોટા ભાગના કલાકારો પણ, વિશેષે આપણે ત્યાં, રંગભૂમિના અનુભવે અને પ્રભાવે સંવાદની નાટકીયતા પર ભાર મૂકતા - લેખન અને અવાજ - પ્રક્ષેપણ (Voice Projection) બન્નેમાં. કે.એલ. સાઈગલ, પૃથ્વીરાજ કપૂર, દિલીપકુમાર, રાજકુમાર વગેરે અસંખ્ય કલાકારો અભિનયની સાથોસાથ વિશિષ્ટ સંવાદો માટે જાણીતા રહ્યા છે. તેમના લેખકોય અલગ હોય, કૉમેડીના કલાકારો અને ખલનાયકો માટે (જૂની રંગભૂમિમાં કવિ મણિલાલ 'પાગલ' જાણીતા હતા તેમ) ખાસ દૃશ્ય લખનારાઓ હોય, જેઓ જે તે નટની રીતભાત અને પ્રક્ષેપણ મુજબ સંવાદો લખતા : દા.ત. ગોપ, ભગવાન, જહોની વૉકર, પ્રાણ, ઓમ શિવપુરી, છગન 'રોમિયો' વગેરે. આજે પણ કેટલીય ફિલ્મોમાં dialogue લખનારા જુદા હોય છે. તેઓ માત્ર જે તે વ્યવસાય, જાતિ, બોલી કે અંચલની લઢણોની વિશિષ્ટતા માટે જ રોકવામાં આવેલા નથી હોતા, તેઓ પાસેથી પાત્રો કરતાં વધુ તો **નટો મુજબ લખવાની** અપેક્ષા વધુ રખાય છે!...

સંગીતના ઉપયોગ અંગે તો ઘણી વખત કેટલાયને એવું લાગ્યું છે કે આપણી ફિલ્મો સંગીતિકા કે ઓપેરા જેવી હોય છે. અસંખ્ય કહેતાં અસંખ્ય ગીતો એવાં તો લોકજીભે ચડ્યાં છે કે છેલ્લા પોણા સૈકામાં ફિલ્મસંગીતને જ 'લોકસંગીત' ગણવું પડે! સાઈગલથી માંડી બપ્પી લાહેરી સુધીના ગીત-સંગીતકારોએ શાસ્ત્રીયથી શરૂ કરી અતિ આધુનિક પોપ સુધીના સંગીતને, સર્જનાત્મક અને વ્યાપારી બન્ને રીતે, પ્રયોજી આપ્યું છે. એવાં ઉદાહરણો પણ નોંધાયાં છે કે, આજે નિર્માતાઓ આઠ ગીતો, દસ ફાઈટ સીન, બે બળાત્કાર અને બે ચેઈઝ સીનનું શુટિંગ કરીને લેખકને કહેતા હોય છે કે, 'હવે આને કથામાં વણીને સંવાદો લખી આપો!'

ફિલ્મ સમય અને એના **સ્થલીય સમયને** સર્જવામાં (જેના વિશે 'કુમાર' નવેમ્બર-૯૬માં ચર્ચા કરી છે) સાઉન્ડ ટ્રેકના અગત્યના અંગ તરીકે સંગીતનો ઉપયોગ થાય છે. સત્યજીત રે, મણિ કૌલ, શ્યામ બેનેગલ વગેરેએ એનો વિશિષ્ટ ઉપયોગ કર્યો છે. પાર્શ્વ સંગીત દૃશ્યને આગવો મિજાજ અર્પે છે, સ્થળને એનો સમય આપે છે, એને અર્થપૂર્ણ બનાવે છે; તો ઘણી વખત સંવાદો વચ્ચેના ખટકા ઢાંકવા પણ પાર્શ્વ સંગીતનો ઉપયોગ થાય છે.

'પથેર પાંચાલી'માં ડોશીના મૃત્યુની માહિતી આપતી વખતે જમીન પર દડતી ધાતુની લોટીના તીવ્ર ખડખડાટથી માંડી ગિરીશ કસારવલ્લીની 'માને' (ઘર)ના કિચુડ કિચુડ થતા જરીપુરાણા પલંગ સુધીની ફિલ્મોમાં એ કલ્પનાશીલ દિગ્દર્શકોએ વાસ્તવિક અને પ્રતીકાત્મક ધ્વનિઓથી પ્રેક્ષકોને 'શ્રોતાઓ' બનાવી દીધા છે!

જેમ શ્વેતશ્યામ કરતાં તસ્વીર રંગીન હોય એ પ્રાકૃતિક છે તેમ દૃશ્યની સાથે ધ્વનિ પણ પ્રાકૃતિક છે, પરંતુ યંત્રવિદ્યાએ પહેલાં ધ્વનિ અને પછી રંગ ઉપલબ્ધ કર્યા ત્યારે કલાકાર-કસબીઓએ એનો સર્જનાત્મક ઉપયોગ કરી વાસ્તવિક્તાનું વધુ ઊંડું તત્ત્વ પણ તાકી બતાવ્યું. ધ્વનિમુદ્રણ (Recording) અને ધ્વનિમિશ્રણ (mixing, re-recording)ની યંત્રવિદ્યાએ ધ્વનિ-મુદ્રક (recordist)ની કલાભૂમિકા કોતરી આપી. હવે તો પ્રેક્ષકોએ કાન સરવા રાખી શ્રોતા નહીં 'ભાવક' બનવું પડે; અને એ કાન સરવા રાખશે તો દિગ્દર્શકનો કાન પણ પકડી શકશે. □

પહેલો અને છેલ્લો સ્ટ્રોક

- બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાના આગમે બજુવાને મળવા કેટલાક જિજ્ઞાસુ અને સત્સંગી માણસો આવ્યા.

તેમાંના મુખ્ય માણસે બજુવાને કહ્યું : 'અમારે આપને થોડા પ્રશ્નો પૂછવા છે, ને આપના સત્સંગનો લાભ લેવો છે.'

હેમરિંગ કરતા હોય તેમ બજુવાએ પહેલો સ્ટ્રોક માર્યો : 'હા, આજે તો સત્સંગ અને આધ્યાત્મિક ચર્ચા એ પણ મનોરંજનનાં પલાયનનાં સાધનો જ જાણે બની ગયાં છે. ખુશીથી પૂછો, જે પૂછવું હોય તે.'

એ માણસે બજુવાને પહેલો પ્રશ્ન પૂછ્યો : 'આપ આપના શિષ્યોને ધ્યાન-પૂજા-પ્રાર્થના કરાવવા માટે મુખ્ય કઈ કઈ બાબતો ઉપર ધ્યાન આપો છો?'

બજુવાએ સ્મિત કરતાં કહ્યું : 'અમે ધ્યાન સિવાય અન્ય કશી બાબતો ઉપર ધ્યાન જ આપતા નથી!'

એટલે બીજા માણસે પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરી : 'હા, એ ખરું... પણ ધ્યાન-પૂજા માટે આપ શિષ્યોને કંઈક શીખવતા તો હશોને?'

'ના, અહીં કશું જ શીખવવામાં આવતું નથી. કારણ જે શીખવવામાં આવે છે તે હંમેશાં ભૂલી જવાતું હોય છે.'

ફરી એ માણસે પૂછ્યું : 'તો પછી શિષ્યોને શું યાદ રાખવાનું હોય છે?'

'એટલું જ કે અહીં કશું યાદ રાખવાનું નહીં, સિવાય હોશ. ક્ષણેક્ષણની સભાનતા.'

'છતાંય ચિત્તમાં સ્મૃતિરૂપે કંઈક તો પડ્યું જ હોય છે, એનું શું?' કોઈકે પ્રશ્ન કર્યો.

'ચિત્તમાં સ્મૃતિરૂપે જે પડ્યું છે, એ જીવંત ત્યારે જ બની શકે, જ્યારે એના તરફ આપણું ધ્યાન જાય. અન્યથા એ ડેડ-નિષ્ક્રિય જ રહે છે. બાકી તો હોશના રસાયણમાં બધું જ ઓગળીને નિઃશેષ થઈ જતું હોય છે.' બજુવાએ કહ્યું.

વળી પાછું કોઈકે પૂછ્યું : 'પણ શિષ્યો આ બધું એની મેળે - સ્વયં સૂઝથી કેવી રીતે સમજી શકતા હશે?'

બજુવા બધાને આંચકો આપતા હોય તેમ બોલ્યા : 'યાદ રાખો - જીવનમાં જે કંઈ સમજી શકાય છે તે એકમાત્ર સ્વયંસૂઝથી જ સમજી શકાય છે, ન અન્યથા. ને સ્વયંસૂઝ પ્રકટે છે એકમાત્ર હોશથી.'

ફરી પ્રશ્ન : 'આપ હોશ કોને કહો છો?'

'જળ જેવી પારદર્શક અને પ્રવાહી જેવી ચેતનાની ઉપસ્થિતિને. આવી ચેતના જ હરેક વસ્તુને પોતાના રંગે રંગીને, એને આત્મસાત્ કરી શકે છે અને જેને આપણે આત્મસાત્ કરી શકીએ, એ જ તો આપત્તિને મુક્ત કરી શકે.'

ફરી પાછો પ્રશ્ન : 'કોઈ પણ વસ્તુ કે ઘટનાને આત્મસાત્ કરવા માટે પણ થોડોક પ્રયત્ન કરવાની આવશ્યક્તા રહેતી હોય એમ શું નથી લાગતું?'

'આ બાબત એકાદ દૃષ્ટાંત આપી સમજાવું - વૉટરકલરમાં ચિત્ર બનાવવું હોય તો બ્રશનો પહેલો અને છેલ્લો સ્ટ્રોક મારતાં આવડે તો જ ચિત્ર જીવંત અને પારદર્શક બની શકે. આ સ્ટ્રોક જેટલો ચિત્રના નિર્માણમાં મહત્ત્વનો બની જતો હોય છે, એટલો જ કલાકારની મુક્તિ માટે પણ મહત્ત્વનો બની જતો હોય છે.' બજુવાએ સ્પષ્ટતા કરી.

વળી એક જિજ્ઞાસુએ દલીલ કરી : 'પહેલો અને છેલ્લો સ્ટ્રોક મારવાની બાબતને શું પ્રયત્ન ન કહી શકાય?'

'ના, એ તો છે ચેતનાની અવધાન-અવસ્થાનું સહજ સ્થિત્યંતર... એકીસાથે થતી, વહેલી અને છેલ્લી ક્રિયા. સમય-સ્થળને અતિક્રમી ચેતનાની શ્રેષ્ઠ અવસ્થાની અભિવ્યક્તિ બની જતી હોય છે.'

ગુરુ બજુવાની આટલી સૂક્ષ્મ સમજાવટ છતાં કેટલાક જિજ્ઞાસુઓ પૂછ્યા વગર ન રહી શક્યા : 'આપની પાસેથી આટલું સમજવા માટે પણ અમારે પ્રયત્ન કરવો પડ્યો, તો પ્રયત્નનું પણ કંઈક મૂલ્ય ખરું કે નહીં?'

બજુવા જરા દુઃખ સાથે બોલ્યા : 'મિત્રો, અહીં મેં તમોને જે કંઈ કહ્યું, એ ખરેખર તમે લોકો સમજી-સાંભળી જ શક્યા નથી.'ને જાણે છેલ્લો સ્ટ્રોક મારતા હોય તેમ તેમણે ઉમેર્યું : 'જળ જેવા પારદર્શક બનવું હોય તો પ્રયત્ન કરવાનો હોતો નથી. હા, બરફ જેવા બનવું હોય તો જરૂર પ્રયત્ન કરવો પડે. ને તમે બધા હજુ પણ બરફ જેવા જ'.... □

સંગીત શાસ્ત્ર-૨

હસુ યાજ્ઞિક

સ્વરો કેવી રીતે જન્મ્યા?

સંગીતનો કક્કો અને બારાક્ષરી તે સા, રે (કોમળ), રે, ગ (કોમળ), ગ, મ, મ, (તીવ્ર), પ, ધ (કોમળ), ધ, નિ (કોમળ), નિ એમ કુલ ૧૨ (બાર) સ્વરો છે. સા અને પ અચળ છે. અર્થાત્ એની સહેજ ઉપર કે સહેજ નીચે જે સ્વર છે તે અન્ય સ્વર છે. 'સા'થી સહેજ નીચે ઊતરો તો એ 'નિ' શુદ્ધ થશે, સહેજ ઉપર અવાજ લઈ જાવ તો તે કોમળ રે બનશે. આ રીતે 'પ' થી સહેજ નીચે ઊતરો તો 'મા' (તીવ્ર મ) આવશે, સહેજ ઉપર જાવ તો તરત કોમળ ધ આવશે. આથી 'સા' અને 'પ' અવિચળ છે. અર્થાત્ એ સ્વરના કોમળ ધ્વનિરૂપ નથી. પરંતુ રે, ગ, મ, ધ, નિ - એ પાંચ સ્વરો એવા છે જેને કોમળ સ્વર છે. આથી સાત શુદ્ધ સ્વર વત્તા પાંચ કોમળ સ્વર મળીને કુલ ૧૨ સ્વર છે.

આ સ્વરો માણસને મળ્યા કેવી રીતે?

માણસે વિવિધ પશુઓ-પક્ષીઓની બોલીઓ સાંભળી. એમના અવાજો સાંભળ્યા. ધ્વનિ સંકેતોનું અનુકરણ કર્યું. સિંહ-વાઘની ઘુરઘુરાટી, પ્રલંબ બનતી ત્રાડ, ચકલીનું આછું ચક-ચક, કોયલ અને મોરના ઊંચે ચડીને નીચે ઊતરતા અવાજો, બુલબુલ - કાગડો - કાબર કબૂતર - હોલો વગેરેના લાક્ષણિક અવાજો, ગાય - ભેંશ - બકરા - ઘોડા - કૂતરા ઇ. પાલતુ પ્રાણીઓના અવાજો સાંભળ્યા. એનું અનુકરણ કર્યું. વનરાજીમાં, ગુફામાં, પર્વતની ધાર પર ઘસાતા પવનના વિવિધ ધ્વનિઓ સાંભળ્યા, વાદળના ગડગડાટ અને કડાકા-ધડાકા સાથે ખાબકતી વીજળીના ઉત્કટ અવાજો સાંભળ્યા, સૂકાં-લીલાં પર્ણોની ધાર સાથે ઘસાતી હવા અને જંગલના સુકાયેલા વાંસમાં જીવડાંએ કોરી ખાઈને પાડેલાં કાણાંમાંથી પસાર થતી હવામાંથી વિવિધ પ્રકારના ધ્વનિઓ સાંભળ્યા. ક્યાંક માણસને માધુર્ય સ્પર્શી ગયું, ક્યાંક એને ભય લાગ્યો, ક્યાંક એના મનમાં ઉત્સુક્તા જન્મી અને ભાષાની શોધ નહોતી થઈ ત્યારે આદિ માણસે એ પશુનો પરિચય આપવા એના ધ્વનિનું અનુકરણ કર્યું. આમાંથી જ કાળક્રમે માણસે ધ્વનિનાં વિવિધ રૂપો જાણ્યાં. પોતાના ગળામાંથી અને અન્ય સાદાં સાધનોનો ઉપયોગ કરીને એવા ધ્વનિઓ પોતે નિષ્પન્ન કરતો થયો. એમાંથી જ તો એના હાથમાં ધ્વનિનું ગણિત આવ્યું.

કયું હતું એ ગણિત?

માણસને કાળક્રમે એ જાણવા મળ્યું કે કોઈ એક સ્થિર અવાજને જ્યારે ક્રમશ: ઊંચે ને ઊંચે લઈ જવામાં આવે છે અને જ્યારે મૂળ અવાજ બેવડાય છે ત્યારે તેમાંથી સાત સ્થળે અવાજનું ઉત્કટતાજન્ય રૂપ બદલાય છે. કોઈ પણ નિશ્ચિત સ્થિર અવાજ જ્યારે દોઢ ગણો ઊંચો થાય છે ત્યારે મૂળ અવાજ ત્રણ જગ્યાએ નવું રૂપ ધારણ કરે છે અને એ દોઢ ગણો અવાજ જ્યારે બમણો બને છે ત્યારે પણ વચ્ચે એ રીતે જ ત્રણ જગ્યાએ મૂળ ઊંચે ચડતો અવાજ બદલાય છે.

આ જ્ઞાનથી માણસને મુખ્ય ચાર સ્વરનું જ્ઞાન થયું :

સા રે ગ મ

અને વેદમાં પણ ચાર સ્વર જ છે. તાત્ત્વિક રીતે પણ જોઈએ તો ચાર જ સ્વર છે. કેમ કે

પ ધ નિ સાં

છે તે પ્રાથમિક જ સ્વરોથી દોઢ ગણો ઊંચે જતો અવાજ છે. એટલે કે 'પ' દોઢ ગણો 'સા' છે.

'ધ' દોઢ ગણો 'ર'

'નિ' દોઢ ગણો 'ગ'

'મ' દોઢ ગણો 'સાં' છે.

અને ત્યારે મૂળ અવાજ છે તે બે ગણો ઊંચો ચડે છે. આ રીતે સા રે ગ મ એ પૂર્વાર્ધ જ ઉત્તરાર્ધમાં

પ ધ નિ સાં

બને છે.

આ 'સા' જ્યારે બેવડો ઊંચો જાય છે ત્યારે વચ્ચે 'ર', 'ગ,' 'મ', 'પ', 'ધ', 'નિ' આવે છે અને તે પછી 'સાં' આવે છે.

આમ, પ્રારંભિક અવસ્થામાં ચાર સ્વરોનું જ્ઞાન થયું. અને એના દોઢ ગણા ઉપરના સ્વરથી બમણા અવાજ પર પહોંચતાં ઉત્તરાર્ધના પ, ધ, નિ જોવા મળ્યાં.

આ રીતે દોઢ

(૧)	સા	(૫)	પ
(૨)	રે	(૬)	ધ
(૩)	ગ	(૭)	નિ
(૪)	મ	(૮)	સાં

આમ ક્રમશ: જુદા અવાજ તરીકે જાણી શકાય તેવા સાત સ્વરોનું જ્ઞાન થયું. પરંતુ માણસ હજુ તેની શોધમાં આગળ વધ્યો. એને લાગ્યું કે 'સા'ને ઊંચો ચડાવતાં 'રે' પર પહોંચે છે ત્યારે

વચ્ચે પણ એક અવાજ જુદો તારવી શકાય છે, જે 'સા'થી ઊંચો, 'રે'થી નીચો છે એને કોમળ 'રે' કહ્યો. હવે 'રે'થી 'ગ' પર પહોંચતાં શુદ્ધ 'રે'થી ઊંચો પરંતુ શુદ્ધ 'ગ'થી નીચો એવો મુકામ પરખાયો. એને કોમળ 'ગ' કહ્યો. શુદ્ધ ગ પછી તરત જ ઊંચે ચડતાં 'મ' મળ્યો. ને તે કાળે મૂળ અવાજ બરાબર મધ્ય ભાગે ઊંચો ચડતો હતો. 'મ' થી 'પ' પર અવાજ દોઢ ગણો બનતો હતો. પરંતુ એ મધ્યમ સ્વર 'મ' પરથી 'પ' પર આવતાં વચ્ચે જુદો પડતો સ્વર પ્રગટ થતો હતો જે 'મ'થી ઊંચો પરંતુ 'પ'થી નીચો હતો. તેને 'મા' તીવ્ર મધ્યમ કહ્યો. આ રીતે 'પ' અને 'ધ' વચ્ચે કોમળ 'ધ' અને 'ધ' અને 'નિ' વચ્ચે કોમળ નિ જુદા પરખાયા.

આમ ૧૨ સ્વરો માણસે પારખ્યા :

સા, રે, રે, ગ, ગ, મ, મા, પ, ધ, ધ, નિ, નિ

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

અને 'નિ'થી આગળ વધતાંની સાથે જે સ્વર મળ્યો તે ૧ અર્થાત્ 'સા'થી બરાબર બમણો ઊંચો હતો, તેથી તેને 'સાં' કહ્યો ને ત્યાંથી તાર-સપ્તકનો આરંભ થયો.

શ્રુતિશોધ

આમ માણસે એક સ્થિર એવા અવાજને ક્રમશઃ નિયંત્રિત રીતે ઉપર ચડાવવાની સિદ્ધિ હસ્તગત કરી અને એણે જોયું કે મૂળ અવાજ જ્યારે બમણો બનીને ઊંચે ચડે છે, ત્યારે એ મુખ્ય ૧૨ મુકામ પર બદલાય છે તેમાં બહુ મોટો ભેદ નથી. આથી મુખ્ય સાત સૂરો અને પાંચ કોમળ સ્વરો એમ બાર સ્વર મળ્યા.

પરંતુ કોઈ પણ અવાજને જ્યારે ક્રમશઃ ઊંચો ચડાવીએ ત્યારે તરત તો એ જુદો પડતો અવાજ ન લાગે, પરંતુ મૂળ કરતાં એ ઊંચો તો ગયો જ હોય છે. આ સમજે માણસને શ્રુતિનું ભાન કરાવ્યું. શ્રુયતે ઇતિ શ્રુતિ. અર્થાત્ જે સંભળાય, અને એનું રૂપ કંઈ જુદું છે તે સમજાય, સ્પષ્ટ બને તે શ્રુતિ. એક નિશ્ચિત સ્થિર અવાજને બમણો ઊંચે લઈ જતાં બાવીસ (૨૨) શ્રુતિઓ જાણવામાં આવી પરંતુ એક શ્રુતિ ઉપર જતાં મૂળ અવાજમાં નોંધપાત્ર એવો તફાવત જણાતો નથી પરંતુ બીજી શ્રુતિએ તો એ ભેદ વરતાય છે અને તે પછી જ્યારે ત્રણ શ્રુતિનો ભેદ હોય છે ત્યારે એનો ભેદ સ્પષ્ટ પરખાય છે. આથી ૨૨ શ્રુતિઓ પર ૧૨ સ્વરો નિશ્ચિત કર્યા. આ પછી તો વીણા જેવું વાદ્ય શોધાયું અને તેને આધારે તારની લંબાઈ ઘટવાની સાથે જ આંદોલન-સંખ્યા વધે છે અને સ્વર ઉપર જાય છે, તેનું ગણિત નિશ્ચિત થયું. ૨૨ શ્રુતિઓની આંદોલન-સંખ્યા કેટલી છે તથા કઈ શ્રુતિ પર કયો સ્વર છે, તે પણ નિશ્ચિત થયું. કોઈ એક સ્થિર અવાજ ઊંચે ચડીને બમણો ઊંચો બને છે ત્યારે તેની આંદોલન- સંખ્યા કેટલી વધે છે, તારની લંબાઈ કેટલી ઘટે છે અને કઈ શ્રુતિ પર કયો સ્વર આવે છે તે નિશ્ચિત થયું અને ૨૨ શ્રુતિઓને વિશિષ્ટ નામ પણ અપાયાં. આમ એક સ્વર બમણો ઊંચે ચડે છે ત્યારે જે ૨૨ શ્રુતિઓ આવે છે અને તે સામે જે શ્રુતિ સામે જે સ્વર છે તેની તાલિકા નીચે પ્રમાણે છે :

	આંદોલન સંખ્યા	શ્રુતિ	સ્વર	
૧.	૨૪૦	તીવ્રા	સા	અચળ
૨.		કુમુદ્વતી		
૩.	૨૫૪ ૨/૧૭	મંદા	રે	કોમળ
૪.		છંદોવતી		
૫.	૨૭૦	દયાવતી	રે	શુદ્ધ
૬.		રંજની		
૭.	૨૮૮	રક્તિકા	ગ	કોમળ
૮.	૩૦૧ ૧૭/૪૩	રૌદ્રી	ગ	શુદ્ધ
૯.		ક્રોધા		
૧૦.	૩૨૦	વજ્રિકા	મ	શુદ્ધ/કોમળ
૧૧.		પ્રસારિણી		
૧૨.	૩૩૮ ૧૪/૧૭	પ્રીતિ	મા	તીવ્ર
૧૩.		માર્જની		
૧૪.	૩૬૦	ક્ષિતિ	પ	અચળ
૧૫.		રક્તિકા		
૧૬.	૩૯૧ ૩/૧૭	સંદીપની	ધ	કોમળ
૧૭.		આલાપિની		
૧૮.	૪૦૫	મદંતી	ધ	શુદ્ધ
૧૯.		રોહિણી		
૨૦.	૪૩૨	રમ્યા	નિ	કોમળ
૨૧.		ઉગ્રા		
૨૨.	૪૫૨ ૪/૪૩	ક્ષોભિણી	નિ	
	૪૮૦	-	સાં]	તાર સપ્તક

આ તાલિકા જોતાં સ્પષ્ટ થશે કે જેમ સ્વર ઊંચો ચડે છે તેમ તે નાદની આંદોલન-સંખ્યામાં વૃદ્ધિ થાય છે. 'સા'ની આંદોલન સંખ્યા ૨૪૦ છે અને 'પ'ની આંદોલન સંખ્યા એના કરતાં દોઢ ગણી વધારે ૩૬૦ છે. અને 'સા'થી 'સાં' ૪૮૦ અર્થાત્ બમણો ઊંચો છે અને ત્યાંથી તાર સપ્તક બદલાય છે. ૨૪૦ થી ૪૮૦માં ૩૨૦ મધ્યભાગ છે એથી એ સ્વરનો મધ્યમ 'મ' કહ્યો છે.

આંદોલન-સંખ્યાને આધારે પણ કહી શકાય છે સપ્તકમાં જે સા, -રે, ગ, મ, પ, ધ, નિ એ સાત સ્વર છે તેના પૂર્વાર્ધમાં સા, રે, ગ, મ એ ચાર સ્વર છે. અને એ જ મુખ્ય સ્વર છે.

એ પછી જે 'પ' છે તે 'સા'થી દોઢ ગણો ઊંચો છે. એ લક્ષમાં લેતાં 'ધ' દોઢ ગણો ઊંચે 'રે' છે, 'નિ' દોઢ ગણો ઊંચો 'ગ' છે.

ભારતીય સંગીતશાસ્ત્રમાં ભરત અને શારંગદેવ જેવા પ્રાચીન તથા અહોબલ, શ્રીનિવાસ અને લોચન જેવા સંગીતશાસ્ત્રીઓ ૨૨ શ્રુતિ અને ૧૨ સ્વર સ્વીકારે છે. 'સા'થી 'રે'નું અંતર, એટલે કે આંદોલન-સંખ્યાનો તફાવત ૩૦ આંદોલન-સંખ્યાનો છે. એ રીતે 'રે' અને 'ગ' વચ્ચે પણ આ તફાવત ૩૦ આંદોલન-સંખ્યાનો છે. પરંતુ 'ગ' અને 'મ' વચ્ચે આ તફાવત ૨૦નો છે. એ જ રીતે 'મ' અને 'પ' વચ્ચે ૪૦નો તફાવત છે, પરંતુ 'પ' અને 'ધ' વચ્ચે ૪૫ અને 'ધ' અને 'નિ' વચ્ચે ૪૭ આંદોલન-સંખ્યાનો ભેદ છે. પરંતુ જેમ 'ગ' અને 'મ' વચ્ચે અંતર ઓછું છે, તેમ 'નિ' અને 'સાં' વચ્ચે અંતર ઓછું છે.

અવાજનું અંગ્રેજી 'ટોન' છે. જે બે સ્વરો વચ્ચે વધારે અંતર છે તેને મેજર કહે છે. અર્થાત્ જે ટૉક્સ ડિફરન્સ છે, અવાજનો તફાવત છે તે મોટો છે. આથી 'સા' અને 'રે', 'રે' અને 'ગ', 'મ' અને 'પ', અને 'ધ' વચ્ચે જે તફાવત છે તે મોટો છે, આથી એને મેજર ટોન કહેવાય.

પરંતુ જે બે સ્વરો વચ્ચે ટોન ડિફરન્સ માયનર છે, ઓછો છે તેને માયનર ટોન કહેવાય. આથી 'ગ' અને 'મ', 'મા' અને 'પ' તથા 'નિ' અને 'સાં' વચ્ચે માયનર ટોન છે.

આ થઈ માત્ર ૧૭ સ્વરોની વાત.

એટલે કે શુદ્ધ સપ્તકની વાત.

પરંતુ આખું સપ્તક, અર્થાત્ સાત શુદ્ધ અને પાંચ કોમળ એમ કુલ ૧૨ સ્વરના પૂર્ણ સપ્તકનો વિચાર કરીએ તો માયનર ટોન અને મેજર ટોન નીચે પ્રમાણે :

મેજર ટોન : સા- રે, <u>રે</u> - ગ, રે - ગ, <u>ગ</u>-મ, ગ- મા, મ-પ, મા - <u>ધ</u>, પ -ધ, <u>ધ</u> - <u>નિ</u>, ધ - નિ.

માયનર ટોન : સા-<u>રે</u>, રે-<u>ગ</u>, ગ-મ, મા-પ, પ-<u>ધ</u>, વગેરે. હાર્મોનિયમ તમે જોયું છે. એમાં આરંભમાં બે સફેદ પટ્ટી છે. પછી બે કાળી પટ્ટી આવે છે અને એ ક્રમે પછી ઉપર ત્રણ કાળી પટ્ટી કે ચાવી (key) છે. બે સફેદ વચ્ચે મેજર - ટોન ડિફરન્સ, બે કાળી વચ્ચે મેજર - ટોન ડિફરન્સ. પરંતુ સફેદ પછી જે તરત જોડાયેલી કાળી ચાવી આવે અથવા તો કાળી પછીની તરતની જે સફેદ પટ્ટી આવે છે તેમની વચ્ચે માયનર - ટોન ડિફરન્સ છે. સપ્તક, કોર્ડ્ઝ, મેલોડી વગેરે વિશે વાત કરીશું ત્યારે આટલી જાણકારી તમને ઉપયોગી બનશે. બે સ્વર વચ્ચેનું જે અંતર છે તે સ્વરાન્તર. આ સ્વરાન્તરને આધારે જ કયા કયા બે સ્વરો વચ્ચે સંવાદ છે, તેનું ગણિત નિશ્ચિત કરીને પશ્ચિમી સંગીતમાં Cords નક્કી કરવામાં આવ્યા છે, એનો વીગતે પરિચય અને વિચાર પછી કરીશું.

અત્યારે તો આટલું જ સમજીએ :

પ્રત્યેક ધ્વનિ એક સેકંડમાં નિશ્ચિત સંખ્યાનાં આંદોલનો પેદા કરે છે. આથી દરેક નાદને એની નિશ્ચિત એવી આંદોલન-સંખ્યા હોય છે. સપ્તકના 'સા'ની આંદોલન-સંખ્યા ૨૪૦ છે. આ પછી જેમ જેમ અવાજને ઊંચે ચડાવતા જઈએ તેમ તેમ તેની આંદોલન-સંખ્યામાં વધારો થતો જાય. પરંતુ બાર-તેર જેટલા વધારાનો શ્રુતિભેદ કાન પારખતો નથી એથી પંદર જેટલી આંદોલન - સંખ્યા વધારે ત્યારે અવાજ ઊંચે ચડ્યો છે તે પરખાય છે. અને ત્રીસ જેટલી આંદોલન-સંખ્યા વધે છે ત્યારે આ જુદાપણું તરત જ પરખાય છે. આ રીતે એક અવાજ બરાબર બે ગણો ઊંચે ચડે ત્યારે સાત જગ્યાએ એના જુદા રૂપને બરાબર પ્રમાણી શકીએ છીએ અને એને આધારે શુદ્ધ સ્વરના સપ્તકમાં સાત સ્વરો છે પરંતુ બે સ્વરો વચ્ચે ૧૫ની આંદોલન-સંખ્યા પછી પણ બે મુખ્ય કે શુદ્ધ સ્વરોની વચ્ચેનો સ્વર પણ શ્રુતિએ પકડાય છે. આવાં કુલ પાંચ સ્થાનો છે. આથી આખા સપ્તકમાં, અર્થાત્ સા થી સાં વચ્ચે કુલ સાત શુદ્ધ, પાંચ કોમળ એમ ૧૨ શ્રુતિઓ છે જે પ્રગટ સ્વરસ્થાન છે, પરંતુ કુલ શ્રુતિ ૨૧ છે. પણ નજીક નજીકની શ્રુતિના ભેદને કાન પારખી શકતો નથી એથી ત્રણ શ્રુતિ છોડીને શુદ્ધ સપ્તકના સ્વરો નિશ્ચિત કરવામાં આવ્યા છે.

આમ, સંગીત અને સ્વરો એટલે શ્રુતિઓનું ગણિત. સંગીત એટલે ધ્વનિનું, અવાજનું જ કેળવાયેલું, નિયમિત અને નિયંત્રિત કરેલું રૂપ. આ અવાજ શું છે, એનાં ભૌતિક લક્ષણો કયાં તે આવતા અંકે જોઈશું.

(ક્રમશઃ)

મારા પિતા

વનબાળા જી. દેસાઈ

મારા પિતાશ્રી ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈએ લગભગ આખા ભારતનાં મુખ્ય મુખ્ય સ્થળોનો પ્રવાસ કરેલો અને ગામડાંઓમાં પણ વિહાર કરેલો. તેમણે લખ્યું છે કે, 'ભારત માતાને મેં ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ એમ ચારે દિશાઓથી જોઈ છે અને જ્યાંથી જોઈ છે ત્યાંથી મને રૂપરૂપના અંબાર જેવી જ લાગી છે; ને તે જોઈ મારાં ચક્ષુ ધન્ય બન્યાં છે.' આ અનુભવો એમણે પોતાના પુસ્તક 'રસદર્શન'માં વર્ણવ્યા છે.

સોળમે વર્ષે તેમને જૂનાગઢ જવાનું થયું ત્યાં તેમણે ગિરનારનાં શિખરો પર ચઢતાં ચઢતાં ગિરિમાળાઓ, ખાઈઓ, કોતરો, ઝરણાંઓ, લીલાં ખેતરો જોયાં અને એ જ પર્વત પરથી સૂર્યોદય અને સૂર્યાસ્તનાં સૌન્દર્ય પણ નિહાળ્યાં. આબુ, અંબાજી, મોઢેરા વગેરે સ્થળો જોતાં તેમને અનેરો આનંદ થયો. પ્રૌઢાવસ્થામાં નૈનિતાલ, મસુરી, ઉતાકામંડ, દાર્જીલિંગ, સીમલા વગેરે સ્થળોનું પણ સૌન્દર્ય જોઈ તેઓ દિગ્મૂઢ બન્યા. હિમાલયની ગોદમાં વિહરવાનું પણ સદ્ભાગ્ય તેમને ત્રણ વાર પ્રાપ્ત થયું હતું. આ બધાં પ્રકૃતિ-દશ્યોએ તેમના મન પર ઘણી ઊંડી છાપ પાડી હતી.

ત્રેવીસ વર્ષની ઉંમરે કલકત્તા, દિલ્હી, પ્રયાગ, અજમેર, ગોકુળ, મથુરા વ. પણ જોયાં. સમુદ્રો, ઝરણાંઓ, નદીઓના સંગમો, પર્વતો પરના સૂર્યોદય અને સૂર્યાસ્તના રંગોનું કલાકો સુધી રસપાન કર્યું. આથી એમને સર્જનહારની સર્જનશક્તિનો ખ્યાલ આવ્યો, અને તેમણે વિશ્વંભરની પ્રાર્થના કરી : 'હે પ્રભો! તમે અમારા માટે આ સૃષ્ટિ રચી. આ કુદરતી શોભા જોઉં છું ત્યારે તમારો અમારા પરનો વાત્સલ્ય ભાવ પ્રગટ થાય છે. પ્રભુ! તમારો કેટલો ઉપકાર માનું કે, તેં આ સૌન્દર્ય જોવા માટે આંખ આપી, તેનું રસપાન કરવાની શક્તિ આપી, તેનું વર્ણન કરવા બુદ્ધિ આપી; ત્યારે વિચાર આવે છે કે, પ્રભો! તમે પોતે કેવાયે કેટલા સુંદર હશો! તમારી દરેક કૃતિ અમને નવી ને નવી પ્રેરણા ને શક્તિ આપે છે. વળી કવિઓ, કલાકારો અને શિલ્પીઓએ ઘડેલી મૂર્તિઓ, કવિતાઓ, ચિત્રો વગેરે જોતાં તેં આપેલી શક્તિ કેટલી બધી અગાધ છે. અરે! એનો ઉપયોગ માનવ પેટ ભરીને કેમ કરતો નથી, તેથી ઘડીભર નિરાશા પ્રગટી. ભગવાન સત્-ચિત્ અને આનંદસ્વરૂપે છે અને અનાદિ અનંત છે. તેને જોવા-સમજવા-ભોગવવાની શક્તિ પણ ભગવાને આપણને આપી, તેથી જ કુદરત તરફ ભોગની નહીં પણ ભાવની દૃષ્ટિથી જોવું જોઈએ. તેમાંથી જ આપણા ઋષિમુનિઓએ જ્ઞાનપ્રાપ્તિ કરી છે અને ભક્તિભાવ વધાર્યો છે. ખરે જ ભારતમાં જન્મ લેવો એ દુર્લભ વસ્તુ છે અને પરમાત્માએ તે આપણને અર્પ્યા છતાં આપણામાં દેશપ્રેમ - દેશભક્તિ કેમ જાગૃત ન થાય? દેશ માટે કુરબાની આપવાનું મન કેમ ન થાય?

ઐતિહાસિક સ્થળો જેવા કે, ઉદેપુર, બીજાપુર, દિલ્હી, વડોદરા, મ્હેસુર વગેરે જોતાં આપણો દેશ કેવો સમૃદ્ધ અને કળા-પ્રેમી હતો; અરે! શિવાજી, રાણા પ્રતાપ, ટીપુ સુલતાન, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, સિદ્ધરાજ જયસિંહ, જેવા પ્રામાણિક અને ટેકીલા શૂરવીર રાજાઓ હતા. - તેમના મહેલોનાં ખંડેરો જોઈ ડૉક્ટર સાહેબનું હૃદય દ્રવી જવું. ભારતનો ભવ્ય ઇતિહાસ અને વૈભવસમૃદ્ધિના અવશેષો જોતાં તેમની આંખ ભીની થતી અને તત્કાલીન બ્રિટિશ સલ્તનત પર તિરસ્કાર આવતો અને ભારતને સ્વતંત્ર કરવાની ઇચ્છા પ્રબળ થતી.

આપણી ભવ્ય સંસ્કૃતિ હિબકાં લઈ રહી છે તેને આ પરદેશી હકૂમતોએ ખુવાર કરી છે અને કરી રહ્યા છે, તે જોઈને આપણું ખમીર કેમ ઊકળી ન આવે? બસો વર્ષોની ભારતમાતાની ગુલામીની આ બેડીઓને તોડવાને સ્વાતંત્ર્યદેવીની આરાધના કરવા દરેક યુવક-યુવતી, વૃદ્ધો, બાળકોએ આગળ આવવું જોઈએ. કવિ નર્મદ અને ખબરદારની રણહાક યાદ કરીને તથા પૂજ્ય ગાંધીબાપુના નેતૃત્વ નીચે બધાંએ કેસરિયાં કર્યાં.

ડૉક્ટર સાહેબે પણ પોતાના ધીકતા ધંધાને લાત મારી અને સ્વાતંત્ર્યની લડતમાં ઝંપલાવ્યું. આ લડતમાં ડૉક્ટર સાહેબે ઈ.સ. ૧૯૩૦, ૧૯૩૨, ૧૯૪૦ અને ૧૯૪૨ એમ કુલ ચાર વખત કારાવાસ ભોગવ્યો. જ્યાં માત્ર પથ્થર અને લોખંડ સિવાય બીજી કોઈ વસ્તુ નજરે પડવા દેવામાં આવતી નથી, અને માનવહૃદયોને ક્રૂર અને જડ બનાવવાનું કાર્ય જ જ્યાં ચાલે છે ત્યાં રસદર્શન શું થતું હશે! છતાંય ડૉક્ટરસાહેબે ત્યાં પણ કેવો રસ જમાવેલો તેનું વર્ણન આ પુસ્તકમાં છે.

જેલમાં પેસતાં જ યમદૂતો જેવા બંદૂકધારી પોલીસો ભીષણ લોખંડી દરવાજાની બાજુમાં ઊભા હતા. વાતાવરણમાં બેડીઓ અને સાંકળોના કર્કશ અવાજો સંભળાયા કરતા. અંદર જતાં જ બાજુની ઑફિસમાંના ખાખી ડ્રેસધારી ઑફિસરે ક્રૂરતાથી ડૉક્ટર સાહેબ પાસેથી ઘડિયાળ, પેન, પૈસા, કાગળો વગેરે બધી ચીજો લઈ લીધી. અને નામ-ઉંમર વગેરે પૂછી, જરૂરી કાગળિયાં કરી એક નાનકડી કોટડીમાં પૂરી દીધા. થોડી વારે તેમને એક લોટો, કાળો કામળો અને જૂની ફાટેલી શેતરંજી આપવામાં આવ્યાં.

હરિપ્રસાદભાઈ આવી કોટડીમાં કદીય સૂતેલા નહીં, તેથી તેમને આવી કોટડીમાં કેમ ગમે! બારણા આગળ માથું રાખી ડૉક્ટર સૂતા પણ ઊંઘ કેમે આવે નહીં, ત્યારે એમણે ભગવાનને

કહ્યું : 'હે પ્રભુ! તારો ન્યાય કેવો?! જે કેદમાં હોવા જોઈએ તે ગુનેગાર સરકાર આજે અમારા પર ચોકીપહેરો કરે! કયો ગુનો? શું મા ભોમની સેવા માટે, દેશને માટે લડનારને તું કેદમાં રાખે છે?' એમને ઘર, સ્ત્રી, બાળકો, મિત્રો, પુસ્તકો બધું યાદ આવતાં આંખમાંથી ડબ ડબ આંસુ પડવા લાગ્યાં. તેવામાં એક પહેરેગીરે આવીને કહ્યું : 'દાક્તર સાહેબ, સારાભાઈએ તમને રામરામ કહ્યા છે.' ડૉક્ટરે પણ સામા રામરામ કહેવડાવ્યા. આટલા સખત બંદોબસ્તમાં પણ અરસપરસના સમાચાર જાણવાની આ રીતથી ડૉક્ટર આશ્ચર્ય પામ્યા. તેમને થયું : ભગવાન હાજરાહજૂર છે. જ્યાં ભગવાન સાક્ષાત્ હોય ત્યાં ભય અને નિરાશા કેવી!

સવાર પડી અને કોટડીનાં તાળાં ઊઘડ્યાં. દાતણપાણી કર્યાં ત્યાં તો બીજા કેદીઓએ આવીને ડૉક્ટરસાહેબને કહ્યું : 'સાહેબ, ઓરડી વાળવાનું, વાસણ માંજવાનું, કપડાં ધોવાનું વગેરે આપનું કામ અમે જ કરીશું.' ત્યારે તેમને લાગ્યું કે દેશ કાજે કામ કરનારને યેનકેન પ્રકારે પ્રભુ મદદ કરે છે. અનેક કેદીઓ ભક્તિભાવથી 'રામરામ' કહી ગયા. ત્યારે ડૉક્ટર સાહેબને લાગ્યું કે, ખરેખર ભગવાન મારી સાથે પણ જેલમાં આવ્યા છે. વળી જેલના આવા વાતાવરણમાં પણ કલ્લોલ કરતાં પક્ષીઓ પોતાનો જીવનનિર્વાહ કરી શકે છે એમ વિચારતા હતા ત્યાં જ સામેથી સારાભાઈ, દરબારસાહેબ, ગોપાળદાસભાઈ, ગોકુળભાઈ અને નરસિંહભાઈ પટેલ વગેરે મળવા આવ્યા. આ બધાને જોઈને ડૉક્ટરસાહેબની ઉદાસીનતા ઊડી ગઈ. પ્રાતઃકાળ અને સાયંકાળની પ્રાર્થનાઓ બધા રાજદ્વારી કેદીઓ સાથે બેસીને કરતા હતા. આથી જેલની દીનચર્યાની અસર તેમના મન પર ઓછી થવા લાગી.

એક દિવસે ડૉક્ટર સાહેબે ત્યાં ઊગેલું ઘાસ અને જંગલી ફૂલો લાવીને પોતાની કોટડીમાં લોટામાં ગોઠવ્યાં અને તેની પાસે પુસ્તકો લઈ વાંચવા બેઠા. આ બધું જેલના કાયદા-વિરુદ્ધ હતું. ત્યાં તો જેલર એમની સામે આવીને ઊભો રહ્યો, પણ કોણ જાણે એનું હૃદય દ્રવી ગયું ને તે હસીને કહેવા લાગ્યો : 'ખરે જ તમે સત્યાગ્રહીઓ નર્કને પણ સ્વર્ગ બનાવી શકો છો.' તે પછી તો તેમનો આ રોજનો નિયમ થયો. અને તેનું અનુકરણ અન્ય ચોર-ડાકુ કેદીઓ પણ કરવા લાગ્યા અને પ્રાર્થનામાં જોડાવા લાગ્યા.

જેલમાં પણ બધા રાજદ્વારી કેદીઓ સત્સંગ, જ્ઞાનચર્ચાઓ, સમૂહ વાચન, કાંતણ, પ્રાર્થના વગેરે કરતા. ડૉક્ટર સાહેબ લખે છે કે, 'જેલમાં સંયમ, વિવેક, મનન, સ્વાધ્યાય, ધ્યાન અને કસરતનો જે લાભ મળ્યો તે બહાર ન મળ્યો હોત અને આટલા બધા સાથે આવા મીઠા સંબંધો બંધાત નહીં.'

સાબરમતી જેલમાં સ્વ. સરદાર વલ્લભભાઈ અને સ્વ. મહાદેવ દેસાઈની કોટડીઓ પાસે રોજ સાયંપ્રાર્થના કરતા. ત્યારે ઝાડ પરનાં સેંકડો પક્ષીઓ તેમની પાસે આવી બેસતાં ને પ્રાર્થના સાંભળતાં. પક્ષીઓને આમ વિહાર કરતાં જોઈ ડૉક્ટરસાહેબને લાગતું કે પક્ષીઓ આપણા કરતાં ઘણાં સુખી છે. આમ છતાં એમને હૃદયમાં ઊંડો ચિરાડો રહેતો જ કે, પરદેશી સરકારે અમોને દેશભક્તિના ગુના માટે કેદ કરેલા છે. આ કેવો અન્યાય! ગુણો પર અવગુણોનું સામ્રાજ્ય!

૧૯૪૪માં હરિપ્રસાદભાઈ સાબરમતી જેલમાં હતા. ત્યાંથી તેમણે 'ભસેગા કાટેગા' નામનું હાસ્યરસિક સાપ્તાહિક કાઢ્યું હતું. દુર્ભાગ્યે એ બહાર છપાયું નથી. ડૉક્ટર સાહેબે બે વખત નાસ્તિક જેલમાં, એક વખત યરવડા જેલમાં અને એક વખત સાબરમતી જેલમાં જેલવાસ ભોગવ્યો હતો. આ જેલવાસ દરમિયાન જ એમણે ઘણાં પુસ્તકો લખ્યાં હતાં, કાગળની ખાસ પરવાનગી મેળવીને.

તિલકજયંતી, ગાંધીજયંતી, ગણેશચતુર્થી, ઇદ, નવું વર્ષ, બળેવ, દિવાળી, વગેરે ઉત્સવો બધા રાજદ્વારી કેદીઓ ભેગા થઈ ઊજવતા. ત્યારે ડૉક્ટરસાહેબ બધાને કહેતા કે, આ બધું કરવાની પ્રેરણા આપણને પ્રભુ જ આપે છે અને તેનું મુખ્ય કારણ આપણી દેશભક્તિ જ છે. જેલમાં એક ભાઈએ એક કુરકુરિયું દૂધ પાઈને ઉછેર્યું હતું ને તે ખૂબ જાડું થઈ ગયું હતું તેથી બધા તેને ચર્ચિલ કરીને જ બોલાવતા. જેલમાં કોઈને કંઈ શારીરિક પીડા થાય તો ડૉક્ટર સાહેબ તેની દવા કરતા અને ક્યારેક તો ફક્ત પાણીમાં મીઠું નાખીને આપતા તો તે પાણીથી પણ દર્દીને દર્દ મટી જતું અને જેલના દર્દીઓ પણ શ્રદ્ધાથી દવા લેતા.

કેટલાક જન્મટીપની સજા પામેલા કેદીઓ પણ હતા તેઓ પણ પ્રાર્થનામાં આવતા અને 'રઘુપતિ રાઘવ રાજા રામ'ની ધૂન બોલતા. ક્યારેક કોઈ મોટા ગુનેગાર કેદીઓ ડૉક્ટર સાહેબ આગળ પોતાનો પશ્ચાત્તાપ વ્યક્ત કરતા ત્યારે તેઓ કહેતા, 'ભાઈઓ, આ જગતમાં બધા જ માનવીઓ દોષિત છે. જુઓને સરકારની દૃષ્ટિએ અમો પણ ગુનેગાર છીએ, ને તમે પણ છો. તેથી શું? કોઈ જ તમારો ઉદ્ધાર નહીં કરી શકે, પણ ભગવાન જ તમારો ઉદ્ધાર કરશે. તમે પ્રાર્થના કરજો કે, ભગવાન! મારા ગુના માફ કર. હવે હું આવો ગુનો નહીં કરું. આ નામસ્મરણ-ધૂનથી જ તમારો ઉદ્ધાર થશે.'

આવા ગુનેગાર કેદીઓની સજા પૂરી થયે તેમને ડૉક્ટર સાહેબ અપનાવતા અને નાની-મોટી નોકરી અપાવતા અને સારું જીવન જીવતાં શિખવાડતા. તેઓ માનતા કે આવા માનવીઓની સેવા એ જ સાચી લોકસેવા છે. જેલમાં પણ અભણ કેદીઓને ભણાવવા અમારી પાસેથી દેશી આંક, બાળપોથી, નાની દૃષ્ટાંત કથાઓ મંગાવી તેમને ભણાવતા.

જેલમાં મેઘાણીનાં ગીતોની પણ રસલ્હાણ થતી તો નાનાલાલનાં ઊર્મિ કાવ્યો, દયારામની ગરબીઓ, નર્મદનું 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે' એવાં વિવિધ પ્રકારનાં રાષ્ટ્રીય કાવ્યોનું પઠન પણ કરતા. હરિપ્રસાદભાઈએ વેદાન્તનો અભ્યાસ પણ કરેલો અને જેલમાં તેમણે વધુ વિકસાવ્યો. વેદમાં લખ્યું છે કે, 'હે મનુષ્ય, તારા ચારિત્રમાં કંઈ પણ દોષ હોય તો તું નિરાશ ન થતો. તારા માટે પ્રગતિનો માર્ગ બંધ નથી થયો. ઈશ્વરનો હાથ તારા પર સદાય ફરતો રહેલો છે, તે જરૂર માનવીનો ઉદ્ધાર કરશે જ.' આ જ સિદ્ધાન્તની રૂએ તેમણે કેદીઓને સમજાવ્યું કે, એક મહાન શક્તિ તે ભગવાન જરૂર તમને પાવન કરશે. આમ બધા જ કેદીઓને ઘણું જ આશ્વાસન મળ્યું. અને રાજદ્વારી કેદીઓના છૂટ્યા પછી પણ જેલમાં ધૂન-પ્રાર્થના ચાલુ જ રહ્યાં.

આ બધી જ હકીકતો અમોને પિતાશ્રી જેલમાંથી છૂટીને આવ્યા ત્યારે જણાવેલી. પછીથી ઘણા કેદીઓ છૂટીને અમારા ઘેર આવતા ત્યારે પિતાશ્રી તેમને યથાયોગ્ય મદદ કરતા અને તેમને સાચો માર્ગ ચીંધતા. અમને આવા માણસો તરફ ભીતિ રહેતી ત્યારે પિતાશ્રી કહેતા કે, 'હવે એ ગુનેગાર નથી, ભગવાનનો માણસ છે.'

સરકારે તો બધાંને રાજકાજમાં પડવાની ખો ભુલાવવા આકરી સજાઓ કરી હતી પણ -

'દીવાલ પથ્થરની ભલે ના કેદખાનું થઈ શકે,
સળિયા ભલે લોઢા તણા પિંજર કદી નહીં લાગશે,
મન જો નિર્દોષ અમારું હશે તો શાંત ચિત્તે,
આ પિંજરને પણ, આ કેદખાનાને પણ અમે તીર્થ જેવું ગણીશું.'

પૂજ્ય મહાત્માજી જેવા સંતના સાંનિધ્યથી જ આવો ઉચ્ચ ભાવ તેમનામાં પ્રગટ્યો હતો. ખરેખર જેલને પણ મહેલ માનવો એ પણ એક અદ્‌ભુત કળા છે. □

અનુસંધાન] અશીર્ષક [પૃ. ૬૫થી

મારા સમગ્ર અધ્યયન પર એક પ્રશ્નચિહ્‌ન મૂકી દીધું, એને નિરર્થક સાબિત કરી દીધું.

આખરે હું મારાં અધ્યયનોની જ તો વાત કરતો હતો. પણ હું શું યથાર્થમાં એને જાણતો હતો? આજ સુધી જે યથાર્થ વિષે હું લખતો આવ્યો છું અને આજે જે અધ્યયને મને વિશ્વના સર્વોચ્ચ સન્માનનો હકદાર બનાવ્યો છે, એની કોઈ પણ સ્થિતિમાંથી હું પસાર થયો છું? ક્યારેય મેં હાલાકી વેઠી છે? શું હું-આ જ ખભા પર ચડીને તો આગળ નથી વધી ગયો?

અને આ ભિખારી મારા માટે શું હતો? અવશ્ય એક માણસ તો હતો જ. પણ હતો માત્ર એક આંકડો. મેં મારી વિદ્વત્તાના જાદૂથી આ હાડ-માંસ, બુદ્ધિ અને વિવેક તેમજ વિચારતા મારા જેવા જ એક મનુષ્યને એક આંકડામાં પરિવર્તિત કરી દીધો હતો. આ જ તો મારી સૌથી મહાન ઉપલબ્ધિ રહી. હું વિચારતો હતો: કયો આંકડો? શું આ ભિખારીનું સ્થાન એ શૂન્યોમાં છે, અથવા એ આંકડામાં છે કે જે મેં વિશ્વના ભૂખે મરતાં લોકોની ગણતરી બાદ મેળવ્યો હતો? ચોથા શૂન્ય, આઠમા શૂન્યમાં, પહેલાં આંકડામાં... ક્યાં... ક્યાં? ક્યાં હતું એનું સ્થાન અને ક્યાં હતું આવાં જ બીજાં લોકોનું સ્થાન? ઓહ, મને લાગે છે કે મારા મગજમાં માત્ર આંકડા જ આંકડા ઘૂમી રહ્યા છે અને એ આંકડાઓમાં આવાં જ ચીંથરાંઓમાં લપેટાયેલાં પેટ અને પીઠ પરસ્પર ચોંટી ગયાં છે. એવા, લૂખા વાળ, મોટા મોટા નખ અને શૂન્ય આંખવાળાં લોકોની ભીડ! મને લાગ્યું, એ બધાં મને પૂછે છે : હું ક્યાં છું? હું ક્યાં છું, અને મને થાય છે એમને જવાબ આપવાની જવાબદારી મારી છે, કારણ કે મેં જ તો આ મનુષ્યોને શૂન્યમાં બદલ્યા છે. બસ, મારી વાર્તા અહીં જ પૂરી થાય છે. એ પણ ક્યારે પૂરી થઈ, મારું ધ્યાન જ નથી રહ્યું. હવે તો એ પણ યાદ નથી કે હોટેલ પર પાછો કેવી રીતે પહોંચ્યો. હું તદન જ સામાન્ય રહ્યો હોઈશ - ચહેરા પર એક પ્લાસ્ટિક હાસ્ય સાથે જો અસ્વસ્થ બન્યો હોત, તો કોઈ ને કોઈ સાથે જરૂર આવ્યું હોત. સારું છે, મારી સાથે કોઈ છે નહિ. હજી હું એ મનોવ્યથામાંથી બહાર નથી આવી શક્યો... એ પ્રશ્નો હવે વધુ જટિલ બન્યા છે. એક ટોળું બની જાણે મારા સમગ્ર અસ્તિત્વ પર એમણે કબજો કરી દીધો છે. આપ સ્વયં સમજી શકશો કે આ પ્રશ્નોનો ઉત્તર હું આ દુનિયાનું એક અંગ બનીને તો આપી નહિ શકું ને? અથવા તો મારી જાતને મારા માટે શોધી કેવી રીતે શકું?

એટલે જ, હું જઉં છું. રાતની આ નિસ્તબ્ધતા અને અંધકારમાં મારી દિશા ખોજવા જઉં છું. હું ક્યાં જઉં છું, મને ખબર નથી. હું ખોટું કરું છું કે સાચું, મને એ ય ખબર નથી. એ પ્રશ્નોનો ઉત્તર હું શોધી શકીશ કે કેમ એ ય નથી જાણતો. મારી શોધ મને ક્યાં લઈ જશે અને ક્યાં સુધી લઈ જશે એ હું અત્યારે કશું નહીં શકું. માત્ર એટલું જ કહી શકું છું કે અંકો અને આંકડાઓની આ બનાવટી દુનિયામાં હું રહી નહીં શકું. મારો દમ ઘૂંટાય છે.

એથી... હું જઉં છું.

એટલે જ મેં કહ્યું ને-

આપ મારી પ્રતીક્ષા કરશો, પણ હું આવીશ નહીં. □

હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર

નક્સ વૉમિકા

હેમેન્દ્ર એ. શાહ

'ઝેર કોચલા'ને શક્તિકૃત કરી હોમિયોપથીએ જેને ઔષધ તરીકે અપનાવ્યું તે જ નક્સ વૉમિકા.

નક્સ વૉમિકા પેટમાં થયેલા બગાડને દૂર કરે છે અને જુલાબ તરીકે સારું કામ કરવા ઉપરાંત અનેક દર્દોને મટાડે છે.

આપણા રસોડાની ચોકડીમાં વિવિધ પ્રકારનો એઠવાડ હોય છે. તેને પાણીથી સાફ કરવાથી ચિકાશવાળો પદાર્થ નીકળે નહીં ત્યારે તેને સાફ કરવા પતરા જેવી વસ્તુનો ઉપયોગ કરી ઘસીને સાફ કરવું પડે છે; અને તેમ છતાં બરોબર સફાઈ ન થાય તો એસિડ નાખીને ચોકડી સાફ કરવામાં આવે છે જેથી પથ્થર ચોખ્ખો, ચકચકાટવાળો થઈ જાય છે. પેટની સફાઈ માટે નક્સ-વૉમિકા પેટમાં પડેલાં ઝેરી તત્ત્વો, જામી ગયેલા પદાર્થો, મળના ગાંઠા તથા અવ્યવસ્થિત ખાણી-પીણીને લીધે પેદા પડેલા બગાડને દૂર કરવા નક્સ-વૉમિકા મલ્ટીપરપઝ, ઓલ ઇન વન, કામગીરી બજાવે છે.

જેઓ પાણીપુરી, ભેળપુરી, ભજિયાં-મરચાં, ફાફડા-મરચાં અને તેના જેવી તીખી તમતમતી વાનગીઓ વારંવાર ખાય છે અને મરી-મશાલાથી ભરપૂર જીભ દાઝી જાય તેવો તીખો ખોરાક વારે ઘડીએ લ્યે છે તેઓ માટે નક્સ-વૉમિકાનો જુલાબ વર્ષમાં ત્રણ ચાર વખત લેવો જરૂરી છે. ચાર-પાંચ ગોળીનો એક ડોઝ ૧૦૦૦ પાવરનો રાત્રે જમ્યા પછી બે કલાક બાદ સૂતી વખતે દર ત્રણ કે ચાર મહિને લેવો જોઈએ.

મારા એક મિત્રનું પેટ બહુ આળુ રહેતું હતું; અને પેટની નાની-મોટી તકલીફો અવારનવાર થતી હતી. જીભ ઉપર સંયમ ન હતો. લહેરી જીવડો હતો. 'રાત કો ખાઓ પીઓ... દિનકો આરામ કરો' તેની ફિલસૂફી હતી. સમય જતાં પેટની તકલીફ વધતી ગઈ. નિયમિત મળત્યાગ થતો ન હતો. ઘણી વાર જમ્યા પછી એક-બે કલાક બાદ ચૂંક જેવું લાગતું અને પેટમાં ભાર લાગતો હતો. આ ઉપરાંત બીજાં ચિહ્નો-સિમટમ્સ જોઈને તેમને મેં નક્સ-વૉમિકા એક-એમ (૧૦૦૦- પાવર)નો ડોઝ આપ્યો. રાત્રે જમ્યા પછી બે કલાક બાદ સૂતા પહેલાં દવા લેવા માટે કહ્યું. બીજે દિવસે સાંજે મને મળ્યા ત્યારે અત્યંત ખુશખુશાલ હતા. 'હેમેન્દ્રભાઈ મેં એલોપથીની - આયુર્વેદની અનેક ગોળીઓ - દવાઓ લીધી પણ તમારી દવા જેવી અસર ક્યારેય થઈ નથી. સવારે પેટ એકદમ સાફ થઈ ગયું અને સંડાશ ઊતર્યા પછી મન અને શરીર હલકાં ફૂલ થઈ ગયાં.

આજે આખો દિવસ આનંદ અને સ્ફૂર્તિમાં પસાર થઈ ગયો. હવે દવા લેવા ક્યારે આવું? મેં કહ્યું, 'હવે ત્રણ-ચાર મહિના પછી - જરૂર હશે તો જ બીજો ડોઝ આપીશ. ખાસ કારણ વગર અને જરૂર વગર વારંવાર દવા ન અપાય. છતાં ૪ અઠવાડિયા પછી મને મળશો તો તમારા કેઈસનો રિવ્યૂ કરીશું.'

જેઓએ જુલાબ લેવાનો અતિરેક કર્યો છે, એલોપથી, આયુર્વેદની વિવિધ જુલાબની ગોળીઓ - ઔષધો વારંવાર લઈને પેટ બગાડ્યું છે અને આડ અસરો ઊભી થઈ છે તેઓ માટે નક્સ-વૉમિકાનો ઉપચાર ઘણો ઉપયોગી છે.

મારી દૃષ્ટિએ નક્સ-વૉમિકા આધુનિક જમાનાનું ઔષધ છે. નવા જમાનાની સમૃદ્ધિ માટેની રેટ રેઈસમાં યેનકેન પ્રકારેણ અગ્ર સ્થાન મેળવવા ઉત્પાત્ મચાવતા અઠંગ ખેલાડીઓ માટેનું પણ આ જ ઔષધ છે. મહેનત - દોડધામ કરીને - સારું નરસું કે સિદ્ધાંત વિશે કોઈ વિચાર સરખો પણ ન કરતા. પૈસો-સ્થાન-હોદ્દાની અતિ તૃષ્ણા સેવતા વધુ પડતા મહત્ત્વાકાંક્ષીઓને થતા શારીરિક - માનસિક રોગોમાં નકસ-વૉમિકા અતિ અગત્યનો ભાગ ભજવી રોગોને દૂર કરે છે.

દરરોજ સંડાશમાં લાંબો સમય બેસી, છાપું વાંચ્યા કરતો, ધંધાની માર્કેટિંગ સ્ટ્રેટેજી નક્કી કરી દિવસની એપોઈન્ટમેન્ટોની કાવાદાવાવાળી વ્યૂહરચનામાં મશગૂલ તથા હાઈસેલેરી બ્રેકેટવાળો - 'મરને કા ટાઈમ કિસ્કો હૈ!'વાળો, સતત ટેન્શનમાં રહેતો એક્ઝિક્યુટિવ જેને મળત્યાગ જલ્દી થતો નં હોવાથી પોતે સંડાશમાં બેઠો છે તે ભૂલી જાય છે, તે અનેક રોગોને ઘણી વાર આમંત્રતો હોય છે, આવા સમૃદ્ધિ ભૂખ્યા દર્દી માટે નક્સ-વૉમિકા એક અમોઘ શસ્ત્ર છે જે ઘણાં દર્દોને દૂર કરે છે. ઉગ્ર કબજિયાતવાળાઓ જેઓને સંડાશ થવા માટે સવારના પહોરમાં બીડી-સિગારેટ અને ગરમ ગરમ મીઠી ચાના બે કપ પીવા પડે છે તેવા માટે નકસ-વૉમિકા સુંદર કામગીરી બજાવે છે.


આપણે અગાઉ જોયું કે હોમિયોપથીની વિશેષતા એ છે કે તે દર્દીનાં શારીરિક ચિહ્નોનો જ નહીં પરંતુ તેનાં માનસિક ચિહ્નો, તેનો સ્વભાવ, વર્તન વગેરેનો અભ્યાસ કરી અત્યંત ચોકસાઈથી દવા નક્કી કરે છે. નક્સ-વૉમિકાનો દર્દી નાની બાબતમાં ચિડાયા કરે છે અને સહેજ પણ નાના મુદ્દા વિષે બીજાનો મત જુદો પડે તો તેની સાથે ઝગડો કરી બેસે છે. ઘણી વાર શુલ્લક બાબતને આગળ ધરી ક્રોધાયમાન થાય છે, અને સામી વ્યક્તિને અપમાનિત કરે છે. તેના હાથ નીચે કામ કરતા સીનિયર જુનિયર અધિકારીને - કર્મચારીને નાની ભૂલ માટે, થોડા વિલંબ માટે ખખડાવે છે. અને ઘણી વાર શિસ્તનો આગ્રહી હોય છે, સતત ઉદ્યમશીલ હોય છે અને નાના-મોટા દરેક કાર્યમાં સંપૂર્ણતા લાવવા પ્રયત્નશીલ હોય

(અનુસંધાન પૃ. ૮૯ ઉપર)

બાથરૂમ

(ધરતીનો છેડો ઘર)

હેમન્ત વાળા




પરંપરાગત નવાણિયું

આવાસની રચનામાં સંરચના પાછળ થતો ખર્ચ કુલ ખર્ચના ૧૨ થી ૧૮ પ્રતિશત જેટલો હોય છે અને આ હિસ્સો કંઈ અનુલ્લેખનીય ન ગણાય. તેમાં પણ જો આવી સંરચનામાં વાતાનુકૂલતા તથા લિફ્ટ જેવાં ઉપકરણો પ્રયોજાય તો આ હિસ્સો ૨૫ પ્રતિશત સુધી પહોંચે છે. તે સિવાય પણ આવાસની ઉપયોગિતામાં તેની સાથે સંકળાયેલ પાણી-પુરવઠા, ગંદા પાણી તથા મળના નિકાલ તેમજ વિદ્યુત ઉપકરણોનાં આયોજનની ગુણવત્તા અનુસાર આવાસમાં રહેનારને કાયમી અગવડ કે સગવડ અનુભવવી પડે. આવાસ-રચનામાં વિદ્યુત ઉપકરણોનો સમાવેશ તો આ સદીના વિકાસનું પરિણામ છે. પણ પાણી-પુરવઠા તથા ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા માટે માનવીએ પ્રાચીનકાળથી જ વિવિધ તકનિકો પ્રયોજી છે. આવાસમાં આવી વ્યવસ્થા આરોગ્ય અને સુખાકારી માટે પણ જરૂરી છે. વળી, તેનો પુનરાવર્તક ખર્ચ પણ આવાસના અન્ય ઉપયોગથી થતા ખર્ચથી વધુ હોય છે. આમ આવાસમાં સંરચનાનું યોગ્ય આયોજન મહત્ત્વનું બની રહે.

આવાસની આવી એક મૂળભૂત સંરચના - પાણી તથા ગંદકીના નિકાલની વ્યવસ્થાની ઉપયોગિતાની દૃષ્ટિએ ચાર સ્થાનો વર્ગીકૃત કરી શકાય. પ્રથમ, કપડાં-વાસણ ધોવાની ચોકડી કે 'વૉશ-એરિયા' જેનો ઉપયોગ પરંપરાગત આવાસમાં સ્નાન-સ્થાન તરીકે પણ કરાતો. આ માટે જરૂરી લાગે ત્યારે હંગામી આડાસ પણ ઊભી કરાતી. બીજું, સંડાસ કે જે માત્ર મળ-મૂત્રના ત્યાગ માટે જ વપરાય. ત્રીજું, સ્નાનાગર અથવા બાથરૂમ જેનો સ્નાનાર્થે ઉપરાંત પહેરવેશ તથા શણગાર માટે પણ ઉપયોગ થાય, અને ચોથું, ટોઈલેટ જેમાં સ્નાન-સ્થાન તથા સંડાસ સાથે હોય. ટોઈલેટનો ખ્યાલ મૂળભૂત રીતે પાશ્ચાત્ય છે. આપણે ત્યાં સ્નાન-સ્થાન તથા સંડાસને સાથે સાથે રાખવું એ સાંસ્કૃતિક તથા ધાર્મિક દૃષ્ટિએ યોગ્ય નથી ગણાતું, પરંતુ વૈશ્વિક પ્રકારની જીવન-શૈલીના પ્રસારથી પ્રથમ શહેરી વિસ્તારમાં અને પછી અર્ધ-શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં પણ તે સ્વીકૃત થતું જાય છે. જો કે આપણે ત્યાં હજુ ટોઈલેટ શબ્દ એટલો પ્રચલિત નથી થયો અને સામાન્ય રીતે ટોઈલેટને બદલે બાથરૂમ શબ્દ જ વપરાય છે. આ લેખમાં આપણે પણ બાથરૂમ શબ્દને ટોઈલેટના સંદર્ભમાં લઈશું.

પહેલાં સંડાસ-બાથરૂમની રચના દરેક શયનકક્ષ માટે અલગ અલગ નહીં પણ સમગ્ર આવાસ માટે એક જ સ્થાને કરાતી. આવું સ્થાન નક્કી કરવા માટે પાણીના સ્રોતનું સ્થાન તથા ગંદા પાણીના નિકાલની વ્યવસ્થાને ધ્યાનમાં રખાતી. વળી સંડાસ-બાથરૂમને અલાયદા, મુખ્ય મકાનથી દૂર ખુલ્લા ચોકની સામે પાર પણ રખાતા. સાથે સાથે સંડાસ-બાથરૂમની એક દીવાલ બહારના રસ્તા પર પડતી હોય તેવી રચના કરાતી જેથી ગંદું પાણી બારોબાર બહાર રસ્તા પર છોડી શકાય અને તે વખતે ઉપયોગમાં લેવાતા ડબ્બા પ્રકારના સંડાસમાંથી મળ બહારથી જ એકત્ર કરી શકાય. હાલના સંજોગોમાં જ્યારે ભુગર્ભ ગટર લાઈન હોય છે ત્યારે આવા મુદ્દાઓ ગૌણ બની રહે છે અને સંડાસ-બાથરૂમને ઘરના કોઈ પણ ખૂણે લઈ જઈ શકાય છે. જો કે વાસ્તુ-શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે સંડાસ-બાથરૂમ આવાસના હોવું જોઈએ અને આ પાછળનો તર્ક સંડાસ-બાથરૂમને પવનની મુખ્ય-દિશા સન્મુખ રાખવાનો હોઈ શકે. સાંપ્રત સમયે જ્યારે એક કરતાં વધુ શયનકક્ષ હોય અને પ્રત્યેકને - એટેચ - સંલગ્ન બાથરૂમ હોય ત્યારે આવું સંડાઝ-બાથરૂમનું એક જ નિર્ધારિત સ્થાન અવ્યવહારુ બની રહે છે. પરિણામે વાસ્તુ-શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે બનાવાયેલ આવાસમાં પણ સંરચનાના સ્થાન બાબતે છૂટછાટ લેવાય છે.

બાથરૂમ ઉપયોગિતામાં સરળતા રહે તેવું, આકર્ષક તથા સહેલાઈથી સફાઈ તેમજ સમારકામ કરી શકાય તેવું હોવું જોઈએ. બાથરૂમની રચનામાં મુખ્યત્વે સંડાસ માટેનું કમોડ કે જે યુરોપિયન શૈલીનું, ભારતીય શૈલીનું કે બન્નેના સમન્વયથી બનાવાયેલ ઍંગ્લો-ઈન્ડિયન શૈલીનું હોઈ શકે. નાહવા માટે બાથટબ, શાવર ટ્રે કે શાવર-મિકસ્ચર તથા હાથ-મોં ધોવા માટેનું વૉશ-બેશીન રખાય છે. આ વૉશ-બેશીન દીવાલ સાથે જડેલ કે કાઉન્ટર પર બનાવાયેલ હોઈ શકે અને તે વિવિધ આકારો તથા પ્રમાણમાપમાં પણ મળે છે. તે ઉપરાંત બાથરૂમમાં કેટલીક વાર પેશાબ કરવા માટે યુરીનલ અને મળની સફાઈ માટે બિડેટ પણ રખાય છે. પ્રમાણમાં મોટા બાથરૂમમાં ડ્રેસિંગ ટેબલ, હળવી, કસરતો માટેનાં સાધન, વજન કાંટો, કપડાંનાં કબાટ, સ્ટ્રીમ બાથ તથા સોના બાથ જેવાં



વચ્ચે કોઈ પણ આડશ વગર બનાવાયેલ બાથરૂમ


સાધનો તથા કપડાં ધોવાનું મશીન પણ રખાય છે.

આવાસના બાથરૂમ તેના સ્થાન પ્રમાણે બે પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય. પ્રથમ, જે તે શયનકક્ષ સાથે સંલગ્ન બાથરૂમ તથા અન્ય બે કે વધુ શયનકક્ષ માટે કે દીવાન-ખંડ - ભોજનખંડ નજીક રખાયેલ સામાન્ય બાથરૂમ. બાથરૂમની રચના પણ બે પ્રકારે કરાય છે. જેમાંના પહેલા પ્રકારમાં વચ્ચે કોઈ પણ આડ દીવાલ વગર બાથરૂમમાં બધાં જ ઉપકરણો પ્રયોજાય છે. વચ્ચે આડ દીવાલો ન હોવાથી આવાં બાથરૂમમાં પ્રમાણમાં ઓછાં ક્ષેત્રફળમાં વધુ ઉપકરણો સમાવી શકાય. અન્ય પ્રકારના બાથરૂમમાં પ્રત્યેક ઉપકરણ માટે નાના કપાર્ટમેન્ટ બનાવાય છે. અહીં આવી આડ દીવાલો પથ્થર, કાચ કે ચીનાઈ માટીની લાદી જેવી જળબંધ સામગ્રીમાંથી બનાવવી જરૂરી હોય છે. તે સિવાય પણ સરકતાં બારી-બારણાં, પ્લાસ્ટિકના પડદા કે વેનેશિયન બ્લાઈન્ડ્સ પણ આવી હંગામી આડાશ ઊભી કરી શકાય.


સંલગ્ન બાથરૂમ શયનકક્ષને અડીને આવેલો હોય તે સહજ છે. તે ઉપરાંત બાથરૂમ સામાન્ય રીતે આવાસના અંદરના-પાછળના - ભાગમાં પવનની દિશાથી વિરુદ્ધ રખાય છે. જેથી ત્યાંથી પવન સાથે વાસ પણ સમગ્ર આવાસમાં ન પ્રસરે. બાથરૂમનું સ્થાન નક્કી કરવામાં તેમાંથી નીકળતી પાઈપો ન દેખાય તેનું પણ ધ્યાન રખાય છે.

નાનામાં નાનો બાથરૂમ ૪ ફૂટ ૬ ઇંચ પહોળાઈ તથા ૬ ફૂટ લંબાઈનો હોઈ શકે. પરંતુ સામાન્ય રીતે તૈયાર ફ્લૅટમાં દેખાતાં આ માપનાં બાથરૂમ સંકડાશવાળાં ગણાય. સારી હોટેલોમાં નાનો બાથરૂમ ૫ ફૂટ પહોળાઈ તથા સાડા સાત ફૂટ લંબાઈનો હોય છે જેથી તેમાં વૉશ-બેશીન, કમોડ તથા બાથ એમ ત્રણેયની પાંચ ફૂટ × અઢી ફૂટની જગ્યા મળે. જો કે પહેલાના સમયથી જ વિશાળ બાથરૂમ બનાવવાની ઘેલછા ધનિક વર્ગમાં જોવા મળે છે. ઘણી વાર આવાં વિશાળ બાથરૂમ ૨૦૦ ચોરસ ફૂટ જેટલાં વિસ્તારનાં પણ જોવા મળે છે, જેમાં ડ્રેસિંગ તથા વૉર્ડરોબ ઉપરાંત સ્ટીમ બાથ, સોના બાથ, કસરત સ્થાન, તરંગોવાળો બાથટબ વગેરે પ્રયોજાતાં હોય છે. બાથરૂમ નાનો હોય કે વિશાળ, તેની રચનામાં કુદરતી તેમજ કૃત્રિમ હવા-ઉજાશનું ખાસ મહત્ત્વ છે. બાથરૂમમાં એકત્ર થયેલ પ્રમાણમાં વાસી તથા ભેજવાળી હવાને બહાર નીકળવા તથા સ્વચ્છ હવાને અંદર લાવવા મુકાતી બારીઓથી ગોપનીયતા ન જોખમાય તે જોવું પણ અગત્યનું છે. વળી નાના કે મોટા કોઈ પણ બાથરૂમમાં નાનાં સાફ ન કરી શકાય તેવાં ખાંચા-ખૂંચી ન હોય તે ઇચ્છનીય છે. તેથી જ બાથરૂમનો આકાર સામાન્ય રીતે ચોરસ કે લંબચોરસ જ હોય છે. એનાથી અન્ય ફાયદો એ થાય કે દીવાલ તથા ભોંયતળિયે જડાતી લાદીઓમાં બિન-જરૂરી કાપકૂપ ન થાય. જો બાથરૂમ ગોળાકાર કે વળાંકાકાર દીવાલોમાંથી બનાવાય તો તેમાં લાદી-જડતરમાં તકલીફ પડે. જોકે હવે દોઢ ઇંચના માપની પણ નાની નાની લાદી પણ મળે છે અને તેને વળાંકદાર સપાટી પર જડવાથી તકલીફ નથી થતી પરંતુ આવી નાની લાદીના ઉપયોગથી સાંધાની સંખ્યા વધી જાય જે ઇચ્છનીય નથી. આજ-

બાથરૂમના વિવિધ ઉપકરણો માટે અલગ અલગ કંપાર્ટમેન્ટ સાથેનો નકશો →



હોટેલના નાના બાથરૂમનો નકશો



કાલ બાથરૂમમાં મોટી લાદીઓ જડવાની ફેશન આવી સાંધા ઘટાડવાની ઈચ્છાથી જ પ્રચલિત થઈ છે.

બાથરૂમની રચનામાં જે તે ઉપકરણો ક્યારે અને કેટલાં સમયાંતરે વપરાય તે અનુસાર તે ઉપકરણને બાથરૂમના પ્રવેશથી દૂર કે નજીક રાખવામાં આવે છે. જેમ કે બાથરૂમનાં અન્ય ઉપકરણો કરતાં વૉશ-બેશીનનો ઉપયોગ મહત્તમ થતો હોવાથી તેને સામાન્ય રીતે બારણાં નજીક રખાય છે અને તેવી જ રીતે બાથ-ટબ દૂરના ભાગમાં. આવાં દૂરના છેડે જ પાણી જવાની મોરી રખાય છે જેથી જ્યારે પણ પાણી ભરાવાનો પ્રશ્ન ઊભો થાય ત્યારે આગળનો ભાગ તો સૂકો રહે. વળી બાથરૂમનાં વિવિધ ઉપકરણોનાં સ્થાન નક્કી કરવા માટે પાણી પુરવઠા, ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા તથા હવા-ઉજાસનું સ્થાન પણ ધ્યાનમાં રાખવું પડે છે. વળી ગોપનીયતા પણ એટલી જ મહત્ત્વની છે. ક્યારેક બાથરૂમની રચનામાં સૂકાં તથા ભીનાં ક્ષેત્રો એવું ઝોનિંગ પણ કરાય છે અને તે મુજબ જે તે ઉપકરણો જે તે ક્ષેત્રમાં રખાય છે.

ઉપયોગિતાની સરળતા માટે બાથરૂમમાં રખાતાં વિવિધ ઉપકરણો માટે ઓછામાં ઓછી કેટલી જગ્યા જોઈએ તે નિર્ધારિત થયેલું છે. વૉશ-બેશીનની મધ્ય રેખા દીવાલથી ઓછામાં ઓછી ૧૮ ઈંચના અંતરે રાખવી જરૂરી છે. તેમજ તેની ઉપરની સપાટી બાથરૂમના તળિયેથી ૩૦ થી ૩૨ ઇંચ ઊંચાઈએ રખાય છે. સંડાસ માટેનું કમોડ પણ દીવાલથી તેનું મધ્યબિંદુ ૧૮ ઇંચના અંતરે રહે તેમ રખાય છે. બાથ-ટબની ઊંચાઈ સામાન્ય રીતે ૧૫ ઈંચ જેટલી રખાય છે અને શાવર માટેનો દીવાલમાં જડેલ ફુઆરો ૬ ફૂટ ઊંચાઈથી ઉપર હોવો જોઈએ. બાળકોના બાથરૂમમાં આવાં માપો બદલાય તે સ્વાભાવિક છે. બાથરૂમમાં મૂકવામાં આવતો અરીસો ૨ થી ૩॥ ફૂટ ઊંચો હોય છે જેને વૉશબેશીનની દીવાલ પર વૉશબેશીનથી ૬ થી ૮ ઈંચ ઊંચાઈએ જડાય છે. તે ઉપરાંત પૂરી ઊંચાઈના અરીસા પણ બાથરૂમમાં જડાતા હોય છે. આ અરીસામાં જોવા માટે કુદરતી તથા કૃત્રિમ પ્રકાશ-વ્યવસ્થાનું આયોજન મહત્ત્વનું ગણાય છે. બાથરૂમમાં જડાતી અન્ય ચીજ-વસ્તુઓમાં સાબુદાની, નેપકીન, રીંગ, ટાવેલ રોડ, હૂક, પેપર હોલ્ડર વગેરે મુખ્ય છે. આ બધી ચીજ-વસ્તુઓ ચીનાઈ માટી ઉપરાંત પ્લાસ્ટિક, સ્ટેઈનલેસ સ્ટીલ, કલ્ચર્ડ માર્બલ તથા અન્ય ધાતુમાંથી બનાવાય છે.

બાથરૂમમાં ગરમ તથા ઠંડા પાણીની વ્યવસ્થાનું યોગ્ય આયોજન થયું હોવું જોઈએ. પહેલાંના સમયમાં ગરમ પાણીના પુરવઠા માટે કોલસા તથા લાકડાના બંબાનો ઉપયોગ થતો ત્યાર બાદ તાત્ક્ષણિત તથા સંગ્રાહક એમ બે પ્રકારનાં વિદ્યુત ગીઝર આવ્યાં. ઊર્જાની વધતી જતી કિંમતને કારણે હવે ગરમ પાણી મેળવવા લોકો સૌર ઊર્જા તરફ વળતા જાય છે. આમાંના પ્રત્યેક પ્રકારની વ્યવસ્થા માટે જુદી જુદી જરૂરિયાતો સંતોષવાની હોય છે. ઘણી વાર આવી કેટલીક જરૂરિયાતો બાથરૂમમાં જ સમાવવી પડે છે. જેમ કે સંગ્રાહક પ્રકારના વિદ્યુત-ગીઝર માટે કેટલીક વાર બાથરૂમમાં જ જગ્યા ફાળવવી પડે છે.

બાથરૂમમાં સામાન્ય રીતે ચીનાઈ માટીની લાદી દીવાલ તથા તળિયે જડાય છે. તે સિવાય પથ્થરો જડવાની પણ એક પ્રથા છે. પરંતુ પથ્થરને જ્યારે એસિડથી ધોવામાં આવે ત્યારે ડાઘ પડવાની શક્યતા રહે છે. બાથરૂમના તળિયે જડવા માટે સામગ્રી પસંદ કરતાં લપસી પડવાની શક્યતા પણ ધ્યાનમાં રખાય છે. બાથરૂમ આવાસના અન્ય ઓરડાઓ કરતાં નાનો કક્ષ હોવાથી તેમાં સફેદ કે તેવા આછા રંગનો ઉપયોગ વધુ થાય છે જેને કારણે તે વધુ નાનો ન લાગે. વળી આવા રંગથી બાથરૂમમાં પ્રમાણમાં નાની બારી હોવા છતાં જરૂરી પ્રકાશ-સ્તર જળવાઈ રહે. બાથરૂમના સુશોભન માટે કાચ, અરીસા, એક્રેલીક જેવી સામગ્રી પણ વપરાય છે અને જળબંધ દીવાલ - પેપર પણ લગાવાય છે. બાથરૂમ - પ્રમાણમાં નાનો કક્ષ હોવાથી તેના ક્ષેત્રના પ્રમાણમાપ પ્રમાણે તેની આંતરિક ઊંચાઈ ૭ ફૂટ જેટલી પણ ચાલે. તેથી ઘણી વાર બાથરૂમમાં ફોલ્સ સીલિંગ પણ બનાવાય છે.

આવાસમાં પ્રયોજાયેલ સંરચનાની માવજત ખૂબ જરૂરી છે. તેમાં પ્રયોજાયેલ વિવિધ ઉપકરણો પર વિવિધ પરિબળો સતત લાગુ પડતાં હોવાથી તે ઉપકરણોનું નિયમિત સમારકામ જરૂરી હોય છે. બાથરૂમની આવી જરૂરિયાત માટે ડકટ બનાવાય છે જેમાંથી હવા-ઉજાસ પણ લેવાય છે અને તેમાંથી પાઈપો પણ લેવાય છે. આવી ડકટનું માપ માણસ અંદર જઈ કામ કરી શકે તેવું હોવું જોઈએ. તે ઉપરાંત બાથરૂમની રચનામાં સારી ગુણવત્તાવાળાં ઉપકરણો વાપરવાં વધુ ઈચ્છનીય છે. બાથરૂમની રચનામાં વેન્ટપાઈપ તથા એન્ટિ માઈક્રોનિક પાઈપનું પણ ખૂબ મહત્ત્વ છે; અને તેટલું જ મહત્ત્વ જળબંધ રચનાનું છે.

જૂના જમાનામાં આવાસમાં બાથરૂમ-સંડાસ પ્રત્યે ઓરમાયું વર્તન રખાતું પણ હવે તેવું નથી. બાથરૂમને એક રૂમ તરીકે લેખવાની વિચારસરણી પ્રચલિત થતી જાય છે. બાથરૂમ પણ અન્ય ઓરડીઓ જેટલાં જ સ્વચ્છ રખાય છે તેની રચનામાં ઘણી વાર ૨-૩ લાખ રૂપિયા ખર્ચી નંખાય છે. કેટલાક તો બાથટબ જ લાખ રૂપિયા જેટલી કિંમતના હોય છે. સામાન્ય નળ જે ૧૦ રૂપિયામાં મળતો હોય તેવો સોનાના ઢાળવાળો નળ તેવા જ ઉપયોગ માટે લેવા માટે લોકો પાંચ હજાર રૂપિયા ખર્ચે છે. આમ ખર્ચમાં કોઈ સીમા નથી. આમ પણ બાથરૂમ વ્યક્તિનું સૌથી અંગત સ્થાન હોય છે અને તેની સજાવટ પોતાની પસંદ તથા પહોંચ પ્રમાણે કરવાની સૌની ઈચ્છા હોય. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

વહીવટીતંત્રમાં આળસ

તા. ૨૯-૩-૮૫ : અમદાવાદમાં પૂરબહારમાં વસંત ખીલી છે. પણ આ તો અમદાવાદી વસંત તાપમાન ૪૦ અંશ અને ૨૫ અંશ સેલ્શિયસ વચ્ચે. દરવાજા ઉપરના માંડવામાં જૂઈ અને મધુમાલતી ખીલી ઊઠી છે અને કંપાઉન્ડમાં દાખલ થતાં જ વસંતનાં વધામણાં આપતી સુગન્ધથી મન પ્રફુલ્લિત કરી દે છે.

ફરી પાછું આ અઠવાડિયે કોઈના કાગળ આવ્યા નથી. એ તો આવશે ! હવે ટેવાઈ ગયાં છીએ. ગુજરાતમાં છાશવારે આંદોલન થાય અને ટપાલમાં ગરબડ થાય. આમે અમારા વહીવટીતંત્રમાં આળસ ઘણું, તેમાં આંદોલન ભળે એટલે પછી પૂછવું જ શું ?

પોલિટેક્નિકથી મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ જતો ધોરી માર્ગ વિક્રમ સારાભાઈ માર્ગ કહેવાય છે. આ રસ્તાની નીચેથી પસાર થતી પીવાના પાણીની પાઈપ તૂટી ગઈ હશે એટલે તેમાંથી વહેતા પાણીને લીધે રસ્તાની નીચેની માટી ધોવાઈ ગઈ. ફરતી ટ્રકના વજનથી ઉપરનું ડામરનું પોપડું તૂટી ગયું અને ખાસ્સો ૧ ફુટ ત્રિજ્યાનો ૧ ફુટ ઊંડો ગોળ ખાડો રસ્તા વચ્ચે પડી ગયો અને આ ખાડો નિર્મળ જળથી ભરેલો.

રસ્તા પરનાં વાહનો આ જળાશયને આંતરીને જાય. એક અઠવાડિયું થયું પણ રિપેરના કોઈ અણસાર ન મળે. ત્યાં તો આંદોલન આવ્યું, હુલ્લડ થયું, કરફ્યુ પડ્યો, પછી તો કારીગર ક્યાંથી દેખાય ? દરમિયાન રસ્તા ઉપરથી ઘેટાં-બકરાંનું ટોળું લઈ રબારી નીકળ્યો. ઘેટાંઓએ સ્વચ્છ જળ ભરેલો આ ખાડો જોયો. ૪૦ અંશ તાપમાનવાળી બળબળતી બપોરે ઘેટાંને આ સ્વચ્છ શીતલ જલમાં રસ પડ્યો અને બધાં ખાડા આસપાસ ઘેરો ઘાલીને પાણી પીવા લાગ્યાં. રસ્તાની બન્ને બાજુનો ટ્રાફિક જામ ! રબારી ગમે તેટલી બૂમ પાડે, લાકડી ઠોકે પણ ઘેટાંની આંખ પાણીથી આઘી કેમ જાય ! ખેર, છેવટે મ્યુનિસિપાલિટીની આંખ ઊઘડી એવું લાગ્યું. આજે એ ખાડા પાસે મોટો પથરો મૂક્યો છે અને હવે ચોમાસા પહેલાં તે ખાડાવાળો રસ્તો કદાચ રિપેર થઈ જશે !

અમારા વહીવટીતંત્રમાં આટલું બધું આળસ - પછી તમારા પત્રો સમયસર ન મળે તો ઝાઝી ચિંતા ન થાય તે સમજાય તેવું છે !

અનામત આંદોલન

તા. ૧૨-૪-૮૫ : એસ.એસ.સી. અને હાયર સેકન્ડરી પરીક્ષા જે ૧૮મી માર્ચે શરૂ થવાની હતી તે હજુ સુધી શરૂ થઈ શકી નથી. હરિજનો અને આદિવાસીઓ સિવાયની પછાત કોમો માટે અનામતની ટકાવારી ૧૦ થી વધારીને ૨૮ ટકા કરવાનો સરકારે નિર્ણય કર્યો તેની સામે ૨૦ ફેબ્રુઆરીથી આંદોલન શરૂ થયું છે. ૧૬મી માર્ચે સરકારે નમતું મૂક્યું અને અનામતના વધારાનો અમલ એક વર્ષ સુધી નહીં થાય એમ જાહેર કર્યું. પણ પછી તો અમદાવાદમાં હિન્દુ-મુસ્લિમ હુલ્લડો થયાં. જોકે ગુંડાઓને નાણાં આપીને કરાવેલાં આ હુલ્લડ તો નાણાં વપરાઈ ગયાં એટલે શાંત થઈ ગયાં પણ દરમિયાનમાં સરકારે અનામત-આંદોલનના વિદ્યાર્થી-નેતાઓની ધરપકડ કરી એટલે આંદોલન તો ચાલતું રહ્યું. આમ બે મહિનાથી શાળાઓ બંધ છે. યુનિવર્સિટીઓએ કૉલેજમાં વૅકેશન જાહેર કર્યું છે. શાળાની વાર્ષિક પરીક્ષાઓ નથી લેવાઈ અને ૧૦ અને ૧૨ ધોરણની બોર્ડની પરીક્ષા પણ નથી લેવાઈ !

આ આંદોલનની વિશેષતા એ છે કે આમાં વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓ પણ જોડાયા છે. આંદોલન દરમિયાન શાળાએ શાળાએ વાલીમંડળો સ્થપાયાં અને આ જુદાં જુદાં વાલીમંડળોનું એક ફેડરેશન (સંઘ) રચાયું અને આ ફેડરેશન આંદોલનમાં સક્રિય છે. અમારી રાજ્ય સરકારની તો 'માં, મને કોઠીમાંથી કાઢ' જેવી હાલત થઈ છે. બોર્ડની પરીક્ષાઓ સમયસર લઈ શકાતી નથી તેથી સરકારની આબરૂ જાય છે અને આંદોલન આગળ નમતું જોખે તોયે આબરૂ જાય ! એટલે હવે નવું ગતકડું શરૂ થયું છે. સરકારના પ્રધાન રોજ સાંજે પ્રેસ કૉન્ફરન્સ બોલાવે. એક દિવસ પ્રધાને કહ્યું, 'અત્યારે તો વાલી-મંડળોનો રાફડો ફાટ્યો છે એટલે વાટાઘાટ માટે કયા વાલીમંડળને બોલાવવું ?' બીજે દિવસે વાલી-મંડળોના ફેડરેશનના પ્રમુખનું નિવેદન આવ્યું કે, 'લાઠીચાર્જ કરતી વખતે જે વાલીમંડળની સભામાં પોલીસનાં ધાડાં મોકલો છો એ વાલીમંડળને બોલાવો.' પછીની પ્રેસ કૉન્ફરન્સમાં (ગઈ કાલે) પ્રધાને કહ્યું કે વિરોધ પક્ષના નેતાને અમે કહ્યું છે કે સરકાર વતી વાલીમંડળ - ફેડરેશનના પ્રમુખને વાટાઘાટ માટે આમંત્રણ આપે.

આમ અત્યારે તો છાપાં મારફતે સરકાર અને આંદોલનકારો વચ્ચે 'વાટાઘાટ' ચાલે છે. હું માનું છું કે સરકારને આ પ્રશ્નનો નિવેડો જલદી લાવવો છે એટલે એક-બે દિવસમાં આંદોલનકારો અને સરકારના પ્રતિનિધિ સામસામે ટેબલ ઉપર બેસીને બેઉની આબરૂ સચવાય તેવો ઉકેલ શોધી કાઢશે.

અત્યારે તો એસ.એસ.સી. અને હાયર સેકન્ડરીના પાંચ લાખ વિદ્યાર્થીઓ નથી પરીક્ષાની તૈયારી કરી શકતા કે નથી શેરીઓમાં છૂટથી રમી શકતા. આ અનિશ્ચિતતાનો અંત આવે તે જરૂરનું છે અને તેથી જ મને એમ થાય છે કે બે-ત્રણ દિવસમાં નિવેડો આવી જશે.

પોલીસો આંદોલનને માર્ગે ?

૧૯-૪-૮૫ : આ અનામત-વિરોધી આંદોલનમાં એક સાંધો ત્યાં તેર તૂટે તેવો ઘાટ છે. સમાધાન માટે વાટાઘાટ કરવાનું વાતાવરણ જામે ત્યાં વળી કાંઈક નવું ઊભું થાય. સરકારે ધરપકડ કરેલા વિદ્યાર્થી-નેતાઓને છૂટા કર્યા, ત્યાં તો કરફ્યુ દરમિયાન ખાડીઆમાં પોલીસોએ પોળમાં ઘૂસી જઈ સિતમ ગુજાર્યો. બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ જે હડફટ્ટે ચડ્યાં તેને મૂઢ માર માર્યો, બારી ઉઘાડી હોય તો ઉઘાડી બારીમાંથી ગોળીબારો કર્યા. આ બધું પરમ દા'ડે થયું. દસ દિવસ પહેલાં અસારવામાં પોલીસે સ્ત્રીઓ ઉપર મારઝૂડ કરી હતી ત્યારે લોકોએ મેજિસ્ટ્રેટની કોર્ટમાં કેસ કર્યો હતો પણ તે કેસના જવાબદાર પોલીસ ઑફિસરને સરકારે અસારવાથી ખસેડી સરસપુર મૂક્યો. એટલે આ વખતે મેજિસ્ટ્રેટની કોર્ટને બદલે હાઈકોર્ટમાં ધા નાખી છે. આજે હાઈકોર્ટમાં સુનાવણી છે. શું થયું તે કાલે સવારે છાપામાં વાંચશું ત્યારે ખબર પડશે.

વિદ્યાર્થીનેતાને છોડ્યા જેથી જલદી વાટાઘાટ કરી આંદોલનનો અંત આવે ત્યાં આ પોલીસ અધિકારીઓ સામે સરકાર પગલાં ન લે ત્યાં સુધી વાટાઘાટો નહીં તેવી સ્થિતિ ઊભી થઈ છે. પણ હવે સરકાર ગળે આવી ગઈ છે એટલે પોલીસ અધિકારીઓ સામે કાંઈક પગલાં જરૂર લેશે.

તા. ૨૭-૪-૮૫ : પણ સરકાર આવાં કોઈ પગલાં લે તે પહેલાં પોળોમાં પોલીસે ગુજારેલા સિતમનો કદરૂપો પ્રતિભાવ આ આખા અઠવાડિયામાં અમદાવાદે અનુભવ્યો.

તા. ૨૨મીએ રાયપુર-ખાડીઆમાં કરફ્યુની છૂટછાટ દરમિયાન રાયપુર ચકલા પોલીસ ચોકીના હેડ કૉન્સ્ટેબલ લક્ષ્મણભાઈ દેસાઈનું ભર રસ્તા ઉપર છરો ભોંકીને ખૂન થયું. આ સમાચાર વાયુવેગે પ્રસરતાં શહેરમાં ફરજ બજાવતા પોલીસો અકળાઈ ઊઠ્યા અને ફરજ છોડી વાડીલાલ હૉસ્પિટલ (જ્યાં લક્ષ્મણભાઈનો મૃતદેહ હતો) પહોંચ્યા. તે દિવસના બપોરના ૧૨-૦૦ વાગ્યાથી શહેરની પોલીસ નિષ્ક્રિય થઈ ગઈ, એટલું જ નહિ પણ છાપામાં આવતી વાતોથી હતાશ થયેલા પોલીસોએ વાડીલાલ હૉસ્પિટલની આજુબાજુની દુકાનોને આગ લગાડવાનું શરૂ કર્યું. પોલીસ પોતે જ તોફાન, લૂંટફાટ, આગ શરૂ કરે એટલે પછી બીજા શું કામ પાછળ રહે ! સાંજ સુધીમાં તો વાડજથી વાસણા સુધી ઠેરઠેર દુકાનો બાળવામાં આવી, લૂંટવામાં આવી.

શહેરમાં પોલીસનો રોષ છાપાંવાળાઓ ઉપર ઠલવાયો છાપાના ખબરપત્રી કે ફોટોગ્રાફરને વીણી વીણીને પોલીસોએ મારવા માંડ્યા. ૨૨મીએ બપોરે ગુજરાત સમાચાર ઉપર હુમલો થયો. જીપમાં આવેલા પોલીસો અને બીજાઓએ સળગતા કાકડા નાખી મકાનને આગ લગાડી. બંબાવાળા આગ બુઝાવવા આવ્યા તો પથ્થરમારો કરી તેમને ભગાડી મૂક્યા. મકાન ભડકે બળતું રહ્યું.

બાપુનગર, રખિયાલ જેવા કામદાર વિસ્તારોમાં પોલીસોએ કોમી રમખાણો જગાવ્યાં. જેમનાં ઘર-ઝૂંપડાં બળી ગયાં છે એવા સાતેક હજાર લોકો નિરાશ્રિત છાવણીમાં રહે છે. આવી એક છાવણીના મુસલમાન લોકો તો પોકારી પોકારીને કહે છે કે પોલીસોએ સામે ચાલીને અમને માર્યા છે અને કોમી દાવાનળ સળગાવ્યો છે!

આ સંયોગોમાં જનતાનો પોલીસ દળમાંથી વિશ્વાસ ઊઠી ગયો છે. તા. ૨૩મીથી બધી જ દુકાનો, રસ્તા પરની સાયકલ રીપેરિંગ સુધ્ધાં બધી જ દુકાનો બંધ છે. પોસ્ટ-ઑફિસો, બૅન્કો, સંસ્થાઓ બધું જ બંધ છે.

શહેરમાં લશ્કરની હાજરી બેવડી કરવામાં આવી છે. રોજ રાત્રે પરાં વિસ્તારની સોસાયટીમાં લોકો ચોકી-પહેરા કરે છે. ગઈ કાલથી ભયની લાગણી થોડી ઘટવા લાગી છે. દુકાનો ધીરે ધીરે ખૂલવા લાગી છે. બે-ત્રણ દિવસમાં બસ સર્વિસ ચાલુ કરવાની વાતો થાય છે. બૅન્કો પણ ખૂલશે, પોસ્ટ ઑફિસો પણ ખૂલશે અને બીજું કાંઈ ગતકડું ઊભું ન થાય તો એકાદ અઠવાડિયામાં જનજીવન સામાન્ય કદાચ ન થાય પણ લોકો નિર્ભય રીતે હરતાફરતા તો થઈ જશે.

પણ રાજકારણીઓએ ઊભી કરેલી આ પોલીસદળ વિશેની અશ્રદ્ધા જનતા જલદી જલદી વિસરી શકશે કે કેમ તે મોટો સવાલ છે.

ધનવાન મજનુએ કરેલો ખેલ

તા. ૨૪-૫-૮૪ : આજકાલ પત્રમાં હુલ્લડ, આંદોલન, પથ્થરમારો, છરાબાજી, કરફ્યુ સિવાય બીજું લખવાનું મળતું નથી. અહીં બધું બહુ જ વ્યવસ્થિત ગોઠવાઈ ગયું છે. અમદાવાદમાં સળગે, અઠવાડીએ જરા શાન્ત થાય એટલે વડોદરામાં શરૂ થાય. ત્યાંનો સમયગાળો બે દિવસનો. ત્યાં શાંત થાય એટલે સુરતમાં મામલો બીચકે. આજકાલ સુરતમાં શરૂ થયું છે. ચારેક દિવસમાં ત્યાં શાંત થશે એટલે અમદાવાદમાં બીજો રાઉન્ડ શરૂ થશે.

હા, પણ આ પત્ર લખવાનું ખાસ કારણ છે. બે દિવસ પહેલાં શેખાદમ આબુવાલાનું અવસાન થયું. તેનો પ્રથમ ગઝલ-સંગ્રહ 'ચાંદની' આપણે ઘેર છે. શેખાદમ કૉલેજમાં ભણતો હતો ત્યારે તાજમહેલ પર લખેલી તેની ગઝલે તેને પ્રખ્યાત કરી દીધો :

ચમકતો ને દમ તો શાહજહાંનો મહેલ જોવા દે;
મને ધનવાન મજનુએ કરેલો ખેલ જોવા દે.
પ્રિયદર્શન કાજ જેમાં પ્રેમ કેદી છે જમાનાથી,
મને એ ખૂબસૂરત પથ્થરોની જેલ જોવા દે !

૫૫ વર્ષની ઉંમરે કેન્સરમાં રીબાઈને ગુજરી ગયો. પરણ્યા વગરનો એ એની મા સાથે રહેતો હતો. મુશાયરામાં એ એટલો બધો લોકપ્રિય કે વ્યવસ્થાપકો એનો વારો છેલ્લો જ રાખે; નહિતર બીજા કવિ ફિક્કા પડી જાય ! □

ઇતિહાસધારા

મુગલ સમ્રાટ શાહજહાંની માંદગી દરમિયાન રાજકાજ એનો મોટો પુત્ર અને રાજગાદીનો સર્વથા યોગ્ય અધિકારી દારા શિકોહ ચલાવતો. વિદ્વત્તા અને સર્વ ધર્મ સમભાવ વડે પ્રજાનાં દિલ પણ તેણે જીતી લીધેલાં.

દારા સિવાય શાહજહાંને બીજા પણ ત્રણ પુત્રો હતા અને તે શુજા, મુરાદ અને ઔરંગઝેબ. આ ચારે શાહજાદામાં ઔરંગઝેબ સૌથી ચકોર હતો. તેની જિંદગીનો મોટો ભાગ દક્ષિણની સૂબાગીરીમાં વીત્યો હોઈને રાજકારોબાર તેમજ સેનાસંચાલન બંનેમાં એ નિપુણ હતો, અને કુટિલતામાં તો તેને કોઈ જ પહોંચી શકે તેમ નહોતું. તેની કૂટનૈતિક ધૂર્તતાને લઈને તે વખત આવ્યે બાજ જેવો, તો વખત આવ્યે કબૂતર જેવો પણ બની બતાવતો.

દારા સિવાયના બાકીના ત્રણ શાહજાદામાંથી શુજા બંગાળનો, મુરાદ ગુજરાતનો અને ઔરંગઝેબ દક્ષિણનો સૂબો હતો. ત્રણેને દારા પ્રત્યેનો શાહજહાંનો પક્ષપાત એકસરખો ખૂંચતો. શાહજહાં પછી પોતે જ આ દેશના સમ્રાટ બનવાની મહત્ત્વાકાંક્ષા ત્રણેમાં ઘર કરી બેઠી હતી. એટલે ઈ.સ. ૧૬૫૭ના ડિસેમ્બરમાં શાહજહાં ગંભીર માંદગીમાં પટકાયાની જાણ થતાં જ દિલ્હીનું તખ્ત હાથ કરવા ત્રણે ભાઈઓ પોતપોતાની સેનાઓ સાથે આગળ વધ્યા - શુજા બંગાળથી, મુરાદ ગુજરાતથી અને ઔરંગઝેબ દક્ષિણથી.

ચકોર ઔરંગઝેબે ગણતરી કરી લીધી કે શુજાને તો દિલ્હી પહોંચતાં લાંબો વખત લાગે એમ હતું જ્યારે મુરાદ જલદી ત્યાં પહોંચી જઈ શકે તેમ હતું. આથી કોઈ પણ ઉપાયે મુરાદને સાધી લેવા તેણે એને કહેણ મોકલાવ્યું કે, પિતા શાહજહાંને દારાના પંજામાંથી મુક્ત કરવા પોતે તેની સહાયમાં રહેશે અને તેને ગાદીનશીન કરીને પોતે મક્કા ચાલ્યો જશે.

ભોળો મુરાદ ઔરંગઝેબની આ ચાલમાં આવી ગયો. બંનેની સેના સંયુક્તપણે દિલ્હી ભણી આગળ વધી. દિલ્હીમાં આ સમાચાર પહોંચતાં દારાએ જોધપુરના રાજા અને મુગલ સામ્રાજ્યના સેનાપતિ જસવંતસિંહને સામનો કરવા મોકલી આપ્યો, પણ સામનામાં જસવંતસિંહને પીછેહઠ કરવી પડી. જસવંતસિંહ સામેના આ વિજયનો સઘળો યશ મુરાદની બહાદુરી અને નેતાગીરીને આભારી હોવાનું જણાવી ઔરંગઝેબે એટલી તો વિનમ્રતા પ્રદર્શિત કરી કે મુરાદની આગળ પોતે કશી વિસાતમાં નથી.

બાદ સસૈન્ય આગળ વધતા બંને ભાઈઓએ ચંબલ નદી પાર કરી આગ્રાથી થોડા અંતરે આવેલા સામૂગઢ મુકામે પડાવ નાખ્યો. આ સમાચાર મળતાં બીમાર શાહજહાં જાતે તેમના મુકાબલા માટે તૈયાર થઈ ગયો, પણ તેના સાળા શાઈસ્તખાંની વિનંતિ પરથી ૭૦,૦૦૦ની શાહી સેના સાથે દારાને મુકાબલા માટે મોકલી આપ્યો.



ઔરંગઝેબ

ઈ.સ. ૧૬૫૯ના મેની ૨૯મીએ દારા સામેના યુદ્ધમાં વિજયી નીવડ્યા બાદ ઔરંગઝેબે ઘૂંટણિયે પડી નમાઝ પઢવી શરૂ કરી, અને તે પતાવીને સીધો જ પહોંચ્યો મુરાદની છાવણી પર. યુદ્ધમાં વિજય બદલ તેને મુબારકબાદી આપતાં તેને યુદ્ધમાં થયેલા ઘામાંથી વહેતું લોહી ઔરંગઝેબ જાતે પોતાના હાથે લૂછવા માંડ્યો. મુરાદ તો આને ઔરંગઝેબનો ભ્રાતૃપ્રેમ જ માનતો રહ્યો, તેનો સાચો ઇરાદો એ કળી જ ન શક્યો.

બે દિવસ યુદ્ધનો થાક ઉતારી બંને ભાઈઓ સસૈન્ય આગ્રાની દિશામાં આગળ વધ્યા. શાહજહાંને આશા હતી કે બંને પુત્રો પોતાને મળવાને આવશે, પણ તેમણે તો કિલ્લાને જ ઘેરો ઘાલી દીધો, કિલ્લામાં જતી જમનાની એક નહેરનું પાણી બંધ કરી દીધું. અને શાહજહાંને કિલ્લામાં જ કેદમાં રાખી માત્ર શાહજાદી જહાનઆરાને તેની ખિદમતમાં રહેવા દીધી.

પોતાની એકેએક ગણતરી પાર પાડ્યે જતા ઔરંગઝેબે હવે જ તેનું સાચું પોત પ્રકાશ્યું. મથુરા મુકામે તેણે એક જબરી દાવત ગોઠવી. મુરાદને તેમાં ભાવભર્યું નિમંત્રણ આપ્યું. મુરાદની દારૂની લત તે જાણતો હોઈને એને હોશોહવાસ ખોઈ બેસે ત્યાં સુધી દારૂ પીવા દીધો. જ્યારે તે હોશમાં આવ્યો ત્યારે મુરાદે પોતાને જંજીરોમાં જકડાયેલો જોઈ ઔરંગઝેબને ખૂબ ભાંડવા માંડ્યો, પરંતુ ઔરંગઝેબને હવે તેની કશી પડી ન હોઈને તેને ગ્વાલિયરના કેદખાનામાં મોકલી આપ્યો.

પરંતુ મુરાદને વધુ વખત જીવતો રાખવો પોતાને માટે ખતરનાક લાગતાં ઔરંગઝેબે એક જણને એવી ફરિયાદ કરવા ઊભો કર્યો કે મુરાદ જ્યારે ગુજરાતનો સૂબો હતો ત્યારે તેના પિતાને વિના વાંકે પ્રાણદંડ આપ્યો હતો. આ તરકટી ફરિયાદ પરથી મુરાદને ગુનેગાર ગણી ગ્વાલિયરના કિલ્લામાં જ ઈ.સ. ૧૬૬૧ના ડિસેમ્બરની ૪થીએ ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો. □

— અશોક હર્ષ —

મૂળ લેખક : કાર્લ સ્ટીફનસેન

અદમ્ય સાહસની અદ્‌ભુત જર્મન કથા

અબજો સામે એક

અનુવાદક : રવીન્દ્ર ભટ્ટ

જાણે કે વહેતું પૂર હોય એમ સો વાર પહોળું અનેક કીડીઓનું ઘેરું લાલ ચમકતું પૂર નહેરની સામેની સહેજ ઢળતી દીવાલ ઉપરથી નહેરમાં ખાબકતું હતું. તેમાંની ઘણી તો ધીમે વહેતાં પાણીમાં ડૂબી જતી-તણાતી દેખાતી હતી. તેની પાછળ એક પછી એક કીડીઓની હરોળ પાણીમાં ઊતરતી જતી હતી, મરતી અને તણાતી કીડીઓ ઉપર ચઢતી, પછી મરતી, તરફડિયાં મારતી પાછળની હરોળને આગળ સરકવા માટે એક અસ્થિર પુલ-માર્ગ જેવી બનતી!

પાણીમાં પડેલ કીડીઓ નહેરના મધ્ય ભાગ સુધી આ રીતે તો તણાઈ આવી અને પછી થાકતાં વીખરાતી જતી પાણીની સપાટી ઉપરથી અંદર ગરક થઈ ગઈ. તો પણ સામે કાંઠે જામતી જતી, ઊભરાતી, જીવંત કીડીઓની હરોળ ધીમે ધીમે, કઠોર રીતે આગળ વધતી હતી. આવું દશ્ય જોઈ લેનીન્જન સમજી ગયો કે ઘણી બધી કીડીઓ નહેરના ખાડામાં પડી મરીને ખડકલો બને (અલબત્ત વહેણને લીધે જ તો) પછી જ પાછળનું જૂથ આગળ વધવાને બદલે, તણાતી મરતી કીડીઓ પાછળથી ખાબકતી જીવંત કીડીઓ માટે, ઓળંગવાનું સાધન બની જાય.

લેનીન્જન પાસે ઊભેલા એના માણસો નવા હુકમોની રાહ જોતા ઊભા હતા. લેનીન્જને એકને બંધ ઉપર મોકલ્યો - પાણીના વહેણની ગતિ અને જોશને વધારવા માટે. બીજાને, મુખ્ય મકાન પાસેની છાપરીઓમાંથી પાવડાઓ અને પેટ્રોલ છાંટવા માટેના ઝારાઓ લઈ આવવા મોકલ્યો. એક સાધારણ કદની પેટ્રોલની ટાંકી પણ મંગાવી લીધી. ત્રીજાને મુખ્ય નિરીક્ષણ સ્થળોએ ઊભેલા ચોકિયાતો સિવાયના બધાને બોલાવી લાવવા દોડાવ્યો.

કીડીઓ ધાર્યા કરતાં ઘણા વધારે વેગથી નહેરના પાણીમાં આગળ વધતી હતી અને પાછળની પડતી કીડીઓના ધોધના ધક્કાથી અંદરના કાંઠા તરફ ધકેલાતી હતી. એ સામુદાયિક વેગ પાસે પાણીનો મંદ પ્રવાહ યોગ્ય રીતે કામ નહોતો આપતો અને કીડીઓનું પાણીમાં અંદર ખેંચાઈ તણાઈ જવાનું પણ ધીમેથી થતું હતું. પરિણામે એક બે મરતી કીડીઓ પાછળ પંદર વીસ જીવંત કીડીઓ આગળ વધતી દેખાતી હતી.

જ્યારે બોલાવેલા બધા માણસો અને સાધનો આવી ગયાં ત્યારે કીડીઓ નહેરમાં અડધે સુધી પહોંચી ગયેલી. વાડીના માલિકનું એ નસીબ હતું કે, તે વખતે આક્રમણ સામેના કાંઠાની થોડીક જ પટ - પહોળાઈ ઉપરથી થઈ રહ્યું હતું. એ સમગ્ર પટ-પહોળાઈ ઉપર થયું હોત તો વાડીના સૌના જીવ પૂરા જોખમમાં મુકાઈ ગયા હોત.

જે આક્રમણ જેટલા પટ ઉપરથી થતું હતું તે પણ સલામતી માટે સારું તો નહોતું જ. ભયાનક સ્વરૂપ લે એવું મૃત્યુ નજીક અને નજીક આવી રહ્યું છે એવી શક્ય પરિસ્થિતિ લેનીન્જન માટે હજી તો અનપેક્ષિત હતી, પણ જેમ જેમ તેની બુદ્ધિ અને ઈશ્વરની ભયાનક લીલા વચ્ચેનું યુદ્ધ ગંભીર અને પરાકાષ્ઠાએ પહોંચતું થયું ત્યારે જ સંભવિત સર્વનાશની ઝાંખી એ બહાદુર ખેડૂતને થવા માંડી. એને લાગ્યું કે એક નવા જ પ્રકારની વિરાટ અને રોમાંચક ઑલિમ્પિક રમતની સ્પર્ધામાં એ એક ચૅમ્પિયન છે. એણે વિજયી થવાનો જ દૃઢ નિર્ણય કર્યો. એ વખતે એના ચહેરા ઉપર એવો પ્રભાવક આત્મવિશ્વાસ દેખાતો હતો કે, ત્યારે અનાથી એક બે વાર જ દૂર ઊભેલા અને ભયથી સ્તબ્ધ થઈ ગયેલા એના સ્થાનિક કાર્યકરો તે ભયને ભૂલી જઈને સતેજ થઈ ગયા અને આવેશથી અંદરના કાંઠાને ખોદવા માંડ્યા. એ સૂચના લેનીન્જને સાનમાં જ આપેલી અને પાવડા મગાવેલા એટલે કાર્યકરો તેમ કરવાનું સમજી તો ગયેલા જ. જે માટીનાં ઢેફાં ઊખડતાં ગયાં તે અને આસપાસની રેતી પાવડામાં ભરી ભરીને નહેરના પાણીમાં મધ્ય સુધી પહોંચી ગયેલી કીડીઓ ઉપર ફેંકવા માંડ્યા. વાડીના પાકો અને વનસ્પતિ માટે આફતરૂપ થતાં જીવજંતુઓ માટે વપરાતા પેટ્રોલ-ઝારાને (જંતુનાશક દવાઓનો એ જમાનો નહિ) પણ ઉપયોગમાં લેવાની શરૂઆત થઈ. પેટ્રોલની લાંબી ગંધાતી ઝીણી ધારો કીડીઓ ઉપર ઝીંકાવા માંડી. માટીના પડતા ઢેફાથી અને રેતની રજકણોથી કીડીઓ ઝાવાં મારતી અને અવ્યસ્થિત તો થઈ ગયેલી જ તેમાં પેટ્રોલ ઉમેરાયું.

આવા પ્રબળ અને સફળ લાગતા રક્ષણના પગલાથી કીડીઓએ પોતાના આક્રમણનો વ્યૂહ બદલ્યો. જ્યારે એક તરફ કીડીઓ પાણીમાં સરકતી ગઈ ત્યારે લેનીન્જને જોયું કે આક્રમણ જે મર્યાદિત પટ ઉપરતી થતું હતું તેનો ફલક વિસ્તરવા માંડેલો. લેનીન્જનને પક્ષે માણસોની અને ઝારાથી પેટ્રોલ છાંટનારાઓની સંખ્યા મર્યાદિત હતી ત્યારે સામેને કાંઠે અબજોની સંખ્યાનો

કીડીનો વિસ્તાર હતો જે હવે પહોળા પટ ઉપર આક્રમણ થતાં થથરાવી દે, મૂંઝવે તેવા અને પ્રતિકારક માટે અશક્ય એવા ભય જેવો થયો હતો.

લેનીન્જનની વધતી જતી મુશ્કેલીઓમાં એક વધારો એ થયો કે, ફેંકાતા ઢેફાના કોઈ કોઈ ટુકડા નહેરના અંદરના કાંઠા તરફ પાછા ભટકાતા હતા જેના ઉપર ચઢી ગયેલી કે ચોંટી ગયેલી લાલ કીડીઓ કાંઠા ઉપર ચઢતી દેખાવા માંડી. અલબત્ત, જ્યાં જ્યાં દેખાય ત્યાં ત્યાં તો નોકરો પાવડામાં માટી ભરીને પાણીમાં પાછી ધકેલતા. બધા સારી રીતે ઉશ્કેરાયેલી અવસ્થામાં કામ કરી રહ્યા હતા, પણ તેઓની હાલત થોડી ક્ષણો માટે તો વધારે અને વધારે જોખમવાળી થતી જતી હતી.

આ થતું હતું ત્યારે એક જણાએ પાવડો કીડીઓના એક નાના જથ્થાને પાણીમાં પાછો ધકેલવા તેના ઉપર પછાડ્યો, પણ પાવડો પાછો ખેંચી લેવામાં જરાક ઢીલ થઈ. પરિણામે પાવડાના હાથા ઉપર આમતેમ દોડાદોડી કરતું કીડીઓનું એક નાનું ઝુંડ ચઢી આવ્યું. રાડ પાડીને એ માણસે પાવડો પાણીમાં ફેંકી દીધો. તેમાં પણ એ મોડો પડ્યો. કેટલીક કીડીઓ એના હાથ ઉપર ચઢી આવીને જ્યાં ચામડી દેખાઈ ત્યાં ડંખો મારવા માંડી. એમાં જે થોડી મોટી હતી તેનો ડંખ તો ઝેરી. બૂમાબૂમ કરતો એ માણસ બિચારો આમતેમ કૂદવા માંડ્યો.

ચારેકોર લેનીન્જનની ચકોર નજર તો ફરતી જ હતી. તેણે આ જોયું. જે એ એકને થયું તે જોવાથી બીજા કાર્યકરોને – નોકરોને મૂંઝવીને ધીરજ ગુમાવતા કરી દે તો? એ ખ્યાલ આવતાં જ એણે ત્રાડ નાખી: 'પેટ્રોલમાં – પેટ્રોલમાં હાથ બોળી દે પેટ્રોલમાં' ક્ષણ એક સ્તબ્ધ થઈ આમતેમ કૂદવાનું બંધ કરી માલિકની સૂચના સાંભળી તે નોકરે પોતાનું ખમીશ ફાડી નાખી પેટ્રોલની ખુલ્લી ટાંકીમાં હાથ બોળી દીધા. તો પણ કીડીઓ ઊખડી નહિ. બીજા માણસે એકદમ મદદે આવી એક એક કીડીને ચૂંટી ચગદી નાખી.

આ બનાવથી બેધ્યાન થયેલા નહેરનું રક્ષણ કરતા બીજા નોકરો શું થયું તે જોવા પાછા ફરી ગયેલા. તે દરમિયાન થોડી વધુ કીડીઓ વાડી ઉપર આવી જતાં તે બધા તે કીડીના નાના જથ્થાને કચડી નાખવા પાવડા પછાડવા માંડ્યા અને માટી તથા રેતીના મોટા જથ્થાનો મારો સતત કરવા માંડ્યા. વાડીમાં એક સાચું ડોશીવૈદું જાણતો કાર્યકર હતો. તેણે પેલા કીડીઓના ડંખથી ઘવાયેલાને પીવા માટે એક દવા આપી જે તેણે તૈયાર કરી રાખેલી જ, કીડીકટક આવી રહ્યું છે તે માહિતી મળ્યા પછી તરત જ. તેના કહેવા પ્રમાણે એ દવા ડંખના ઝેરને ઓગાળી દે છે.

લેનીન્જને આસપાસ જોઈને પોતાની અને સૌની પરિસ્થિતિનો અંદાજ કાઢ્યો. કોઈ ત્રીજી જ બહારની વ્યક્તિને લેનીન્જનના વિજયની શક્યતા હજાર સામે એક જેટલી જ લાગે, પણ એ વિજયનું નહિવત્ જેવું અનુમાન એ વ્યક્તિ જે જુએ તે ઉપરથી – એક ચાલ્યા આવતા આક્રમક વિરાટ લશ્કર સામે રક્ષણ માટે વ્યર્થ પ્રયત્નો કરતા થોડાક જ માનવીઓ; પણ એક જ માણસના મગજમાં જે ન દેખાતી પ્રક્રિયાઓ ચાલી રહી હતી તે કોઈ પણ માપદંડથી ન માપી શકાય; કારણ કે લેનીન્જને ઈશ્વરની એક પ્રકારની મૂળભૂત લીલાની સામે એવી જ, પણ બીજા પ્રકારની મૂળભૂત લીલાથી લડી લેવાનો નિર્ણય લીધેલો. તેમાં તેણે ભૂલ નહોતી કરી. બંધને ખોલવાથી નહેરમાં પાણી વધવા માંડેલું. જેમ જેમ પ્રવાહમાં વેગ અને શક્તિ વધતાં ગયાં તેમ તેમ અનેક કીડીઓના જથ્થા તેમાં તણાતા ગયા.

આમ લગભગ મૃત્યુને આરે પહોંચી જવા જેવી લાગતી પરાજયની ક્ષણે વિજય મેળવાતો જતો હતો. આનંદની ચિચિયારી પાડતા નોકરો ઝડપથી માટીનાં ઢેફાં અને રેતી ફેંકતા થયા.

નહેરના સામેના કાંઠે પહોળા પટ ઉપરથી, ત્યાં સુધીમાં પાણીમાં ખાબકતો કીડીઓનો ધોધ ઓછો થતો ગયો. કેમ જાણે કીડીઓને ભાન થયું હોય કે નહેર વટાવવાનું શક્ય નહીં બને. પાણીના વેગવાન વમળમાં હજારોની સંખ્યામાં કીડીઓ તરફડિયાં મારતી, ડૂબતી તણાતી જતી હતી અને અંદરને કાંઠે જ્યાં જ્યાં તે તણાતી આવતી ત્યાં ત્યાં તેનો નાશ કરાતો હતો.

નહેર જ્યાં પૂર્વની બાજુ વળાંક લેતી હતી ત્યાં થોડો વખત તણાતી કીડીઓનો જથ્થો ભેગો થાય પણ અંદરના કાંઠે ચઢવામાં કોઈમાં શક્તિ નહોતી. તે દરમિયાન સતત થતા રહેતા ઢેફાંના મારાથી પાણીમાં પડી ચૂકેલી બધી જ કીડીઓ નદીનો જ્યાં પ્રવાહ જતો ત્યાં સુધી તણાતી ગઈ અને પછી એ જબ્બર વહેતા પ્રવાહમાં અદૃશ્ય થઈ ગઈ.

આ ખબર દૂર દૂરના ચોકિયાતો સુધી પહોંચી ગયા અને પછી જ બધા હસતા હસતા વિજયના સ્થળ ઉપર ઝડપથી આવતા થયા. એમાંના મોટા ભાગના પ્રકૃતિથી ઓછું બોલનારા અને અતડા હતા, એવા પણ તે વખતે તો આનંદથી નાચી ઊઠ્યા અને ગાવા લાગ્યા, જાણે કે નહેરને સામેના કાંઠે થંભી ગયેલું નજર માંડી બેઠેલું અબજોનું કીડીકટક હતું જ નહીં.

સૂર્ય પશ્ચિમમાં આંબલીના વનની ઉપલી કિનાર ઉપરથી નીચે ઊતરતો આથમતો થયો. સંધ્યા ઘડીક ઊગી અને પછી રાત્રિમાં ફેરવાઈ ગઈ. બધાંને આશા હતી અપેક્ષા હતી, કે રાત્રિ દરમિયાન કીડીઓ કશું નહીં કરે તો પણ સાવચેતી માટે નહેરમાંના પાણીના પ્રવાહને બંધને વધારે ખોલીને અત્યંત વેગવાન કરવામાં આવ્યો.

તે પછી પણ લેનીન્જનને ખાતરી નહોતી થતી કે ક્યારે કંઈ અણધાર્યું થાય, તેથી માણસોને પોતાની બે મોટરગાડી આપી અને તેના આગળના પ્રકાશમાન દીવાઓથી તથા ટોચથી

નહેરનાં પાણીને સતત પ્રકાશિત રાખવાનું સોંપ્યું. પછી જ એ સાહસિક ખેડૂતે સાંજનું ભોજન લીધું. માણસોને પણ વારાફરતી જમી લેવાની સૂચના આપી દીધી અને પછી સૂઈ ગયો. ઊંઘમાં, નહેરના સામેના કાંઠે અટકી ગયેલ વીસેક લંબચોરસ માઈલના જીવંત ભયનાં સ્વપ્નાં એને ન આવ્યાં.

બીજા દિવસની પ્રભાતે જાગ્યા પછી તાજગીભર્યો અને ઉત્સાહી એવો લેનીન્જન નહેરના કાંઠે કાંઠે એના અશ્વ ઉપર આંટા મારતો થઈ ગયો હતો. જ્યાં આગલે દિવસે કીડી-આક્રમણ થયેલું ત્યાં સામેને કાંઠે એણે, શાંત, નિશ્ચલ અને કોઈ પણ ફેરફાર વગરનો કીડીઓનો ઘેરો જોયો. પોતાની વાડી અને સામેના ઘેરાની વચ્ચે વહેતા પાણીને એ જોઈ રહ્યો. ઘડીક એને થયું કે લડાઈ જલ્દીથી અને સરલતાથી પતી ગઈ. સવારના ઉત્સાહજનક વાતાવરણમાં લેનીન્જનને લાગ્યું કે કીડીઓ માટે નહેર વટાવવાની કોઈ તક નહોતી. કદાચ, તે બધી નહેરની ત્રણે બાજુથી (ચોથી તો નદી હતી) એકસાથે પાણીમાં ઝંપલાવે તો પ્રવાહના વેગમાં તણાઈ જ જાય. આગલે દિવસે આક્રમણ સમયે તેને ભયની લાગણી સાથે રોમાંચક ઝણઝણાટીની પણ ઉત્સાહપ્રેરક અનુભૂતિ થયેલી. તેને થયું કે હવે બધું શાંત હતું.

પૂર્વ અને દક્ષિણ તરફની નહેરની સરહદે જઈને જોતાં ત્યાં પણ લેનીન્જનને બધું વ્યવસ્થિત લાગ્યું. પછી એ પહોંચ્યો પશ્ચિમ સરહદે, જ્યાં નહેરના સામેના કાંઠેથી થોડે દૂર આંબલીનાં વૃક્ષોનું વન હતું. તે તરફ નજર જતાં જ એ ચમક્યો. તે સરહદે લાલ કીડીઓ સારી પેઠે સળવળતી અને પ્રવૃત્તિમય હતી. ત્યાં જે લતાઓ અને વેલાઓ હતા તે કીડીઓનાં ઝુંડથી ઉભરાતાં હતાં. કીડીઓ પાંદડાં ખાતી નહોતી પણ ફક્ત દાંડીઓ કરડતી હતી જેથી જમીન ઉપર પાંદડાંઓનો જાણે લીલો વરસાદ પડતો હતો.

આ દૃશ્યથી શંકા ન રહી કે આવી કીડીઓ કેવળ ખોરાક પૂરો પાડનાર ટુકડી હતી જે ખોરાક પાછળના મુખ્ય જૂથને કામ લાગે. લેનીન્જનને નવાઈ ન લાગી. એ જાણતો હતો કે કીડીઓ બુદ્ધિશાળી હોય છે. તેઓની બદલાતી પરિસ્થિતિને અનુકૂળ થઈ જવાની, શિસ્તની સમજવાળી અને વ્યૂહ-વ્યવસ્થા કરવાની અદ્‌ભુત ક્ષમતાથી લેનીન્જન પરિચિત હતો.

પણ પાછળના મૂળ કીડીકટકને તકલીફ વગર આગળ વધવાની યોજના પ્રગતિ કરી રહી છે એમ લેનીન્જનને વહેમ પડ્યો અને જ્યારે તેણે જોયું કે, નીચે પડતાં પાંદડાંઓ પાછળની કીડીઓ તરફ ખેંચાતાં હતાં ત્યારે એ વહેમ સાચો પડ્યો. સાથે સાથે પડતા લીલા વરસાદ પછવાડેની ચાલ પણ સમજાઈ ગઈ. એ પાંદડાં ખોરાક નહિ પણ વાહન થતાં હતાં. એક એક પાંદડાને પાછળમાંની કીડીઓમાંથી થોડી વળગી નહેરના કાંઠા તરફ ઢસડતી આવતી હતી. જાણે આખું આંબલીનું વન કીડીઓના જડબા દ્વારા નહેર નજીક ઢસડાતું જતું હતું. લેનીન્જન જોઈ રહ્યો. પણ એણે સ્વસ્થતા ન ગુમાવી. કોઈ ડાકણે એના વિનાશનો શ્રાપ એને નહીં આપેલો અને આપ્યો હોય તો યે ઘસઘસાટ ઊંઘી જઈ શકે તેમજ હતો. તો પણ એને લાગ્યું કે આગલા દિવસ કરતાં પરિસ્થિતિ વધુ અમંગળ સૂચક હતી.

કીડીઓ તરાપા બાંધી શકે નહીં, એવી એની માન્યતા હતી. પણ એણે જોયું કે હજારોની સંખ્યામાં પાંદડાંની ઉપર આવતી કીડીઓ નહેર સહેલાઈથી ઓળંગી શકે તેવો કામચલાઉ પુલ જાણે બનાવી રહી હતી. જે પાંદડાંઓ પાણીમાં પડતાં હતાં તેના ઉપર થઈને કીડીઓ પાણીમાં તણાતી આવતી હતી.

હવે એ ખેડૂતને પોતાના માણસોની ક્ષણમાં સાવધ થઈ ચપળ થઈ જવાની શક્તિ ઉપર બહુ વિશ્વાસ ન રહ્યો. એણે અશ્વને મારી મૂક્યો અને દરેક ચોકિયાત સ્થળો ઉપરના માણસોને એક પછી એક હુકમ આપતો ગયો. 'નૈર્ઋત્ય સરહદે પેટ્રોલ પંપ જલ્દી લાવો, જે નહેરનો ભાગ આંબલીના વન તરફ છે ત્યાં દરેક માણસને પાવડા આપો.' પછી પોતે પૂર્વ અને દક્ષિણ તરફની સરહદે પહોંચ્યો અને ત્યાંથી પણ દરેક માણસોને ઉઠાવી લીધા, કેવળ નિરીક્ષણ સ્તંભોની બેઠક ઉપર ધ્યાન રાખવા બેઠેલા ચોકિયાતોને ત્યાં ને ત્યાં જ રહેવા દીધા.

પછી પાછા ફરતાં જે નહેરકાંઠે આગલે દિવસે કીડીઓ તે ઓળંગવામાં નિષ્ફળ ગયેલી ત્યાં સામે તેણે હૃદયને ઘડીક હચમચાવી મૂકે તેવું એક દૃશ્ય જોયું. સામે કાંઠેથી થોડે દૂર ટેકરીના ઢાળેથી એક વિચિત્ર આકાર ઝડપથી ઊતરતો આવતો હતો, દોડતો નહીં પણ યાતનામાં આમતેમ લથડિયાં ખાતો, ઘેરી કાળી લાલાશવાળો પ્રાણી જેવો આકાર. માથું જાણે આકાર વગરનું અને ચાર પગો સતત ઘડીક ઢસડાતા, ઘડીક ઢીંચણથી વળી જતા, એ પ્રાણી, એ પામરજીવ નહેરને સામેને કાંઠે આવતાં ફસડાઈ પડ્યો, ગબડી પડ્યો. ત્યારે સ્તબ્ધ લેનીન્જન જોઈ શક્યો કે એ એક અનેક લાલ કીડીઓના થરના થરથી ઢંકાઈ ગયેલ ઘાસના મેદાનોનું હરણ હતું.

એ હરણ પોતાના માર્ગમાંથી કીડીઓના દળ તરફ ફંટાઈ ગયેલું. પછી તો કેટલી વાર? કીડીઓ વળગીને પહેલાં તો આંખો ફોડી નાખે. તે જ ગતિ આ બિચારા હરણની થયેલી. અંધ બનતાં, અત્યંત ઉગ્ર વેદનામાં આમતેમ અથડાતું કીડીઓની વચમાં જઈ પડ્યું હશે. લેનીન્જન જોઈ રહ્યો કે મૃત્યુની અસહ્ય વેદનાથી તે સ્થિર ન રહેતાં ઝાવાં નાખતું હતું. આ જોઈ ન શકાતાં લેનીન્જને બંદૂકના એક જ ભડાકાથી એની વેદનાનો અંત લાવી દીધો.

પછી સહસા જ ખીસામાંથી ઘડિયાળ કઢાઈ ગઈ અને વેદનામુકત હરણના હાલ જોઈ રહ્યો. બે દિવસ પહેલાં જ ચેતવણી આપવા આવેલા જિલ્લા અધિકારીના શબ્દો લેનીન્જનને

યાદ આવી ગયા. ઘડિયાળ હાથમાં રાખી ઘડીક એનો ફરતો કાંટો જુએ, ઘડીક હરણને. કેવળ છ જ મિનિટમાં કીડીઓએ એ હરણને, તેનાં સફેદ હાડકાં દેખાય ત્યાં સુધી, ફોલી ખાધો! પોતાનું આમ જ થાયને? લેનીન્જનને એવો વિચાર આવતાં ધ્રૂજી ઊઠ્યો. પછી તરત જ એ વિચારને ખંખેરી નાખી એ અશ્વ ઉપર ટટ્ટાર થઈ ગયો. કંઈક કરુણાથી, કંઈક નફરતમાં, કંઈક ક્રોધમાં પડખે જોરથી થૂંક્યો અને અશ્વને એડી મારી.

ગઈ કાલે કોઈ વિશિષ્ટ રમતની હરીફાઈનો જે ઉત્સાહ હતો તે હવે લેનીન્જનમાં ન રહ્યો. તેને બદલે એના મનમાં ઠંડી ક્રૂરતાવાળો સંકલ્પ થયો. 'ગમે તેમ કરીને એ આ અધમ વિનાશક કીડીઓને નર્કમાં મોકલી દેશે અને ત્યાં જ કેવળ સળવળતા રહેવાનું. બરાબર, પણ કેમ?' એ મોટો પ્રશ્ન હતો. દેખીતી રીતે તો એવું લાગતું હતું કે એ બધી જ શેતાન કીડીઓ, નર્કમાં જવાને બદલે, પોતાનો અને પોતાના માણસોનો વિનાશ કરી દેશે.

લેનીન્જને કબૂલ કરવું પડ્યું કે કીડીઓની તાકાતનું માપ એણે ઓછું આંક્યું હતું. એ બદમાશ જીવો ઉપર ચાલાકીથી વિજય મેળવવો હોય તો તરત સાવધ થઈ ક્રિયાશીલ થયા વગર ચાલે તેમ નહોતું.

એને લાગ્યું કે વધુમાં વધુ જોખમ નહેરની પશ્ચિમ બાજુ, જ્યાં દક્ષિણ તરફ વળતી હતી, ત્યાં હતું. તેથી તે ત્યાં પહોંચ્યો અને અત્યંત વિનાશક અનર્થ થવાની મનમાં જે ઝાંખી થયા કરતી હતી તે સાચી પડતી દેખાણી. ત્યાં વળાંકે પાણીના પ્રવાહની શક્તિએ જ અસંખ્ય પાંદડાંઓ ભેગાં કરી દીધાં હતાં, એ બધાં ઉપર ચોંટેલી કીડીઓથી જાણે એક પુલ તૈયાર થઈ ગયો હતો.

એટલું ખરું કે પેટ્રોલ છંટાતું હોવાથી અને ઢેફાંઓ ફેંકાતાં હોવાથી (માણસોને એ સૂચના અપાઈ જ ગયેલી) કીડીઓ હજી નહેર ઓળંગી નહોતી શકી. પાંદડાંઓ વધતાં જતાં હતાં, કદાચ થોડી વારમાં જ નહેરની ઘણી લાંબી પટ્ટી લીલા પુલનો આકાર લઈ લે જેના ઉપરથી લાખો કીડીઓ અંદર ધસી આવે.

લેનીન્જન મારતે ઘોડે બંધ ઉપર પહોંચ્યો. નદીમાંથી નહેરમાં પાણી લેવા માટે અથવા પાછું વાળી દેવા માટે એક ચક્ર હતું. ત્યાં તે કામ ઉપર રોકેલા માણસને સૂચના આપી કે, પહેલાં નહેરમાં પાણી ઘણું ઓછું થઈ જાય એ પ્રમાણે ચક્ર ફેરવવું અને પછી ક્ષણ એક રાહ જોઈને એકદમ ઝડપથી ચક્ર ઊલટું ફેરવી નદીનું પાણી નહેરમાં લેવું. આ પ્રમાણે બીજી સૂચના ન મળે ત્યાં સુધી એ માણસે તે જ કામ કરતા રહેવાનું.

આ ચાલ શરૂઆતમાં સફળ થઈ. નહેરમાં પાણી ઘટતાં ઘણાં પાંદડાંઓ નીચે ડૂબ્યાં. સામે કાંઠે ભેગી થયેલી લાલ કીડીઓ ત્યાંથી અંદર ઊતરી આવી. ત્યાં જ જોશબંધ પાણીનો પ્રવાહ પાછો આવતાં પાંદડાંઓ અને કીડીઓ એ પ્રવાહમાં તણાઈ ગયાં.

આમ નહેરને ખાલી કરી પાછી ભરી દેવાની અવિરામ ક્રિયાથી ઠીક ઠીક કીડીઓ અંદરના કાંઠા તરફ ફેંકાઈ ગઈ. એટલું જ નહીં પણ ઉપર-અંદર ચડી આવી કાર્યકરોને ડંખો મારવા માંડી અને તેઓની ચીસોથી વાતાવરણ ગાજી ઊઠ્યું. બધા કાર્યકરોએ ચડ્ડી સિવાય કપડાં કાઢી નાખેલાં જેથી શરીર ઉપર ચડી આવતી કીડીઓને તરત પકડી ચગદી શકાય. એ તબક્કે કીડીઓનો આવો હુમલો છૂટોછવાયો જ હતો.

વારંવાર નહેરનું પાણી ઘટતું અને ઉભરાતું ગયું અને એ પાંદડાંઓ અને કીડીઓને તાણી જતું. એક વધારે વાર પાણી નહેરના છેક જ તળિયા સુધી ઘટાડાયું પણ... પણ.. બધા થાકેલા કાર્યકરો જોઈ રહ્યા કે નહેર પાછી ઊભરાતી નથી થતી. લેનીન્જનને કંઈક આપત્તિનો વહેમ પડ્યો. 'શું, બંધ ઉપરનું ચક્ર ખોટકાયું હશે?' એને વિચાર આવ્યો. ત્યાં તો પરસેવેથી રેબઝેબ એક નોકર દોડતો આવ્યો અને ચીસ પાડી : 'કીડીઓ!'


જ્યારે વાડી ઉપર ઘેરાઈ ગયેલા સૌ આંબલીના વન તરફની નહેરનું રક્ષણ કરવા મથી રહ્યા હતા ત્યારે નહેરના બીજા કાંઠાઓ જે સલામત લાગતા હતા, ત્યાં હવે ધ્યાન આપવું પડે એવી પરિસ્થિતિ ઊભી થતી જતી હતી. ત્યાં કોઈ હતું નહીં. લગભગ બધા જ દક્ષિણ સરહદ ઉપર રોકાયેલા હતા.

જ્યારે બંધ ઉપરના માણસે એક વધુ વાર નહેર લગભગ ખાલી કરેલી, ત્યારે જ કીડીઓએ, આગલા દિવસની જેમ નહેરની જે સરહદે હુમલાની શરૂઆત કરેલી ત્યાં નહેર વટાવવાના પ્રયત્નો શરૂ કરી દીધેલા. અનેકાનેક કીડીઓએ ખાલી થઈ ગયેલ નહેરમાં ઝંપલાવેલું અને કોઈને કંઈ ખ્યાલ આવે ત્યાં તો, અંદરના કાંઠા સુધી પહોંચી ગયેલી. ચોકિયાત જેવા થોડા જે ત્યાં હતા, તેઓએ ચીસાચીસ કરી મૂકી, તેને લીધે બંધ ઉપરનો માણસ ધ્યાનભંગ થયો. પાછો સાવધ થઈને, નહેરમાં પાણી લેવા ચક્ર ફેરવે, ત્યાં તો, એની આસપાસ છીછરા જળમાં તણાઈ આવેલી અનેક લાલ કીડીઓ, એ માણસે પોતાની આસપાસ ઉભરાતી જોઈ. ભય પામી ચક્ર ઉપરથી હાથ લઈ ઝડપથી એ નીચે ઊતરી ગયો ને પોતાનો જીવ બચાવવા ભાગ્યો.

જ્યારે લેનીન્જનને ખબર પડી ત્યારે એને લાગ્યું કે હવે વાડીનું આવી બન્યું. અનિવાર્ય ઉપર અફસોસ કરવા બેસી પડે તે લેનીન્જન નહીં. અત્યાર સુધી સતત લડત આપનાર અને હવે રક્ષણ અશક્ય લાગતાં છતાં પળ એક ગુમાવ્યા વગર એણે હવામાં ત્રણ બંદૂકના ભડાકા કર્યા. એ અંદરની બીજી ખાઈથી વિંટળાયેલો સહેજ ઉચ્ચ પ્રદેશ હતો જ્યાં આવાસો વગેરે હતા ત્યાં સૌએ સહીસલામત પહોંચી જવાનો અગાઉથી નક્કી કરાયેલો સંકેત હતો. પછી એણે મુખ્ય આવાસ તરફ ઘોડો મારી મૂક્યો.

(આવતા અંકે સમાપ્ત)





સ્થિર નદી, સરતાં નીર

મહાનગરની 'મૅટ્રો'

પ્રીતિ સેનગુપ્તા

બેજિન્ગની ધાર પરના એ લત્તામાંથી નીકળી હું ને જેક શહેરની બીજી તરફ જવાનાં હતાં. છેક એટલે દૂર તો ટેક્સી લઈને નહોતું જવું, પણ 'મૅટ્રો'ના સ્ટેશન સુધી પહોંચવા ટેક્સી પકડી લીધી. બસમાં જાત તો ઘણો સમય લાગત, કારણ કે સીધી એક બસ મળત પણ નહીં. મૅટ્રો-સ્ટેશનની બહાર પક્ષી-બજાર હતું, એટલે પહેલાં તો ત્યાં આંટો માર્યો. સાંજના પાંચ વાગવા આવેલા, તેથી બજાર લગભગ બંધ થવામાં હતું. વેચનારા તોયે થોડા હતા. નાનાં નાનાં પંખીઓનો કલબલાટ હતો અને જરૂરી સામગ્રી - અસંખ્ય પાંજરાં, એમને ઢાંકવા માટેનાં માપસરનાં આવરણ, પંખીઓનાં ચણ ને પાણી માટેનાં સિરૅમિક-કાચનાં ટચૂકડાં પાત્રો વગેરે. ઘણાં ચીની ઘરમાં પંખી પાળે છે. જેમ પાળેલા કૂતરાના ગળામાં પટો પહેરાવી એને લઈને માલિક ચાલવા નીકળે, તેમ સાંજ પડ્યે હાથમાં પાંજરાં લઈ પંખીઓને હવા ખવડાવવા નીકળેલાં ચીનીઓ ત્યાં દેખાતાં હોય છે!

માર્ચનો મહિનો એટલે અંધારું વહેલું થવાનું. તેથી જ તો પક્ષી બજાર સમેટાવા માંડેલું. સૂરજ ડૂબે એટલે ઠંડી પણ થવા માંડે. સદ્‌ભાગ્યે એ સાંજે પવન ન હતો, નહીં તો ઘણી ઠંડી થઈ ગઈ હોત.

પૅરિસની જેમ બેજિન્ગમાં ભૂગર્ભ-રેલને 'મૅટ્રો' કહે છે. લંડનમાં 'ટ્યૂબ' અને ન્યૂયૉર્કમાં 'સબ-વે' કહે છે તેમ, પહેલી વાર બેજિન્ગ ગયેલી ત્યારે ત્યાંની 'મૅટ્રો' ટ્રેનમાં ફરવાની મને બહુ ઇચ્છા હતી. 'ન્યૂયૉર્કની ભૂગર્ભ-રેલમાં ફરનારી હું વ્યક્તિ' છું. જ્યાં જાઉં ત્યાંની 'ભોંયરા'માં મારે તો જવું જ હોય.' એમ કહી સાથેના સરકારી માર્ગદર્શકો પાસેથી માંડ માંડ રજા મેળવેલી. સહપ્રવાસીઓ ઐતિહાસિક સંગ્રહાલયમાં ઘેટાંના દળની જેમ પેઠેલાં. ગાઈડો વગર એકલાં ફરતાં પાછાં ગભરાય. મ્યુઝિયમ તો ઠંડુંગાર અને રસ વગરનું નીકળેલું, એમ પછી મને કહેલું ને બેજિન્ગની ભૂગર્ભ-રેલ વિશેની મારી ઉત્સાહિત વાતો સાંભળીને એ બધાંને પણ એ જોવાની ઇચ્છા થયેલી. ત્રણ માર્ગદર્શકોથી રક્ષાઈને ટોળાબંધ બધાં 'ભોંયરા'માં ઊતરેલાં. હું, અલબત્ત, ફરીથી ગઈ હતી!

પણ એ પહેલાં હું એકલી નીકળી પડી હતી બેજિન્ગની 'મૅટ્રો' ટ્રેનમાં મ્હાલવા! એ મ્યુઝિયમમાં તો સર્વત્ર વિગતો કેવળ ચીની લિપિમાં આપેલી હતી. તેથી કોને સમજાય? પણ 'મૅટ્રો'નાં સ્ટેશનોનાં નામ એ 'કાંજી'-લિપિ ઉપરાંત, આપણે જેને અંગ્રેજી અક્ષરો તરીકે ઓળખીએ છીએ તે મૂળ ગ્રીક ને લૅટિન બારાખડીમાં પણ લખેલાં હતાં. ચીની ભાષાના ઉચ્ચાર ત્યાંના પ્રાંતે પ્રાંતે બદલાય છે. નામોના ઉચ્ચારનું એક ધોરણ બંધાય તે માટે થઈને કેટલાક સમય પહેલાં ચીની સરકારે 'મૅટ્રો'નાં નામોનું 'લૅટિનીકરણ' કરેલું. એ પ્રયુક્તિનો મને તો ફાયદો થયો જ. નામો વાંચી શકવાને કારણે મને ઘણો આધાર રહ્યો. જોકે જ્યાંથી અંદર ઊતરી હતી તે જ સ્ટેશને બહાર નીકળવાનું હતું, કારણ કે ત્યાં જ, નિયત સમયે, મ્યુઝિયમમાં ગયેલાંને મળી જવાનું હતું.

ચિએન્મેન-કે 'શાંતિ-દ્વાર'ના સ્ટેશને હું ગઈ. મ્યુઝિયમથી પાંચ-છ મિનિટ જ દૂર હતું. સાવ એકલાં ફરવાની કેવી તે મજા! ટિકિટ એક જ ભાવની હતી, સાવ સસ્તી-બે પૈસાની લાગે તેવી. મોટા ભાગના લોકો માસિક ટિકિટ ખરીદી લેતા હોય છે. બહારના રસ્તાઓ પર બહુ ઝાંખી બત્તીઓ રહેતી,

જ્યારે સ્ટેશનનું પ્લૅટફૉર્મ 'નિયૉન' બત્તીઓને લીધે ખૂબ પ્રકાશિત હતું. આછા પીળા આરસના બનેલા વિશાળ સ્તંભો પર ચીની શૈલીનાં ખૂબ સુંદર 'શાહી ને પાણી'થી ચિતરેલી કળાકૃતિઓ હતી. એક સરખી, અઢી બાય સાડા ચાર ફીટની, ફ્રેમોમાં મઢીને એ ઠેર ઠેર લટકાવાયેલી હતી. સ્વચ્છ, સ્પષ્ટ રીતે ચીની લિપિમાં લખેલી સંજ્ઞાઓ અને નકશા પણ હતા. બપોરના અઢી-પોણા ત્રણ વાગ્યે પ્લૅટફૉર્મ પર અત્યંત ભીડ ન હતી, તે સારું થયું નહીં તો ધક્કા ખાવા પડત!

સીટી મારતી ટ્રેન આવી. એકદમ સ્વચ્છ, સ્માર્ટ, લીલી ને પીળી રંગેલી ટ્રેન. બોગીની અંદર પણ એવાં જ સુંદર પીંછી-ચિત્રો હતાં. અલબત્ત, વ્યવસ્થિત રીતે ફ્રેમમાં મૂકલાં, પણ જરા નાનાં. બોગી ખાસ્સી ભરેલી હતી, ને મારે ઊભાં રહેવું પડ્યું- ઉપરનો ડંડો પકડીને. મેં સલવાર-કમીઝ પહેર્યાં હતાં, ને કપાળે ચાંદલો પણ કરેલો. મને ખાતરી છે કે હિન્દી ફિલ્મોને લીધે મને ભારતીય તરીકે બધાં જાણી જ જતાં હતાં. પણ ટીકી ટીકીને કોઈ જોતું ન હતું. બેઠેલાં હતાં તે જાણે ઢીલાં થઈને બેઠેલાં. ચહેરાઓ ઉપર આપણને કશો ભાવ ના દેખાય. કામની પાળી પછી આમ જ થોડો આરામ પામી લેતાં હશે એ બધાં. બહુ જ થોડાં જણ વાંચતાં દેખાયાં. વાતો તો કોઈ કરતું ન હતું. ટ્રેનનું ચલન પણ નિ:શબ્દે જ હતું. સાવ નવું, માંડ દસ વર્ષ જૂનું એ પ્રસ્થાપન હતું. પછી શું વાત કરવી!

મેં સાંભળેલું કે મૉસ્કોની જેમ બેજિન્ગની 'મેટ્રો'નાં દરેક સ્ટેશન પણ વિભિન્ન રૂપ-રંગનાં હોય છે, ને તે સાચું જ હતું. પછીના સ્ટેશને લંબચોરસ, બૃહત્પરિમાણ, કથ્થાઈ આરસના સ્તંભ હતા, ને ફર્શ આછી રાખોડી હતી. ત્રીજું સ્ટેશન આછા લીલા રંગે સુરચિત હતું. ત્યાં જ એ લાઈનનો અંત નીકળ્યો, ને બધાં જ ઊતરી ગયાં. એ સ્ટેશનો પર ચિત્રો લટકાવાયેલાં ન હતાં. પ્લૅટફૉર્મની પેલી બાજુ પરની ટ્રેનો બીજી દિશામાં જતી હતી. ચાર-પાંચ મિનિટ મેં રાહ જોઈ, પછી એક ખાલી ટ્રેન આવી. એમાં મને બેઠક મળી ગઈ. હું સંપૂર્ણ નિરાંત અને આત્મ-વિશ્વાસ અનુભવી રહી હતી. એ દિશામાં થોડે દૂર સુધી જવાનું મેં નક્કી કર્યું. આ ટ્રેનમાં પણ ચિત્રો ન હતાં. વળી કોઈ એક અજાણ્યા, દૂરના, ચિત્રોથી સજ્જ સ્ટેશનેથી હું પાછી ફરી. સીટી વગાડતી વળી એક ટ્રેન આવી. મેં દરમિયાનમાં એ નોંધ લીધેલી કે દરેક પ્લૅટફૉર્મ પર એક કે બે, ખાસ કરીને સ્ત્રીઓ, પરિચારક રહેતાં. ટ્રેનના આવનજાવન અંગેની જરૂરી માહિતી માઈક્રોફોનમાં એ જાહેર કરતાં, તેમજ લોકોને મદદ કરતાં. એમના પ્રશ્નોના જવાબ આપતાં.

એ અનન્ય, ને ઉત્તેજક, અનુભવ પછીથી અગિયાર વર્ષે ફરી એક વાર હું બેજિન્ગના 'ભોંયરા'માં ઊતરી રહી હતી -. જેકની સાથે. પણ બધું બદલાઈ ગયેલું. એ સ્ટેશન પર વળી ટાઈલ્સ જડીને રચેલું ભીંત-ચિત્ર હતું, પણ બીજાં પ્લૅટફૉર્મ પર કશું જ ન હતું. સ્ટેશનો પરથી, તેમજ ટ્રેનોની બોગીઓમાંથી પેલાં હસ્તાંકિત સુંદર ચીની ચિત્રો ક્યારનાં જતાં રહ્યાં હતાં. ટ્રેનો પણ જૂની થયેલી લાગતી હતી. અમને બેસવાની જગ્યા મળી તો ગઈ, પણ મેં જોયું કે પુરુષો સ્ત્રીઓ માટે - વૃદ્ધાઓ સુધ્ધાં - જગ્યા ખાલી રાખતા, અથવા ખાલી કરતા ન હતા. આ આ જ તો છે આધુનિક વિશ્વ-સભ્યતાનો અર્ક-વૈયક્તિકતા. દરેકે પોતપોતાનું જ સાચવવાનું બસ.

હું ને જેક બહાર નીકળી આવ્યાં ત્યાં ઘણી બધી ઉજ્જવળ 'નિયૉન'-લાઈટ્સ હતી. મોટી મોટી હોટેલોની એ સૂચક હતી. નજીકમાં કેટલાંક બહુમાળી મકાનો હતાં. મોટા ચોગાનને ફરતી ઊંચી દીવાલ ને પ્રવેશદ્વાર આગળ ચોકીદારનું થાણું. વિદેશી સરકારોના કર્મચારીઓ માટેનાં એ નિવાસસ્થાન હતાં. ફિલિપ્પિન્સ એલચીખાતામાં કામ કરતા એક યુગલ સાથે જેકને ઘનિષ્ઠ મૈત્રી હતી. એમને મળવા અમે ગયાં. વાતો કરી, કૉફી પીધી, ઘણી મજા આવી.

ત્યાંથી નીકળ્યાં ત્યારે તો સાવ અંધારું થઈ ગયેલું. પણ નજીકમાંનો ફ્રેન્ડશિપ સ્ટોર ખુલ્લો હતો. એમાંથી મને ચીની રેશમના, સુંદર ભરત-કામ કરેલા, તકિયાના ચોરસ ગલેફ, બીજે બધે કરતાં અડધા ભાવે મળી ગયા. શોધ કરતી ગઈ તે કેવું સારું થયું! આમ તો ખરીદીના નામથી જ સંકોચ થાય. મુસાફરને વળી પરિગ્રહ કેવો? પણ હસ્તકળામાં તે તે સ્થાનની પ્રાચીને પ્રશસ્ય, કળા-સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ મળતું હોય છે, ને તેથી જ એવી ખરીદીનું ન્યાયીકરણ શક્ય બને છે!

ઝગારા મારતી લાલ બત્તીઓને કારણે, દૂરથી જ જે હોટેલની અતિઉચ્ચ, ઉપસ્થિતિ નજરે ચડતી હતી તે ચાઈના વર્લ્ડ સેન્ટર ઍન્ડ હોટેલની લૉબિના કાફેમાં અમે બેઠાં. પાંચ પશ્ચિમી વાજિંત્રોનું ઑરકેસ્ટ્રા અને ગ્રાન્ડપિયાનો હાજર હતાં, અને સંગીતોદ્યમ ચાલુ હતો. સાદી ચ્હા પણ મોંઘી દાટ હતી. દેશ-કાળ સદંતર ભુલાવી દે તેવું સંપૂર્ણ પશ્ચિમી એ પર્યાવૃત હતું. મને તો સ્થાનિક લાક્ષણિક જગ્યાઓ જ ગમે, પણ ચાલો, એથી વિરુદ્ધનું પણ કશું એક વાર જોવા મળ્યું. સુંદર, અતિ-તન્વી ચીની કન્યાઓ પરિચર્યા કરી રહી હતી. પણ મુખ પર સ્મિત નહીં, ઊલટું ભવાં લગભગ ચડેલાં. 'એટલી બધી આત્મરત હશે?' - મને પ્રશ્ન થયેલો. છીછરા પરિવેશને અનુરૂપ એ દર્પ-ભાવ હતો. અહંકાર, અનાદર, ઉપેક્ષાથી મિશ્રિત. પણ અનાવશ્યક.

અતીતમાં અવગાહન

પરોપકાર

બહાદુરશાહ પંડિત

એક દિવસ અમેરિકાના પ્રમુખશ્રી અબ્રાહમ લિંકન વ્હાઈટ હાઉસ તરફ જઈ રહ્યા હતા ત્યાં માર્ગની બાજુના એક ખાડામાં એમણે એક ભૂંડને કાદવમાં તરફડતું જોયું. પ્રમુખે પોતાનાં કપડાં બગડવાની જરા પણ દરકાર રાખ્યા વિના ખાડામાં ઊતરીને ભૂંડને બહાર કાઢ્યું. આ દૃશ્ય જોઈ એકઠા થઈ ગએલા રાહદારીઓ લિંકનની પ્રશંસા કરવા લાગ્યા. લિંકને કહ્યું : 'આમાં મારી પ્રશંસા કરવા જેવું કંઈ નથી. આ ભૂંડને બચાવવામાં મેં એના પર કશો ઉપકાર કર્યો નથી, કે કશો પરમાર્થ પણ કર્યો નથી. વાસ્તવમાં તો મેં મારી જાત પર જ ઉપકાર કર્યો છે. મેં મારો પોતાનો સ્વાર્થ સાધ્યો છે. આ ભૂંડને કાદવમાં ખૂંપી જતું જોઈ મારા મનમાં થએલા દુઃખને દૂર કરવા માટે જ મેં એને બહાર કાઢ્યું છે. આમ મેં ભૂંડને નહીં પણ મારા મનમાં થએલા દુઃખને બહાર કાઢ્યું છે.'

નરસિંહ મહેતાએ 'વૈષ્ણવજન'નાં લક્ષણો ગણાવતા પદમાં પહેલું લક્ષણ આ બતાવ્યું છે :

વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે.

બીજા ઉપર ઉપકાર કરવાનું કદાચ સહેલું છે પણ ઉપકાર કર્યા છતાં મનમાં એ અંગે અભિમાન ના આણવું એ ખૂબ અઘરું છે. મોટા ભાગના માણસો તો આ ગર્વ લેવા માટે જ ઉપકાર કરતા હોય છે. પ્રશંસાને પ્રતિષ્ઠા જ પરોપકારનાં પ્રેરક બળો છે.

પણ પ્રશંસા અને પ્રતિષ્ઠા મેળવવાની ઇચ્છાથી કરેલો પરોપકાર એ નામને લાયક નથી, કારણ કે એમાં તો બીજા ઉપર ઉપકાર કરીને તમે એનો બદલો મેળવી જ લો છો.

દેવો અને દાનવો વચ્ચે ભયંકર યુદ્ધ ચાલતું હતું, ત્યારે વૃત્રાસુર નામના ભયાનક રાક્ષસથી થાકેલા દેવો સરસ્વતી નદીના તીરે આશ્રમ બાંધી તપ કરતા દધિચી ઋષિ પાસે મદદ માગવા આવ્યા હતા. દધિચી ઋષિ પોતે બ્રાહ્મણ હતા એટલે યુદ્ધ એમનો ધર્મ નહોતો, પણ દેવો પર અને વૃત્રાસુરના ત્રાસથી ત્રાસેલા જગત પર ઉપકાર કરવા એમણે પોતાનાં હાડકાં શસ્ત્રો બનાવવા માટે આપ્યાં હતાં. ઉપકારનું આના કરતાં વધારે જ્વલંત ઉદાહરણ આખા જગતસાહિત્યમાં બીજે ક્યાંય જોવા મળ્યું નથી.

એક સંસ્કૃત શ્લોકમાં પરોપકારી પુરુષોના પ્રકાર બતાવતાં સ્વાર્થનો ત્યાગ કરી પરોપકાર કરનાર માણસોને જ સત્પુરુષો ગણાવ્યા છે.

તે વૈ સત્પુરુષા પરાર્થઘટકા સ્વાર્થં પરિત્યજ્ય યે
સામાન્યાસ્તુ પરોપકારનિરતાઃ સ્વાર્થાવિરોધેન યે
તેઽમી માનુષરાક્ષસાઃ પરહિતં સ્વાર્થાયનિઘ્નતિ યે
યે તુ ઘ્નન્તિ નિરર્થકં પરહિતં તે કે ન જાનીમહે.

જે સ્વાર્થ છોડીને પરોપકાર કરે છે તે સત્પુરુષો કહેવાય છે. જે સ્વાર્થને ધક્કો ન લગાવે તેવી રીતે પરોપકાર કરે છે તે મધ્યમ પુરુષ કહેવાય છે, જે સ્વાર્થ માટે બીજાના કલ્યાણનો નાશ કરે છે તે મનુષ્યમાં રાક્ષસ સમાન કહેવાય છે અને વિના સ્વાર્થે બીજાના કલ્યાણનો નાશ કરે છે તેને શું કહેવું એ અમે જાણતા નથી.

આમ બીજા પર ઉપકાર કરે છે એ જ આપણા શાસ્ત્રકારોની દૃષ્ટિએ સત્પુરુષ છે. કુદરત પણ આપણને પરોપકારી બનવાનો ઉપદેશ આપે છે. પરોપકારનો મહિમા દર્શાવતા એક બીજા સંસ્કૃત શ્લોકમાં કુદરતનાં પરોપકારી તત્ત્વોનો આ પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે :

પરોપકારાય ફલન્તિ વૃક્ષાઃ પરોપકારાય વહન્તિ નદ્યઃ
પરોપકારાય વિભાતિ સૂર્યઃ પરોપકારાય સતાં વિભૂષયઃ

પરોપકાર કરનારે હંમેશા ઘસાવાનું હોય છે. વાસ્તવમાં તો પોતાનો સ્વાર્થ જતો કર્યા સિવાય કરેલો પરોપકાર સાચો પરોપકાર જ નથી. એક કવિએ કહ્યું છે કે 'જલી જાતી છો ને જીવન ધૂપસળી મ્હેંકતી મ્હેંકતી આ.' પોતે સળગી જઈને પણ બીજાને સુગંધ આપવાની અગરબત્તીની અને પોતે સળગીને બીજાને પ્રકાશ આપવાની મીણબત્તીની ભાવના મનુષ્યે જીવનમાં ઉતારવી જોઈએ.

પણ પરોપકારનો એથીય મોટો અને ચડિયાતો આદર્શ તો એ છે કે આપણા ઉપર અપકાર કરનાર પર ઉપકાર કરવો. એક કવિએ કહ્યું છે એમ –

'રેલાઈ આવતી છો ને બધી ખારાશ પૃથ્વીની,
સાગરના ઉરથી તો યે ઊઠશે અમીવાદળી.'

આખા જગતની ખારાશ પોતાનામાં સંઘરી બદલામાં અમૃત જેવું જળ ભરેલી વાદળીની જગતને ભેટ આપનાર સાગર જેવા પરોપકારી થવું એ સાચો આદર્શ છે.

શામળની સિંહાસન બત્રીસીની વાર્તાઓના નાયક પરદુઃખભંજક રાજા વિક્રમે પરોપકારનો આપણને કેટલો મોટો આદર્શ પૂરો પાડ્યો છે ! બીજાનાં દુઃખો દૂર કરવા માટે વીર વિક્રમ કેટલાં મોટાં સાહસો ખેડે છે ! છતાં એ સાહસોના અંતે મળતી વધારાની લક્ષ્મી અને સ્ત્રીને તો એ દુઃખી માણસને જ આપી દે છે. બીજાના માટે ઘસાઈ છૂટવામાં જે નિર્વ્યાજ આનંદ મળે છે એ તો એનો અનુભવ કરનાર જ સમજી શકે. પારકાના માટે ઘસાઈને સુવાસ ફેલાવનાર ચંદનની જેમ બીજાના માટે પોતાની મહામૂલી ચીજ સમર્પી દેનાર માનવીને સ્વર્ગીય આનંદ પ્રાપ્ત થતો હોય છે.

સ્વીડનના રાજાની બહેન યુજીનીએ કરિયાવરમાં મળેલા હીરામોતીના દાગીના

વેચીને એક સાર્વજનિક હૉસ્પિટલ બંધાવી હતી. રાજકુમારી જાતે એ હૉસ્પિટલમાં જઈને દરદીઓની દેખરેખ રાખતાં. એક વાર એક ગરીબ દરદી સાથે એનું કોઈ સગું નહોતું ત્યારે યુજીનીએ જાતે પાસે રહીને એની સેવા કરી. દરદી સાજો થઈને એમની રજા લેવા આવ્યો ત્યારે એની આંખમાં હર્ષનાં બે આંસુ આવી ગયાં. આનંદવિભોર બનેલાં યુજીનીએ મનોમન કહ્યું : 'સાચા હીરામોતીના અલંકાર કરતાં આ ગરીબ માણસની આંખમાં આવેલાં હર્ષાશ્રુનાં નૈસર્ગિક મોતી વધારે કિંમતી નથી ?'

નર્મદે પદ્યમાં લખેલાં હિતવચનોમાં પણ એક વચન આ પ્રમાણે છે : 'તે જ મોટો જાણવો જે નિત પરઉપકારી છે.'

આમ પરોપકાર કરનારા માણસો જ જગતમાં મહાનતા પ્રાપ્ત કરી શક્યા છે. સ્વ. પ્રભાશંકર પટ્ટણીની એક કવિતા સૌ પોતાની ડાયરીમાં નોંધી રાખે તો પરોપકાર કરવાનું કદી ભુલાય નહીં.

દુઃખી કે દર્દી કે કોઈ, ભૂલેલા માર્ગવાળાને;
વિસામો આપવા ઘરની, ઉઘાડી રાખજો બારી.
ગરીબની દાદ સાંભળવા, અવરનાં દુઃખને દળવા;
તમારાં કર્ણનેત્રોની, ઉઘાડી રાખજો બારી.
થએલાં દુષ્ટ કર્મોમાં, છૂટા જંજીરથી થાવા;
જરા સત્કર્મની નાની, ઉઘાડી રાખજો બારી.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, 'માણસ જેટલા પ્રમાણમાં બીજાઓ માટે ભોગ આપે છે એટલા પ્રમાણમાં એ પોતાના સાથીઓ કરતાં મોટો ગણાય છે. જ્યારે પશુઓના હલકા જગતમાં જે પશુ વધારેમાં વધારે પશુઓને મારી નાખી શકે છે એ સૌથી વધારે મજબૂત ગણાય છે.'

પરપીડાને પોતાની કરી લેનાર જ પ્રભુનો પ્યારો બની શકે છે. □

અનુસંધાન] **નક્સ વૉમિકા** [પૃ. ૭૫થી

છે. સતત કાર્યશીલ રહેતો હોવાથી અને કામ ધાર્યા સમયમાં પૂરું કરવાની લગની હોવાથી સતત ઉજાગરા કરતો હોય છે. આવો દર્દી ઘણી વાર શરાબ અને સુંદરીનો શોખીન હોય છે. તેની મહત્ત્વાકાંક્ષાવાળી જીવનશૈલીને લીધે અને ધાર્યું કામ કોઈ પણ હિસાબે પૂરું કરવાના હઠાગ્રહને લીધે તેનું શરીર - મન ઘણી વાર અત્યંત નબળું પડે છે અને હઠીલા રોગોનો શિકાર બને છે. દરેક કાર્યમાં સંપૂર્ણતા લાવવાના અને સફળતા અચૂક મળવી જ જોઈએ તેવા માનસને લીધે નાની નિષ્ફળતાથી તે નર્વસ થઈ જાય છે અને ભાંગી પડે છે. તેના ગુસ્સાવાળા બદમિજાજ સ્વભાવને લીધે તે સમાજમાં હળીમળીને રહી શકતો નથી અને ઘણી વાર એકલવાયું જીવન જીવવામાં તેના માનસિક રોગોમાં વધારો થાય છે. આ પ્રમાણેનાં દર્દીનાં લક્ષણોમાં નક્સ-વૉમિકા ચમત્કારિક ભાગ ભજવે છે. શારીરિક-માનસિક વિષ (ઝેર)ના જમા થયેલા થરોને ઓગાળી બહાર ફેંકી દે છે જેને લીધે દર્દી એક નવો-તંદુરસ્ત હસમુખો, મળતાવડો માનવી બની જાય છે.

આ ઉપરાંત નક્સ-વૉમિકા જે બીજાં ઘણાં દર્દોમાં ઉપયોગી દવા તરીકે કામગીરી બજાવે છે તેમાં નીચે મુજબના દર્દોનો સમાવેશ થાય છે.

હસમસા, ગુદાની અને શરીરના બીજા ભાગોની ચળ માટે, ઠંડા પદાર્થો લેવાથી થતા દાંતના દુખાવા માટે, અવાજના અણગમા માટે, તીવ્ર સુગંધ-દુર્ગંધની ચીડ માટે, બેઠાડુ જીવનશૈલીને લીધે થયેલા રોગો માટે, દારૂ-કૉફી તંબાકુના અતિશય સેવનથી કથળેલા આરોગ્ય માટે, સ્ત્રીઓને નિયમિત રીતે વહેલા આવતા અને લાંબો સમય ચાલતા માસિક માટે, વારંવાર આવતી-જતી શરદી માટે, થોડો સમય ઝાડા થાય અને થોડા સમય પછી સખત કબજિયાત રહે તેવા સંજોગોમાં પણ નક્સ-વૉમિકા લેવી હિતાવહ છે. □

કલાવાર્તા



કલાકાર અનંત મહેતા

બંસીલાલ દલાલ

અમદાવાદના અસારવા વિદ્યાલયમાં ડ્રૉઇંગ શિક્ષક તરીકે નોકરી કરતા અનંત મહેતા વર્ષોથી સર્જનાત્મક, પ્રયોગાત્મક ચિત્રકલાનું સર્જન કરતા આવ્યા છે. તેમની સર્જક કલાકારની કારકિર્દીના જુદા જુદા તબક્કાઓમાં તેમણે જુદી જુદી ટેક્નિક અને શૈલીઓમાં ચિત્રસર્જન કર્યું છે. મૂળ તો તેઓ રાધનપુરના અને તેમના પિતાશ્રી પણ ડ્રૉઇંગશિક્ષક અને વળી ચિત્રો પણ કરતા એટલે સ્વાભાવિકપણે નાનપણથી જ અનંત મહેતામાં ચિત્રકલાના સંસ્કારો રોપાયા. ઘરના વિકટ આર્થિક સંજોગો હોવા છતાં તેમણે વડોદરાની ફાઈન આર્ટ્સ કૉલેજમાં બી.એ. ફાઈન આર્ટ્સ સુધીનો અભ્યાસ પૂરો કર્યો. તેઓ ભારતના ખ્યાતનામ એવા બેન્દ્રેસાહેબ અને મણિસાહેબ જેવા કલાગુરુઓ પાસે ચિત્રકામ શીખ્યા. વડોદરાના અભ્યાસકાળ દરમિયાનનાં વર્ષો ભારતની આધુનિક



'THE CLOUDY DAY'
સમકાલીન ગુજરાતી કલા પ્રદર્શન મદ્રાસ અને ભુવનેશ્વર ખાતે રજૂ થયેલું

'કબૂતર પ્રેમ'



'મહેમાનનવાજી'





'WITH HIS PRV' ''માનીતી ઘોડી''

સપાટીઓ સર્જી. આ ચિત્રોમાં તેમણે જ્યોતિષશાસ્ત્રમાં આવતા ગ્રહોનું આલેખન કર્યું. આરંભથી જ તેમણે એકેડેમિક ડ્રૉઇંગ પર પ્રભુત્વ મેળવ્યું. તેઓ આધુનિક ચિત્રકલામાં જુદી જુદી શૈલીઓમાં પણ ડ્રૉઇંગની હાજરીને જરૂરી ગણે છે. તેમની દૃષ્ટિએ નબળું ડ્રૉઇંગ આધુનિક ચિત્રને પણ નબળું બનાવે છે.

ત્યાર પછી અનંતે 'કોલાજ' પદ્ધતિ જેવા લાગતા પરંતુ હકીકતમાં તેલ-રંગોમાં જ પોસ્ટ-

ચિત્રકલા ક્ષેત્રનાં મહત્ત્વપૂર્ણ વર્ષો હતાં અને કૉલેજમાંથી ચિત્રકલામાં તૈયાર થએલા વિદ્યાર્થીઓએ સર્જનાત્મક આધુનિક ભારતીય ચિત્રકલાના ક્ષેત્રમાં તેમનું નામ રોશન કર્યું અને આધુનિક ચિત્રકલાને નવાં પરિમાણો અર્પ્યાં છે. એટલે સ્વાભાવિક છે કે અનંત મહેતા આજે પણ વાતચીતમાં વડોદરાનાં સોનેરી વર્ષોને યાદ કરે છે. ઘરના સભ્યોની જવાબદારી તેમના પર હોવાથી એમ.એ. ફાઈન આર્ટ્સની તીવ્ર ઇચ્છા હોવા છતાં વડોદરાને રામરામ કરીને અનંતે અમદાવાદમાં ડ્રૉઇંગ શિક્ષકની નોકરી કરી કૌટુમ્બિક ફરજોને જ પ્રાધાન્ય આપ્યું.

શિક્ષકની નોકરી કરતાંકરતાં તેમનો જીવ તો સર્જક કલાકારનો હોવાથી તેમણે ચિત્રકલાનાં પ્રદર્શનોમાં ભાગ-લેવા માંડ્યો અને તેમની સર્જનાત્મક કૃતિઓને કારણે તેમને ઇનામો પણ મળવા માંડ્યાં.

તેમની શરૂઆતની ચિત્રશ્રેણીમાં તેમણે ફેવિકોલનો ઉપયોગ કરી ઉપસાવેલી

ખાતાનાં પરબી-ડિયાં, કાગળો, અક્ષરો વગેરે પર એક પ્રયોગાત્મક ચિત્રશ્રેણી તૈયાર કરી જે કલાવિવેચકો અને કલારસિકોએ ખૂબ વખાણી. આ પ્રકારનાં ચિત્રોમાં આપણને અનંતની નિજી કલાકાર તરીકેની શૈલી તથા પહેચાન થાય છે.


ત્યાર બાદ કથાત્મક ચિત્રકલાની શૈલી ભારતીય ચિત્રકળામાં જે ક્રાંતિ લઈ આવી તેનાથી પ્રભાવિત થઈ અનંત મહેતાએ અમદાવાદના જનજીવનને ધ્યાનમાં લઈ એક નવી જ ચિત્રશ્રેણી સર્જવાની શરૂઆત કરી. આ ચિત્રોમાં તેમણે લારીવાળા, રીક્ષાવાળા, પક્ષીઓ વેચનારાઓ, ચોપાટ રમતા લોકો જેવી સામાન્ય જનજીવનમાંની માનવાકૃતિઓ તથા તેમની ક્રિયાઓને પોતાનાં ચિત્રોમાં વિશિષ્ટ રીતે નિરૂપી છે. તેમણે માનવચહેરાઓને આંખ, કાન, નાક વગેરે અંગોને જુદી રીતે નિરૂપી વિશિષ્ટ બતાવ્યા છે. આ બધા ચહેરાઓ એકસરખા લાગે છે એવી ટીકા પણ કરવામાં આવી છે, છતાં સમગ્રપણે તેમની ચિત્રસંરચનાઓ માનવ-આકારોને તથા પક્ષીપ્રાણીઓનાં રંગરૂપોને ચિત્રના અવકાશમાં લયમયુક્ત સુંદર રીતે ગોઠવે છે અને તેમની કલાસૂઝને પ્રકટ કરે છે. □

રજની પટેલનાં ગણેશશિલ્પો

વલ્લભવિદ્યાનગરની ફાઈન-આર્ટ્સ કૉલેજના શિલ્પકલાના અધ્યાપક અને જાણીતા શિલ્પકાર શ્રી રજની પટેલે ગણપતિનાં સુંદર શિલ્પો સર્જ્યાં છે. પ્રત્યેક શિલ્પ લાડુના આકારનાં છે. તેના અર્ધા ભાગમાં ગણપતિની વિવિધ મુદ્રાઓ સર્જી છે. લાકડાને માધ્યમ બનાવીને કલાકારે આ શિલ્પ સર્જ્યાં છે. માત્ર સૂંઢની વિવિધ

'મંગલમૂર્તિ' ગણેશજી





'પંચમુખી' ગણેશજી

સ્થિતિમાં ગણપતિના જુદા જુદા મૂડને તેમણે વ્યક્ત કર્યા છે. પણ એકંદરે જે વસ્તુ સ્પર્શી જાય છે તે તો છે સાદગી. ઓછામાં ઓછી રેખામાં સમગ્ર ભાવને અભિવ્યક્ત કરવાનું બહુ અઘરું છે, પણ કલાકાર તેમાં જે સિદ્ધિ મેળવે છે એ જોઈ સાદગીભરી અભિવ્યક્તિ પ્રશંસાની અધિકારી બને છે. શિલ્પમાં લાકડાના માધ્યમ પર આ નજાકત ઉપસાવવી એ શિલ્પીની સિદ્ધિ છે અને ભાઈ રજની પટેલે એ સિદ્ધિ સિદ્ધ કરી બતાવી છે. અને આ શિલ્પોમાં તો વળી સાદગી ઉપરાંત નજાકતભર્યો ચળકાટ પણ એમણે સિદ્ધ કર્યો છે. □

અનુસંધાન] **મીરાંબહેન** [પૃ. ૬૨થી

'...બાપુને ક્યારેય મારાથી પૂરતો સંતોષ થયો ન હતો. કારણ કે મારામાં હંમેશાં કંઈક પરાણે દાબી દીધેલું તત્ત્વ હતું જેનાથી મારું મન વ્યગ્ર રહેતું હતું. બાપુને આનો ખ્યાલ હતો અને એમણે મને અવારનવાર સાવધાન કરી હતી... અંધકારમય ઉદાસીનતા મને વ્યાપી વળી.' આ ક્ષણે તેમને બિથોવનની મદદ મળી જેને મીરાંબહેને આત્મસાક્ષાત્કારની ક્ષણ તરીકે ઓળખાવી. એમને માટે આ જન્મનું એ ત્રીજું ને છેલ્લું પ્રકરણ બની રહ્યું.

જીવનના અંતે, કિનારે ઊભીને પોતાને જોતાં મૅડેલીન આત્મકથાના નિવેદનમાં આત્મસાક્ષાત્કારના જુવાળને પોતાના પરથી પસાર થતો, ઊઠતો જોઈ શકે છે. આ ક્ષણે સૌને સાથે રાખીને પોતાની લાગણી વહેંચતાં તેમણે હૃદય ઠાલવીને કહ્યું છે : 'અરબી સમુદ્રને કિનારે એક એકાંત સ્થળમાં ઊભી ઊભી હું એ વિશાળ મહાસાગર તરફ તાકી રહી હતી. એટલામાં એક એકાંકી શુભ્ર શ્વેત પક્ષી પાણી પરથી ઊડતું પસાર થયું. તે ક્ષણે મને એ અલિપ્ત આત્માના પ્રતીક સમું લાગ્યું. આપણો અંતરાત્મા પણ એવો જ નથી ? જીવનની કોઈ વિરલ ક્ષણે ઊંડા આત્મજ્ઞાનની ભૂખ જાગે છે ત્યારે જ એની પ્રતીતિ થાય છે.' આ પ્રકારનું દર્શન ધરાવતાં મૅડેલીન જિંદગીના પ્રવાહમાં કદાચ જાતે જ વહ્યાં છે. તેમને મળેલા અધ્યાત્મ ગુરુઓએ માત્ર તેમને ટેકો આપ્યો છે એમ કહેવા મન લલચાય છે.

વિયેનામાં ઈ.સ. ૧૯૭૭થી એમની તબિયત બગડવા માંડી. ભારત સરકાર એમને ત્યાં જોઈતી મદદ આપતી હતી. ઈ.સ. ૧૯૮૨માં એમને 'પદ્મવિભૂષણ'ના સન્માનથી નવાજ્યાં હતાં, જેના સ્વીકાર માટે તબિયતને કારણે તેઓ ભારત આવી શક્યાં નહોતાં. ઈ.સ. ૧૯૮૨ની ૨૦મી જુલાઈના રોજ વિયેના નજીક કેન્ફિંગ મુકામે ૯૦ વર્ષની પાકટ વયે એમનું અવસાન થયું. □

કંકાવટી

મથુરી ખરે, સ્વ.



મથુરી ખરે એ નામ સાંભળતાં જ જાણે સંગીતનો રણઝણાટ સમગ્ર વાતાવરણમાં છવાઈ જાય છે. સાબરમતી આશ્રમનો સંગીતમય પ્રાણ, પૂ. બાપુના લાડકવાયાં મથુરીબહેન કંઠ્ય સંગીતના સૂરોથી આશ્રમના અણુએ અણુને ભરી દેતાં તા. ૨-૧-૧૯૯૭ ને ગુરુવારના દિવસે સાંજે ૭૮ વર્ષની વયે સ્વર્ગવાસી થયાં. આશ્રમને તેમણે સાચા અર્થમાં સંગીતથી સ્વર્ગ બનાવ્યો હતો.

તેમનો જન્મ સપ્ટેમ્બરની ૨૭મી તારીખે ૧૯૧૯માં સાબરમતી આશ્રમમાં થયો હતો. બાળપણથી જ શાસ્ત્રીય સંગીતની તેમનામાં સાચી લગન હતી, અને એ તદ્દન સ્વાભાવિક છે. કારણ તેમના પિતા હતા સંગીતજ્ઞ શ્રી નારાયણ મોરેશ્વર ખરે. પિતાનો વારસો આ પુત્રીએ જતનપૂર્વક જાળવ્યો. પિતા પણ પંડિત ડી. વી. પલ્લુસકરના શિષ્ય હતા અને એ પિતા પાસે મથુરીબહેનને સંગીતની તાલીમ મેળવી. કેવો સુંદર સુયોગ! પૂ. બાપુની સ્વાતંત્ર્ય લડતમાં પણ તેઓ જોડાયાં હતાં એટલું જ નહીં, પણ સમાજસેવિકા પણ બન્યાં હતાં.

શ્રી નારાયણ ખરેને આશ્રમમાં લાવવાનું શ્રેય પંડિત પલ્લુસકરના ફાળે જાય છે. મથુરીબહેનનો ઉછેર આવા સુંદર વાતાવરણમાં થયો. પૂ. ગાંધીજી અને પંડિત પલ્લુસકરે મથુરીબહેનને નાની વયે આશ્રમમાં સાંભળ્યાં હતાં ત્યારે જ પંડિત પલ્લુસકરે મથુરીબહેનનું ભવિષ્ય ભાખ્યું હતું કે આ છોકરી શાસ્ત્રીય સંગીતમાં એક દિવસ નામના મેળવશે. એ કથન મથુરીબહેને પુરવાર કરી આપ્યું. અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થની પંક્તિ 'The child is father of the man' મથુરીબહેનના સંબંધમાં સાચી નીવડી. પલ્લુસકરે તો પુત્રીનાં લક્ષણ પારણામાંથી જ પારખી લીધાં હતાં. પ્રખર સંગીતજ્ઞ શ્રી ઓમકારનાથ ઠાકુર જ્યારે આશ્રમની મુલાકાતે આવેલા ત્યારે મથુરીબહેનનું સંગીત સાંભળી તરત જ પોતાનો અભિપ્રાય આપી દીધેલો કે આ છોકરીમાં સાચી પ્રતિભા છે અને ખરેખર મોરનાં ઈંડાં તો કાંઈ ચીતરવાનાં જ ન હોયને ? સ્વાતંત્ર્યસેનાનીઓને પ્રેરણા આપતાં ભજનો હંમેશાં તેઓ ગાતાં અને આમ તેમના પ્રેરકબળ બની જતાં.

તેમણે તેમનું શિક્ષણ આશ્રમમાં અને ત્યારબાદ ગૂજરાત વિદ્યાપીઠમાં લીધેલું. આવું શૈક્ષણિક વાતાવરણ, પૂ. બાપુની છત્રછાયા અને સંગીતનો સથવારો - આ ત્રિવેણી સંગમે તેમના જીવનને ઘાટ આપવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. તેમના પિતાના મૃત્યુ બાદ ભજનના કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી તેમણે સંભાળી લીધી અને પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું. હરિપુરામાં કૉન્ગ્રેસ સંમેલન ભરાયું ત્યારે પણ ભજનનો રસથાળ પીરસનારાં મથુરીબહેન જ હતાં. જેણે જેણે તેમને સાંભળ્યાં તે બધાંની પ્રશંસા તે પામ્યાં, કારણ કે ભજનો ગાવાં એ મહત્ત્વનું નથી પણ એ ગાયકી સાથે આત્માના અમીરસને પણ વહેતો મૂકવો એ કામ તેમણે કરી બતાવ્યું. ભજનમાં એકરૂપતા સાધી તેઓ જ્યારે પોતાનો સ્વર વહેતો મૂકે ત્યારે સમગ્ર વાતાવરણને સાત્ત્વિક સમાધિ લાગી જતી અને એટલે જ તો એમને સંગીતના કેટલા બધા ઍવૉર્ડ્ઝ મળ્યા! અમદાવાદમાં ટાઉનહૉલ નજીક ભારતીય સંગીત વિદ્યાલયની સ્થાપના તેમણે કરી, એટલું જ નહીં પણ ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને સંગીતની તાલીમ આપી.

આવાં મથુરીબહેન આપણી વચ્ચેથી લાંબી માંદગી ભોગવી વિદાય થયાં તેનું દુઃખ તો થાય જ, પણ તેઓ વિસરાશે નહીં. તેમનું સંગીત, ભજનો હંમેશાં ગુંજતાં રહેશે. અમદાવાદે, અરે કહોને કે ગુજરાતે, આવું એક સંગીતરત્ન ગુમાવ્યું છે તેનો કેટલો અફસોસ છે! તેઓ મીરાંની જેમ સાબરમતી આશ્રમ સાથે જીવનભર પ્રીતડી બાંધીને રહ્યાં. જન્મ્યાં આશ્રમમાં, જીવ્યાં આશ્રમમાં અને છેલ્લે અલવિદા કરીને પરલોક ગયાં તે પણ આશ્રમના ખોળે. મથુરીબહેન ખરેખર મધુરીબહેન બનીને જીવ્યાં અને મૂકતાં ગયાં મધુર સ્વર અને મધુર સંગીતમય વાતાવરણ.

\- કમલા પરીખ



('ફૂલછાબ'માંથી)

સાહિત્યસંપર્ક

મહાશ્વેતાદેવીને જ્ઞાનપીઠ ઍવૉર્ડ



ભારતીય સાહિત્યને સમૃદ્ધ કરવામાં આપેલા નોંધપાત્ર પ્રદાન માટે પ્રસિદ્ધ બંગાળી લેખિકા મહાશ્વેતાદેવીની ૧૯૯૬ના વર્ષ માટેના બત્રીસમા જ્ઞાનપીઠ ઍવૉર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. દેશના આ સર્વોચ્ચ સાહિત્યિક ઍવૉર્ડ માટે પસંદગી પામેલ તેઓ પાંચમાં બંગાળી સાહિત્યકાર છે. તેમની અગાઉ આ ઍવૉર્ડ ૧૯૬૬માં તારાશંકર બંદ્યોપાધ્યાયને, ૧૯૭૧માં વિષ્ણુ દેને, ૧૯૭૬માં આશાપૂર્ણા દેવીને તથા ૧૯૯૧માં સુભાષ મુખોપાધ્યાયને એનાયત થયો હતો.

ઈ.સ. ૧૯૨૬માં ઢાકામાં જન્મેલાં મહાશ્વેતાદેવીનો પરિવાર સાહિત્ય અને કલા ક્ષેત્રે ઉલ્લેખનીય પ્રદાન કરવા માટે જાણીતો હતો. મહાશ્વેતાદેવી વિશ્વભારતી, શાંતિનિકેતનમાં અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કરી ૧૯૪૬માં બી.એ. (ઑનર્સ)ની પદવી પ્રાપ્ત કરી ૧૯૪૭માં બીજોન ભટ્ટાચાર્ય સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. ૧૯૪૯માં અંગ્રેજીનાં શિક્ષક તરીકે કામ કરી ૧૯૫૦માં તેઓ તાર-ટપાલ ખાતામાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ તરીકે જોડાયાં. ૧૯૬૧માં છૂટાછેડા લઈ તેમણે કલકત્તા યુનિવર્સિટીમાં અભ્યાસ શરૂ કર્યો અને ૧૯૬૩માં તેઓ અંગ્રેજી સાથે એમ.એ. થયાં. ૧૯૬૪માં તેઓ બીજોમગઢ જ્યોતિષ રે કૉલેજમાં લેક્ચરર બન્યાં. ૧૯૬૫માં તેમણે આસીત ગુપ્તા સાથે લગ્ન કર્યાં. ૧૯૮૦માં તેઓ પાલમૌ જિલા બોન્ડેડ લેબર લિબરેશન ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરે છે અને 'બર્તિકલા' નામક બંગાળી ત્રૈમાસિકનાં સંપાદક બને છે. ૧૯૮૨થી '૮૪ દરમિયાન તેઓ બંગાળી દૈનિક 'યુગાંતર'નાં ખબરપત્રી તરીકે સેવા આપે છે. ૧૯૮૩માં તેઓ બહારામપુર મ્યુનિસિપાલિટીના હરિજન કામદાર યુનિયનનાં પ્રમુખ તરીકે ચૂંટાઈ આવે છે. ૧૯૮૪માં તેઓ પશ્ચિમ બંગાળ ખેરિયા સબાર કલ્યાણ સમિતિનાં અધ્યક્ષ બને છે. ૧૯૮૫માં તેઓ ફ્રાન્સની મુલાકાત લે છે. ઈ.સ. ૧૯૮૬માં તેઓ પશ્ચિમ જર્મની અને ઇંગ્લન્ડનો પ્રવાસ કરે છે. ૧૯૮૮માં પિટ્સબર્ગ યુનિવર્સિટીના માર્ક્સિસ્ટ સ્ટડી સેન્ટરના નિમંત્રણથી તેઓ અમેરિકા જાય છે. ૧૯૯૦માં અમેરિકાની આઠ યુનિવર્સિટીઓ તેમને 'ફૂલબ્રાઈટ લેક્ચરર' તરીકે વ્યાખ્યાનો આપવા આમંત્રે છે.

સાહિત્ય અને સમાજસેવાની કદરરૂપે તેમને અનેક પુરસ્કારો - ઍવૉર્ડોથી નવાજવામાં આવ્યાં છે. ઈ.સ. ૧૯૬૮માં તેમને અમૃતનો પુરસ્કાર એનાયત થયેલો. ૧૯૭૮માં તેમને શરત્ચંદ્ર ચટ્ટોપાધ્યાય મૅમોરિયલ મૅડલ મળેલો. 'અરણ્યેર અધિકાર' નવલકથા માટે તેમને ૧૯૭૯નો કેન્દ્રિય સાહિત્ય અકાદમીનો ઍવૉર્ડ પણ એનાયત થયેલ. નિખિલ ભારત બંગ સાહિત્ય સમ્મેલને ૧૯૮૧માં તેમને મૅડલ આપ્યો હતો. આદિવાસીઓના કલ્યાણ માટેની તેમની સેવાઓની સ્વીકૃતિ પેઠે તેમને ભારત સરકારે ૧૯૮૬માં 'પદ્મશ્રી'થી સન્માનિત કરેલાં. કલકત્તા યુનિવર્સિટીએ ૧૯૮૯માં તેમને પ્રતિષ્ઠિત જગત્તારિણી સુવર્ણચંદ્રક એનાયત કરેલો.

મહાશ્વેતાદેવીનું પ્રથમ પુસ્તક 'ઝાંસીર રાની' ૧૯૫૬માં પ્રગટ થયેલ. ૧૮૫૭ની પૃષ્ઠભૂમાં સ્વાતંત્ર્યસેનાની લક્ષ્મીબાઈના જીવનને કથાત્મક રૂપ આપવાનો તેમનો પ્રયાસ હતો. બીજા જ વર્ષે તેમની પાસેથી 'નટી' નામક નવલકથા પ્રાપ્ત થાય છે. ૧૯૫૮માં તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'કી બસન્તે કી શરતે' પ્રગટ થાય છે. એ પછી તો તેમની સાહિત્ય સરવાણી વેગપૂર્વક વહેવા લાગે છે. અત્યાર સુધીમાં તેમની પાસેથી વિપુલ પ્રમાણમાં સાહિત્યકૃતિઓ સાંપડી છે. ગદ્યનાં અનેકવિધ સ્વરૂપોમાં તેમણે સત્ત્વસંપન્ન પ્રદાન કર્યું છે.

મહાશ્વેતાદેવીનું મુખ્ય પ્રદાન કથાસાહિત્યક્ષેત્રે છે. નવલકથા અને નવલિકા-ઉભયક્ષેત્રે તેમનું ઉલ્લેખનીય પ્રદાન છે. તેમની કેટલીક નોંધપાત્ર નવલકથાઓ છે : 'અગ્નિગર્ભ' (૧૯૭૮), 'અકલાન્ત કૌરવ' (૧૯૮૨), 'અજાના', 'અમૃત સંચય' (૧૯૬૩), 'આંધાર માનિક' (૧૯૬૬), 'અરણ્યેર અધિકાર' (૧૯૭૫), 'આશ્રય' (૧૯૮૫), 'વિવેક વિદાય પલ' (૧૯૮૩), 'બોઈસુચનેર સેના', 'ચોટ્ટી મુંડા એવમ તાર તીર' (૧૯૭૨), 'ધાનેર સીશે શિશિર' (૧૯૬૯), 'દુસ્તર' (૧૯૬૯), 'એતોતુકુ આશા' (૧૯૫૯), 'ઘરે ફેરા' (૧૯૭૯), 'હાજાર સુરાશીર મા' (૧૯૭૪), 'હરિરામ મહતો' (૧૯૮૦), 'કવિ બન્દ્યઘટી ગાંચીર જીવન સો મૃત્યુ' (૧૯૬૭), 'લાયલિ આસમાનેર આયના' (૧૯૬૨), 'મધુરે મધુર' (૧૯૫૮), 'મધ્યરાતેર ગાન' (૧૯૬૫), 'પરમ પિપાસા' (૧૯૬૦), 'પ્રેમ-તારા' (૧૯૫૯), 'રૂપરેખા' (૧૯૬૧), 'સન્ધ્યાય કૌસા' (૧૯૬૩), 'સતી', 'સોના નય રૂપા નય' (૧૯૬૧), 'શ્રી શ્રી ગણેશ મહિમા' (૧૯૭૯), 'શ્રીંખલિતા' (૧૯૮૫), 'સુભગ બસંત' (૧૯૬૮), 'સ્વાહા' (૧૯૭૭), 'સ્વામીર

ઘર' (૧૯૬૪), 'તારાર અંધાર' (૧૯૬૦), 'ટેરોડાકિટલ પૂરણ સહાય ઓ પિરથા' (૧૯૮૯), 'માર્ડાચરેર મા' (૧૯૯૨), 'તિમિર લંઘન' (૧૯૫૯), 'તીર્થ શેપેર સંધ્યા' (૧૯૬૬), 'તિતુમીર' (૧૯૮૫) વગેરે.

મહાશ્વેતાદેવીની ઉપર્યુક્ત નવલકથાઓ પૈકી કેટલીક હિન્દી, ગુજરાતી તથા અન્ય ભારતીય ભાષાઓમાં અનૂદિત થઈ છે. ૧૯૮૫માં તેમની બે પ્રતિનિધિ કૃતિઓ ગુજરાતીમાં અવતરી: 'અરણ્યેર અધિકાર' અને 'હાજર ચુરાશીર મા.' ગુજરાતી કથાસાહિત્યમાં મહદંશે જેનો અભાવ છે એવી આ વાસ્તવદર્શી કૃતિઓ છે.

અંગ્રેજ સલ્તનત પાસેથી 'અરણ્યનો અધિકાર' પ્રાપ્ત કરવા બીરસા મુંડા દ્વારા થયેલ વિદ્રોહનું વિગતપ્રચુર યથાર્થ નિરૂપણ કરતી આ ઐતિહાસિક નવલકથાનો સુકન્યા ઝવેરીએ કરેલ અનુવાદ એકંદરે પ્રવાહી, પ્રાસાદિક છે. બીરસાકેન્દ્રિત આ નવલકથામાંથી ઊપસતું બીરસાનું પાત્ર સ્મરણીય છે. માત્ર બીરસાના વિદ્રોહ પર જ નહિ, આદિવાસી પ્રજાના જીવનવ્યવહાર પર પણ પ્રકાશ પાડતી આ નવલકથા ક્યાંક ક્યાંક ઐતિહાસિક તથ્યોના વધુ પડતા દસ્તાવેજીકરણને કારણે કલાકૃતિ તરીકે શિથિલ થઈ છે.

બીરસાના વિદ્રોહની યાદ તાજી કરાવે એવું એક આંદોલન બંગાળના નકસલવાડી અને એની આસપાસના પ્રદેશમાં પંચોતેર વર્ષ પછી ઉદ્‌ભવે છે. આ આંદોલનનો અંજામ પણ બીરસાવિદ્રોહ જેવો આવે છે. પણ આ આંદોલને બંગાળના સંવેદનશીલ બૌદ્ધિકોમાં જે વમળો જન્માવ્યાં તેના પરિણામે જે સાહિત્યકૃતિઓ સર્જાઈ તેમાંની એક છે મહાશ્વેતાદેવી કૃત લઘુનવલ 'હાજર ચુરાશીર મા.' (બીજી એક બૃહદ્ નવલ રચી સમરેશ મજુમદારે 'કાલબેલા', જેને ૧૯૮૪નો અકાદમી એવોર્ડ એનાયત થયો હતો.) તેનો ગુજરાતી અનુવાદ કર્યો છે નિસ્પૃહા દેસાઈએ. એક જ દિવસના ચાર પ્રહરોમાં વિભક્ત આ કૃતિમાં પ્રસ્તુત આંદોલનમાં જોડાઈ શહીદ થયેલ હોનહાર યુવાનની માતાની વ્યથા-વેદનાનું પ્રભાવક, હૃદયસ્પર્શી બયાન થયું છે. અનુવાદિકાએ મૂળને વફાદાર રહેવાનો પ્રયાસ કર્યો છે પણ તેને લીધે અનુવાદ કેટલેક સ્થળે થોડોક ક્લિષ્ટ થયો છે. પ્રથમ પરિચ્છેદ જોતાં જ તેનો ખ્યાલ આવશે.

ઉપર્યુક્ત બંને કૃતિઓ હિન્દી, મલયાલમ અને તેલુગુમાં પણ અનૂદિત થઈ છે. 'ઘરે ફેરા' પણ હિન્દી-ગુજરાતીમાં ઉપલબ્ધ છે. સંભવતઃ 'સતી'નો પણ ગુજરાતી અનુવાદ થયો છે.

પોતાના કથાસાહિત્ય પાછળ પોતાનો દૃષ્ટિકોણ શું છે એની થોડી વાત લેખિકાએ 'અગ્નિગર્ભ'ની 'ભૂમિકા'માં કરી છે. તેમાં તેમણે લખ્યું છે : 'જીવન અંકગણિત નથી અને માણસ રાજનીતિનું રમકડું નથી. મનુષ્યના અસ્તિત્વ અને અધિકારના દાવાને સાર્થક કરવો એ જ બધા પ્રકારની રાજનીતિનું લક્ષ્ય હોવું જોઈએ એમ હું માનું છું. હું વર્તમાન સમાજવ્યવસ્થા બદલાય એમ ઇચ્છું છું. હું ક્ષુદ્ર પક્ષીય રાજકારણમાં વિશ્વાસ ધરાવતી નથી. આઝાદીનાં એકત્રીસ વર્ષ પછી પણ હું મારા દેશબાંધવોને અન્ન, જળ, જમીન, દેવું, વેઠ, કશામાં સ્વતંત્ર થયેલા જોઈ શકતી નથી. જે વ્યવસ્થા આ બધામાંથી મુક્તિ અપાવી શકી નથી તેની વિરુદ્ધ નિરંજન, શુભ્ર અને સૂર્યસમાન ક્રોધ જ મારા સમગ્ર લેખનની પ્રેરણા છે. જમણેરી - ડાબેરી બધા જ પક્ષો સામાન્ય મનુષ્યની આશાઓ - આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા છે એમ મને લાગે છે. મારા જીવનકાળ દરમિયાન મારા વિશ્વાસમાં ફેરફાર થવાની આશા નથી, તેથી મારી શક્તિ પ્રમાણે હું માણસોની કથા લખ્યા કરું છું, જેથી હું કશી લજ્જા વિના મારી પોતાની સન્મુખ ઊભી રહી શકું.'

મહાશ્વેતાદેવીના ઉપર્યુક્ત શબ્દો તેમના સમગ્ર સાહિત્યને સમજવાની ભૂમિકા પૂરી પાડે છે. તેમણે નવલિકા ક્ષેત્રે પણ પ્રશસ્ય પ્રદાન કર્યું છે. તેમના કેટલાક વાર્તાસંગ્રહોનાં નામ નીચે મુજબ છે : 'અનબરતાર અવિશ્વાસ્ય' (૧૯૬૬), 'બેહુલા' (૧૯૭૬), 'દૌલતિ' (૧૯૮૫), 'ગ્રામબાંગ્લા' (ભાગ ૧, ૨, ૧૯૮૨, '૮૪), 'ઇંટેર પર ઇંટ' (૧૯૮૨), 'મહાશ્વેતાદેવીર શ્રેષ્ઠ ગલ્પ' (૧૯૮૫), 'માયેર મૂરતિ' (૧૯૮૨), 'મૂર્તિ (૧૯૭૯), 'નૈઋતે મેઘ' (૧૯૭૯), 'શાલગિરાર ડાક' (૧૯૮૪), 'સપ્તપર્ણ' (૧૯૬૦), 'સિન્ધુકાનુર ડાક' (૧૯૮૫), 'સ્તનદાયિની ઓ અન્યાન્ય ગલ્પ' (૧૯૭૯), 'તાલાક ઓ અન્યાન્ય ગલ્પ', 'રુદાલી' (૧૯૯૩).

છેલ્લી વાર્તા પરથી કલ્પના લાજમીએ કલાત્મક ફિલ્મ બનાવી છે એ બધા જાણે છે. અલબત્ત મહાશ્વેતાદેવીની 'રુદાલી' બિહારના પરિવેશમાં છે, કલ્પનાએ તેને રાજસ્થાનનો પરિવેશ આપ્યો છે એટલું જ નહિ કલ્પનાના રંગે તેને રંગીને રંગદર્શિતા પણ આણી છે. મહાશ્વેતાદેવીએ 'રુદાલી', 'ગોહુમણિ' જેવી વાર્તાઓ અને અનેક નવલકથાઓ પણ બિહારના દરિદ્રતમ જિલ્લા પાલામૌની પટભૂમિ પર આલેખી છે. અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે તેમની નાયિકાઓ સંઘર્ષ કરી જીવવાની મથામણ કરે છે અને જીવી જાય છે. આ બધી રચનાઓમાં રંગદર્શિતા શક્ય જ નથી. 'રુદાલી'ની 'ભૂમિકા'માં લેખિકા લખે છે, 'અન્નક્ષુધા નિયે રોમાન્ટિક ગલ્પ લેખા જાય નિ.' (ભૂખમરાને આધારે રંગદર્શી વાર્તા લખી શકાય નહિ.) 'અગ્નિગર્ભ'માં મૂકવામાં આવેલી લેખિકાની 'દ્રૌપદી' વાર્તા અંગ્રેજી તથા અન્ય અનેક ભાષાઓમાં અનૂદિત

થઈ છે. (ગુજરાતીમાં ભોળાભાઈ પટેલે તેનો અનુવાદ કર્યો છે, જે 'પરબ' ડિસેમ્બર ૧૯૯૩ના અંકમાં પ્રગટ થયો છે.) નકસલવાદી આંદોલન આ વાર્તાની ઘટનાઓની પૃષ્ઠભૂમિ છે. વાર્તાની સાંતાલ નાયિકાનું નામ છે દ્રૌપદી માઝણ. વાર્તાને અંતે લેખિકાએ કુશળતાપૂર્વક મહાભારતની દ્રૌપદીના ચરિત્ર સાથે તેનું સામ્યવૈષમ્ય સૂચિત કરી દીધું છે. ભાષાવિજ્ઞાનની પરિભાષામાં જેને 'લૅંગ્વેજ રજિસ્ટર' કહે છે તે રીતની સંદર્ભાનુસાર અનેક સ્તરીય ભાષાનો સાર્થક વિનિયોગ લેખિકાએ કૃતિમાં કર્યો છે. નારીવાદી આંદોલનના સંદર્ભે આ કૃતિની ખૂબ ચર્ચા થઈ છે.

દમિત, પીડિત, શોષિત સમાજ પ્રત્યેની અનુકંપા અને તેમના હકો માટે લડવાનો જુસ્સો મહાશ્વેતાદેવીના સમગ્ર સાહિત્યમાં દૃષ્ટિગોચર થાય છે. 'શ્રેષ્ઠ ગલ્પ'ની ભૂમિકામાં લેખિકાએ લખ્યું છે: 'મારું એ માનવું છે કે વાર્તાકાર ઇતિહાસ-બુદ્ધિથી પ્રેરાયેલો હોવો જોઈએ. અન્યાયના પ્રતિકારના માધ્યમ તરીકે અધિકૃત દસ્તાવેજીકરણ મને સૌથી વધારે ઉપકારક જણાયું છે.'

મહાશ્વેતાદેવીએ કથાસાહિત્ય સિવાય ગદ્યનાં અન્ય કેટલાંક સ્વરૂપોમાં પણ કામ કર્યું છે. 'હાજર ચુરાશીર મા ઓ અન્યાન્ય નાટક' (૧૯૮૧) પણ તેમણે આપ્યાં છે. તેમણે કેટલાંક સંપાદનો પણ કર્યાં છે. જેમાં 'ભારતેર રૂપકથા'ના પાંચ ભાગ, 'ભય દેખાનો ભયંકર'ના છ ભાગ ઉલ્લેખનીય છે. બાળસાહિત્ય ક્ષેત્રે પણ તેમનું નોંધપાત્ર પ્રદાન છે. 'બાયોસ્કોપેર બક્સા' (૧૯૬૪), 'બિરસા મુંડા' (૧૯૮૧), 'ગલ્પેર ગોરુન્યાદોસ' (૧૯૮૨), 'હા રે રે રે' (૧૯૮૪), 'નેઈ નગરેર સેઈ રાજા' (૧૯૬૬), 'પથ ચલી આનંદે' (૧૯૬૧) વગેરે બાળસાહિત્યની રચનાઓ છે. નિર્મલસિંહ સાથે તેમણે હિન્દીમાં પણ 'ભારતમેં બંધુવા મજદુર' નામક પુસ્તક લખ્યું છે.

મહાશ્વેતાદેવીએ સત્તર વર્ષની વયે બંગાળમાં દુષ્કાળ રાહતની કામગીરી કરેલી. ત્યારથી ગરીબો અને જરૂરતમંદ લોકો માટે તેઓ સતત કાર્યરત છે, ખાસ કરીને ઉપેક્ષિત, શોષિત આદિવાસીઓ માટે તેઓ સંગીન કામ કરી રહ્યાં છે. સાથે સાથે આ પીડિત શોષિત મનુષ્યોને કેન્દ્રમાં રાખી વાસ્તવદર્શી સાહિત્ય પણ સર્જી રહ્યાં છે. તેમની આ કામગીરીને બિરદાવતા 'ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના તંત્રી ૧-૧-'૯૭ના તંત્રીલેખમાં લખે છેઃ 'અત્યારે જ્યારે ભારતના મોટા ભાગના કથાસાહિત્યના લેખકો, જેમાં બંગાળી લેખકો પણ સમાવિષ્ટ છે, શહેરના મધ્યમવર્ગીય લોકોનાં પ્રેમ અને પલાયનથી ગ્રસ્ત છે ત્યારે આ વર્ષનાં જ્ઞાનપીઠ ઍવૉર્ડ વિજેતા મહાશ્વેતાદેવી સામાજિક યથાર્થવાદી સ્વરૂપ (Social realist genre)ને નવી દિશા જ પૂરી પાડતાં નથી પણ નિમ્નસ્તરીય લોકોના ઉત્થાન માટે એકનિષ્ઠ સમર્પણભાવથી સંઘર્ષરત પણ છે. જો મહાશ્વેતાદેવીનું સાહિત્ય સર્જન વીરતા અને આદર્શવાદને વણસ્પર્શ્યું રહ્યા વિના યથાર્થવાદને અપનાવતું હોય તો એનું કારણ એ છે કે તેમણે તેમનાં ઘણાંખરાં વર્ષો આદિવાસીઓ સાથે ગુજાર્યાં છે અને તેમની સાથે સંઘર્ષમાં ભાગ લીધો છે.' અત્યારે એક બંગાળી સામયિકમાં તેઓ પોતાની આત્મકથા લખી રહ્યાં છે. □

- ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

૧૯૯૬નું સાહિત્ય અકાદેમીનું પારિતોષિક પ્રાપ્ત કરનાર હિમાંશી શેલત

"પ્રિય મિત્રો,

પત્ર મળ્યો. તમારા ઉમળકાભર્યા પ્રતિભાવથી બહુ બહુ આનંદ. સર્જકોનો સાચુકલો હરખ આમ વ્યક્ત થાય અને મન ભીંજવે, એ મોટો પુરસ્કાર, અને એકદમ સાચો. બાકી બધું આવે - ન આવે, ગૌણ જ રહે છે, એ આપણે ક્યાં નથી જાણતાં ? તમારામાંથી કોઈની યે વાર્તા જોવામાં આવે છે કે આંખમાં ચમક આપોઆપ..."

અહીં, ઉપર ઉતાર્યો છે એ પત્ર આ રીતે લેખના આરંભે ટાંકીશ - એવું, એ પત્ર જેમને સંબોધીને લખાયો છે એ 'પ્રિય મિત્રો' પૈકીના એક વાર્તાકાર મિત્રને કહેલું ત્યારે એણે એના સ્વભાવ વિરુદ્ધ ચેતવણી ઉચ્ચારેલી : 'જો જો હોં બાપુ ! આ અંગત પત્ર છે, એને 'કુમાર'ના પાને ઉતારશો તો પત્રલેખિકા મુકદ્દમો માંડશે.' એમની વાતમાં એક તરફ વિધાન (આ અંગત પત્ર છે) હતું કે અંગત-બિનઅંગતની ઐસીતૈસી કરીને, એને આમ સર્વજનસુલભ કરી આપવાનો લોભ જતો ન કરી શકાયો. હવે વાત રહી પેલા મુકદ્દમાની, તો એ મંડાશે તોય એક વાર્તાકારની કલમે મંડાશેને ? અને એ પણ કેવા વાર્તાકાર ? જેવાતેવા નહીં, મિત્રોની છપાયેલી વાર્તા જોતાં જેમની આંખમાં આપોઆપ ચમક અંજાય છે એવાં હિમાંશી શેલત !

ઉપર જેની ભારોભાર ઉપરાંત એટલે કે લટકામાં નવ તોલા, અગિયાર ગદિયાણા અને ઓગણીશ રતીભાર પ્રશંસા કરી છે એ વાર્તાકાર હિમાંશી શેલત કોણ છે ? - એ વાત કંઈ 'કુમાર'-વાચકોથી અજાણી તો ન જ હોય, પણ આવું સાવ



સાચું કહ્યા પછીય પરિચય આપવાની આપણે ત્યાં પરંપરા છે, તો એને નિભાવતાં પરિચયનો આરંભ કરીએ. એમની યશકલગીમાં ઉમેરાયેલા અધુનાતન મોરપિચ્છથી : હા, હિમાંશીબહેનને એમના બીજા વાર્તાસંગ્રહ 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' (૧૯૯૨) માટે ૧૯૯૬ના વર્ષનો, કેન્દ્રિય સાહિત્ય અકાદમી-દિલ્હીનો, શ્રેષ્ઠ ગુજરાતી ગ્રંથને અપાતો રૂપિયા ૨૫,૦૦૦નો પુરસ્કાર મળ્યો છે.

આ અદ્‌ભુત અને અપૂર્વ ઘટનાનો આનંદ વ્યક્ત કરતાં 'પ્રિય મિત્રો'એ હિમાંશીબહેનને લખેલા પત્રના ઉત્તર રૂપે જ એમણે અહીં આ લેખના આરંભે ટાંકેલા પાંચ-પચ્ચીસ શબ્દોમાં, એક સર્જક, એનું આવું અભિવાદન થાય ત્યારે તહેદિલથી શું અનુભવે તે વાત સાવ સહજતયા પૂરી સાદગીથી મૂકી આપી છે.

વાર્તાકાર હિમાંશી (૮-૧-૧૯૪૭) મૂળે સુરતનાં. અંગ્રેજી ભાષા-સાહિત્ય ભણીને બી.એ., એમ.એ. તથા 'વિદ્યાધર નાયપાલની નવલકથાઓ'નો અભ્યાસ કરીને પીએચ.ડી. થયેલાં અધ્યાપક હિમાંશીએ ૧૯૬૮થી હમણાં સુધી સુરતની એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજી ભાષા-સાહિત્ય ભણાવ્યાં પણ પછી વિપન્ન બાળકો અને સ્ત્રીઓ વચ્ચે કામ કરવાની લગન લાગતાં પ્રિમૅચ્યોર રિટાયરમેન્ટ લઈને કાર્યક્ષેત્ર બદલ્યું. એમ તો આ સમય દરમ્યાન એમણે 'સળગતાં સૂરજમુખી' ખ્યાત 'રેડિયો ઑફિસર' વિનોદ મેઘાણી સાથે અબ્રામામાં ગૃહસ્થાશ્રમ પણ આરંભ્યો છે. પણ મૂળ વાત એટલી કે આ બધાં છે...છે...છે વચ્ચે અને પછીય વાર્તાલેખનની વાત વેગળી મુકાઈ નથી.

પહેલો વાર્તાસંગ્રહ 'અંતરાલ' (૧૯૮૭), બીજો 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' (૧૯૯૨) અને હજુ હવે છપાશે એ ત્રીજો વાર્તાસંગ્રહ 'એ લોકો' - આમ કુલ મળીને ત્રણ વાર્તાસંગ્રહ રૂપે, આઠમા, નવમા અને દસમા દાયકામાં કલમરત રહીને માંડ પચાસ-સાઠ જ વાર્તાઓ આપનારાં હિમાંશીબહેનની વાર્તા-વિભાવનામાંથી જ એમના આવા અલ્પલેખનનો અહાસાર મળી રહે છે : 'ટૂંકી વાતોના સ્વરૂપનું મને ભારે ખેંચાણ રહ્યું છે. અત્યંત મર્યાદિત ફલક પર તીવ્ર અનુભૂતિની ક્ષણોને આછા લસરકાથી આલેખવાનો પડકાર ઝીલવાનું મને ગમે છે. જૂની કે નવી, ઘટનાવાળી કે વગરની - વાંચવાની ઈચ્છા સાદ્યંત ધબકતી રાખી શકે તે વાર્તા - એવી મારી પ્રામાણિક માન્યતા છે.'

તીવ્ર અનુભૂતિની ક્ષણો, અત્યંત મર્યાદિત ફલક અને આછે લસરકે થતું આલેખન - વાર્તાલેખન માટેનાં આ ત્રણ વાનાં - વિરલ પરિબળો-નો દુગ્ધશર્કરાયોગ; જાણતલ સૌ જાણે છે કે વલોણાવારે થતો નથી. પણ આમ હોય તોય લખવાનો પડકાર ઝીલી લેનાર સર્જકની મનઃસ્થિતિને તાદૃશ કરી દેતો એક શેર યાદ આવે છે :

બે શબ્દ સાથે મૂકતાં ફફડી ઊઠું છું,
ગ્રંથના ગ્રંથો છપતા હોય છે.

'અન્તરાલ'ના આરંભે મુકાયેલા ઉપર્યુક્ત લખાણમાં જ, આધુનિક ન ગણાઈ શકવાની દહેશત અને તજ્જન્ય લોભ જતો કરીનેય આ વાર્તાકાર કહે છે : 'વાંચતાં જ કંટાળો આવે, અતિશય કષ્ટ પડે અને જેમાં બૌદ્ધિક વ્યાયામથી વિશેષ કશું પ્રાપ્ત ન થાય એ ખરેખર વાર્તા નથી જ - એમ કહેવામાં હું આધુનિક નહિ ગણાઉં તો વાંધો નહીં. સર્જકનાં ઉત્કટ સંવેદનો ભાવકનાં બને એવી શક્યતા ત્યારે જ ઊભી થાય જ્યારે વાર્તા પૂરેપૂરી વંચાય અને એટલે જ વાંચવાનો રસ સાવ સુકાઈ જાય એટલી હદે પહોંચતી ક્લિષ્ટતા, ટૅક્નિકની વધુ પડતી ચિંતા અને આળપંપાળ કે ભાષાના આંજી દે એવા ઝગઝગાટ કે ચબરાકીની તરફેણમાં હું નથી.'

પુરસ્કૃત વાર્તાસંગ્રહની વાર્તાઓની એક એક કરીને મીમાંસા કરવાનો આ 'કુમાર'પાને અવકાશ નથી, તો એમ કરવાનો આ અવસર પણ નથી. છતાં વાર્તાકારની સંવેદનાની પળો શી રીતે વ્યક્ત થઈ વાર્તારૂપે સહૃદય ભાવકના હૈયે 'ઘર કરી' જાય છે એ જોવા-જાણવા આટલું લગીર દૃષ્ટાંતરૂપ :

'જાજમ પર પચાસેક સ્ત્રીઓ થીજી ગઈ હતી. ધૂળ ખાતી પ્લાસ્ટર ઑફ પૅરિસની મૂર્તિઓ જ દેખાય. એ બેઠી બેઠી શું કરતી હશે એ જોવાની ઇચ્છા થઈ આવી, પણ પછી પાસે જવાનો ડર લાગ્યો, કોઈ હાલતુંચાલતું નહોતું એટલે હોય કદાચ.' ('અંધારી ગલીમાં સફેદ ટપકાં', પૃ. ૧૨૬).

પુરસ્કૃત વાર્તાસંગ્રહનું શીર્ષક મૂળે જેનું શીર્ષક છે એ વાતોમાંથી આ અવતરણ મૂક્યું છે. આ વાર્તામાં ઘટના નામે વસમાત્ર આટલી છે : વાર્તાકથક નાયિકા; પોતાના ગામની બે પરિચિત વિધવા યુંવતીઓને મળવા (ગોકુળ, મથુરા, વૃંદાવનમાંના ?) કોઈ ભાગીરથી કલ્યાણધામમાં જાય છે અને મળીને બહાર આવે છે. કલ્યાણધામમાંના કથાનાયિકાના આ આવાગમનની સમાંતરે વાચકનું પણ વાર્તામાં આવાગમન થાય છે. ઉપરના અવતરણમાં આપણે એમનો 'પ્રવેશ' જોયો, હવે જોઈએ એમનું બહિર્ગમન :

'એ પગથિયાં ઊતરી પડી. ગલી છોડીને ફંટાવાનું થયું ત્યારે એણે જરા પાછળ જોઈ લીધું. ઓટલે હજી સફેદ રંગ સહેજસાજ ફરફરતો હતો. બરાબર ગલીના નાકે જ રામનામની પીળી ચાદરવાળો કોઈક ધસી આવ્યો. અને એ કંઈ સમજે-બોલે તે પહેલાં તો 'ભગવાન તેરા ભલા કરે માઈ' કહીને કપાળે ચંદન ચોંટાડી

(અનુસંધાન પૃ. ૧૦૩ ઉપર)



"વાજઈ ઝુણિ અલિ ફેરિય, ભેરિય પ્રથમારંભિ,
પાન તણઈ મિસિ ઊડિય, ગૂડિય કદલિય થંભિ.
બહુફલિ નમઈ બીજુઉરિય, મઉરિય અંબ રસાલ,
સહજિ સુભાગહિ રુયડલા સૂયડલા ખેડય ડાલ."
('જીરાપલ્લી પાર્શ્વનાથ ફાગુ') - મેરુનંદન

ડૉ. ચંદ્રકાન્ત મહેતાને અનુવાદ ઍવૉર્ડ



ડૉ. ચંદ્રકાન્ત મહેતાને તાજેતરમાં દિલ્હી સાહિત્ય અકાદમીનો ઍવૉર્ડ મળ્યો એ સમાચાર આનંદપ્રદ છે. તેમનાં પુસ્તકોની સંખ્યા લગભગ ૪૫ જેટલી છે, પણ પ્રસિદ્ધિનો કોઈ મોહ નહિ. એટલે કદાચ બહુ જાણીતા નહિ, પણ જાણવા-ઓળખવા જેવા માણસ. બેઠી દડીનું શરીર, ખાદીની કફની અને ટોપી, અત્યંત સૌમ્ય પ્રકૃતિના, બહુ ઓછું બોલે. સાચા ગાંધીવાદી, અસહકારની લડતમાં સક્રિય ભાગ લીધેલો અને જેલવાસ પણ ભોગવેલો. એમનાં પત્ની હેમલતાબહેન પણ એવાં જ સેવાભાવી હતાં. સામાજિક કાર્યકર હતાં. પુત્રોને ઉચ્ચ કેળવણી આપી જાણીતા ફિલ્મ દિગ્દર્શક કેતન મહેતા એમના પુત્ર થાય. બધા ઉચ્ચ પાયરીએ છે. કુટુંબ આખું સંસ્કારી, પ્રસિદ્ધ સમાજશાસ્ત્રી ઉષાબહેન મહેતા એમનાં બહેન થાય.

ચંદ્રકાન્તભાઈ બહુશ્રુત વિદ્વાન છે. સંશોધનમાં તેમને રસ. સાહિત્યના સમગ્ર પરિવેશથી તેઓ સુજ્ઞાત. તે ખૂબ ચીવટવાળા. નિયમિતતા એમની જ. ગાંધીવાદીઓની શિસ્ત એમનામાં છે. પરંતુ 'મરતાને મર ન કહે' એવી પ્રકૃતિના એટલે સાહિત્યજગતમાં તેમને અહિંસક, નિરુપદ્રવીની પ્રતિષ્ઠા મળેલી છે. ગુજરાતી સાહિત્યને ગુજરાત બહાર રજૂ કરવામાં તેમનો ફાળો મહત્ત્વનો છે. કોઈ સિમ્પોઝિયમ હોય, કોઈ સંચય હોય તો એમાં ગુજરાતી સાહિત્ય વિશે તેમણે જ લખ્યું હોય. અંગ્રેજી, બંગાળી, મરાઠી અને હિન્દીમાંથી તેમણે ઘણા અનુવાદ કર્યા છે. ગુજરાતીમાંથી પણ તેમણે અનુવાદ કરી આપણા સાહિત્યનો અન્ય ભાષાભાષીઓને પરિચય કરાવ્યો છે. એમાં પણ બંગાળી ઉપર તેમને સારું પ્રભુત્વ છે. અમદાવાદમાં હતા ત્યારે ગુજરાત વિદ્યાપીઠમાં બંગાળીના વર્ગો લેતા. તેમણે જુદી જુદી કૉલેજોમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કર્યા બાદ છેલ્લે ૧૯૬૧થી ૧૯૭૬ સુધી દિલ્હી યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપેલી. ૧૯૭૬ના નવેમ્બરમાં તે નિવૃત્ત થયા. ૧૯૭૬થી ૧૯૭૯ સુધી 'ગુજરાતી, મરાઠી, બંગાળી અને હિન્દી નવલકથાઓમાં સ્વાતંત્ર્ય-સંગ્રામ' એ વિષય ઉપર સંશોધન કરવા માટે તેમને યુ.જી.સી.ની રિસર્ચ સ્કૉલરશિપ મળેલી.

તેમણે અનેક પુસ્તકોના અનુવાદો કર્યા છે. જેમ કે બંગાળીમાંથી 'આરણ્યક', મરાઠીમાંથી 'ભારતીય દર્શન', હિન્દીમાંથી 'સહસ્રફેણ' વગેરે જાણીતા છે. ભારતીય સાહિત્ય અકાદમીનો અનુવાદ ઍવૉર્ડ વિજેતા કૃતિ તે પ્રસિદ્ધ બંગાળી લેખિકા આશાપૂર્ણાદેવીની લઘુનવલ 'જીવન સ્વાદ'. ૧૯૯૫માં આ અનુવાદ આર. આર. શેઠની કું. દ્વારા પ્રગટ થયો હતો. આ પહેલાં ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ 'આશાપૂર્ણાદેવી કથાસંગ્રહ' પ્રકાશિત કર્યો હતો. માધ્યમિક શિક્ષણ પણ પૂરું નહિ પામી શકેલાં આશાપૂર્ણાદેવીની ગુજરાતીમાં પુસ્તક સ્વરૂપે આ પ્રથમ કૃતિ પ્રગટ થઈ છે.


ચંદ્રકાન્તભાઈનાં વિવેચન-સંપાદનનાં પણ ઘણાં પુસ્તકો છે. તેમનો મહાનિબંધ 'મધ્યકાળનાં સાહિત્ય સ્વરૂપો' વિશે છે. વિવેચનસંગ્રહો પણ તેમણે પ્રગટ કર્યા છે. મારા સંપાદન હેઠળ પ્રગટ થતી ગુજરાતી ગ્રંથકાર શ્રેણીમાં કાકા કાલેલકર ઉપરનો લઘુગ્રંથ તેમણે તૈયાર કરી આપેલો. નાનાંમોટાં સંપાદનો પણ તેમણે કર્યાં છે. નૅશનલ બુક ટ્રસ્ટને તેમની સેવાનો લાભ મળ્યો છે. ભારતીય અનુવાદ પરિષદ તરફથી તેમનું સન્માન કરાયું હતું. તેમની સુદીર્ઘ અનુવાદ-સેવાની કદર રૂપે આ સમારંભ યોજાયો હતો. આ ઉપરાંત આસામના ધૂબડી શહેરમાં ડિસેમ્બર, ૧૯૯૪ના અંત ભાગમાં 'નિખિલબંગ સાહિત્ય સંમેલન'નું અધિવેશન મળ્યું હતું. એમાં પણ ડૉ. ચંદ્રકાન્ત મહેતાનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તેમણે 'ગુજરાતી તથા બંગાળી કથાસાહિત્યમાં નારી' એ વિષય ઉપર બંગાળીમાં વ્યાખ્યાન આપ્યું હતું. આજે પંચાશી વર્ષની વયે પણ તે સાહિત્યપ્રવૃત્તિઓમાં સક્રિય છે.

ડૉ. ચંદ્રકાન્ત મહેતા રા. વિ. પાઠકના વિદ્યાર્થી હતા. તેમની વિદ્યોપાસનાનાં ઘણાં સુફળ આપણને મળ્યાં છે અને હજુ પણ મળ્યાં કરે એ માટે પ્રભુ એમને સ્વાસ્થ્યયુક્ત દીર્ઘાયુ અર્પે એમ ઇચ્છીએ. રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીએ તેમને આ વર્ષનો અનુવાદ ઍવૉર્ડ એનાયત કર્યો એ પ્રસંગે હાર્દિક અભિનંદન.

('જનસત્તા') - ડૉ. રમણલાલ જોશી

(ભ્રમર વારંવાર ગુંજારવ કરે છે. આરંભમાં જાણે કે ભેરીનો ધ્વનિ ન થતો હોય; પાંદડાંને બહાને કેળનાં વૃક્ષો ઉપરથી જાણે કે ધજા ઊડી રહી છે. બીજોરી ફળના અતિશય ભારથી નમી પડી છે. રસાળ આંબા મહોર્યાં છે, રૂડા સૂડા સદ્ભાગ્યથી સહજ રીતે પ્રાપ્ત થાય છે.)



ભારતના ત્રીજા રાષ્ટ્રપતિ, મહાન કેળવણીકાર અને ધીરગંભીર રાજપુરુષ ડૉ. ઝાકિરહુસેન દેશની અનેક કટોકટીભરી પરિસ્થિતિમાં પ્રજાને એક આદર્શ શિક્ષકની હેસિયતથી માર્ગદર્શન આપતા હતા. ભાષાવિદ્ અને અર્થશાસ્ત્ર-નિષ્ણાત ડૉ. ઝાકિરહુસેન રાષ્ટ્રપતિપદે પહોંચ્યા તેની પ્રાપ્તિ પહેલાં તેમણે રૂ. ૭૫ના માસિક પગારથી શિક્ષણક્ષેત્રમાં પ્રારંભ કરેલો. અને પોતાની શક્તિ, કાર્યદક્ષતાથી વિદ્યાપીઠના ઉપકુલપતિપદે પહોંચ્યા હતા. વિનમ્રતા અને સાદગીની પ્રતિમા સમા ડૉ. હુસેનની રાષ્ટ્રપતિપદ માટેની પસંદગી - વરણી એ ભારતની બિનસાંપ્રદાયિકતાનો પુરાવો છે એમ કહેવા કરતાં, આધ્યાત્મિક વૃત્તિવાળી ઉમદા વ્યક્તિઓને દેશના સર્વોચ્ચ આસને સ્થાપવાની આ દેશની પરંપરાનો ઉમદા પુરાવો છે એમ કહેવામાં વધારે ઔચિત્ય જણાય છે.

ડૉ. ઝાકિરહુસેનનો જન્મ બરાબર એકસો વર્ષ પહેલાં દક્ષિણ હૈદરાબાદમાં આઠમી ફેબ્રુઆરી ૧૮૯૭ને દિવસે થયો હતો. એમના વડવા મૂળ ઉત્તરપ્રદેશના ફરૂખાબાદ જિલ્લાના પઠાણો. એમના પિતા ફિદાહુસેન વ્યવસાયે ધારાશાસ્ત્રી અને 'આઈને ડેક્કન' નામના કાયદાને લગતા સામયિકના તંત્રી હતા. ઉત્તરપ્રદેશના ઇટાવાની ઇસ્લામી હાઈસ્કૂલમાં તેઓ ભણ્યા. અલીગઢ વિદ્યાપીઠની કૉલેજમાંથી એમ.એ. થયા અને કાયદાના સ્નાતક પણ થયા. પછી જર્મની જઈ બર્લિન વિદ્યાપીઠની પીએચ.ડી.ની ઉપાધિ મેળવી હિંદ આવ્યા. ડૉ. ઝાકિરહુસેનનાં લગ્ન ૧૯૧૫માં થયાં હતાં. તેમને બે પુત્રીઓ હતી.

અસહકાર આંદોલન વખતે ૧૯૨૧માં ઝાકિરહુસેન કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે એમને વિલાયત જઈ આઈ.સી.એસ. થવાનું મન હતું. પણ ગાંધીજીના વ્યક્તિત્વ અને રાષ્ટ્રીય આંદોલનોથી પ્રભાવિત થઈ તેઓ પણ રાષ્ટ્રીય લડતમાં સક્રિયપણે જોડાઈ ગયા. દિલ્હીમાં 'જામિયા મિલિયા ઈસ્લામિયા વિદ્યાપીઠ'ની સ્થાપના અને તેને વટવૃક્ષનું સ્વરૂપ આપવામાં ડૉ. ઝાકિરહુસેનનો ફાળો મોટો છે. તેઓ આ વિદ્યાપીઠના ઉપકુલપતિ તરીકે ૧૯૨૬થી ૧૯૪૮ (બાવીસ વર્ષ જેટલા લાંબા સમય) સુધી રહ્યા હતા. આ સંસ્થાની સેવા થકી એમનું નામ ઝળહળતું થયું હતું.

ઈ.સ. ૧૯૪૮થી ૧૯૫૬ સુધી ડૉ. ઝાકિરહુસેન અલીગઢ વિદ્યાપીઠના કુલગુરુ તરીકે રહ્યા. ૧૯૫૨થી તેમની નિમણૂંક રાજ્યસભાના સભ્ય તરીકે થઈ. ૧૯૫૬માં આ મુદત પૂરી થતાં ફરી એમની નિમણૂંક થઈ. ૧૯૫૭થી ૧૯૬૨ સુધી તેઓ બિહારના રાજ્યપાલ તરીકે એ પછી ૧૯૬૨થી ૧૯૬૭ સુધી, રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનની છત્રછાયામાં ઉપરાષ્ટ્રપતિ તરીકે તેમણે તટસ્થ નિર્ણયબુદ્ધિ અને ગૌરવભર્યા વ્યવહારથી સૌને સંતોષ આપીને કાર્ય કરેલું.

૧૯૩૮માં ગાંધીજીએ બુનિયાદી કેળવણી (નયી તાલીમ)ની યોજના ઘડી ત્યારે એ યોજનાને વ્યવસ્થિત લેખિતરૂપ આપવાની જવાબદારી આ અનુભવી શિક્ષણ શાસ્ત્રીને સોંપી હતી. ડૉ. ઝાકિરહુસેને એ કાર્ય ખૂબ જહેમત ઉઠાવીને જે 'વર્ધા યોજના' તૈયાર કરી એ રાષ્ટ્રીય કેળવણીના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ ગણાય છે.

ડૉ. ઝાકિરહુસેને અર્થશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર અને ઉર્દૂ ભાષાના વિદ્વાન તરીકે નામના મેળવી હતી. એમને દિલ્હી, કલકત્તા, અલીગઢ અને કેરળની વિદ્યાપીઠે માનદ્ ઉપાધિઓ બક્ષી છે. કેળવણી ક્ષેત્રની સેવાઓ બદલ એમને ૧૯૫૪માં 'પદ્મવિભૂષણ' ખિતાબથી નવાજવામાં આવ્યા હતા. અને ૧૯૬૩માં દેશનો સર્વોચ્ચ નાગરિક ઈલકાબ 'ભારતરત્ન' એનાયત કરાયો હતો.

અનેક શૈક્ષણિક સમિતિઓના અધ્યક્ષપદે રહેલા ડૉ. ઝાકિરહુસેન ભારતીય પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે વર્ષો સુધી 'યુનેસ્કો' સાથે સંકળાયેલા હતા. ૧૯૫૬-૫૮માં તેઓ તેના કારોબારી મંડળમાં ચૂંટાયેલા, તેમણે જામિયાના મુખપત્ર 'પયામ-એ-તાલીમ' માટે લખવાનું શરૂ કર્યું હતું. 'કેપિટાલિઝમ : ઍન એસે ઇન અંડરસ્ટૅન્ડિંગ' અને 'શિક્ષા' (હિન્દી) નામનાં મૌલિક પુસ્તકો ઉપરાંત પ્લેટોના 'રિપબ્લિક', લિસ્ટના 'નૅશનલ સિસ્ટમ

ઑફ ઇકનૉમિક્સ' અને કેનના 'એબમેન્ટ્સ ઑફ ઇકનૉમિક્સ'નો એમણે ઉર્દૂ ભાષામાં અનુવાદ કરેલો. બાળકો માટે અનેક બાળવાર્તાઓ લખનાર ડૉ. ઝાકિરહુસેન ચિલ્ડ્રન્સ બુક ટ્રસ્ટના પ્રમુખપદે પણ રહેલા.

બીજા રાષ્ટ્રપતિ તરીકે પ્રખર વિદ્વાન, ચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન નિવૃત્ત થયા તે પછી ત્રીજા રાષ્ટ્રપતિ તરીકે તા. ૧૩મી મે ૧૯૬૭થી પ્રખર કેળવણીકાર ડૉ. ઝાકિરહુસેન આવ્યા. તેઓએ પ્રથમ લઘુમતી મુસ્લિમ કોમના રાષ્ટ્રપતિ તરીકે ગૌરવવંતુ સ્થાન મેળવ્યું ! ઝાકિરહુસેન રાષ્ટ્રપતિ બન્યા ત્યારે કૉન્ગ્રેસમાં 'ઇન્ડિકેટ - સિન્ડિકેટ' જેવા ભાગલા હજુ નહોતા પડ્યા અને ઇન્દિરા ગાંધી પીઢ નેતાઓની દૃષ્ટિએ હજુ 'ગૂંગી ગુડિયા' હતાં એટલે સંઘર્ષનો પ્રશ્ન ઊભો ન થયો. ઇન્દિરાજી હજુ કદાચ પોતાની વગ જમાવવામાં વ્યસ્ત હતાં. તેમના સદ્‌ભાગ્યે કે દેશના દુર્ભાગ્યે ડૉ. ઝાકિરહુસેન હાર્ટએટેકથી ઓચિંતા તા. ત્રીજી મે ૧૯૬૯ના રોજ ૭૨ વર્ષની ઉંમરે અવસાન પામ્યા અને નવા રાષ્ટ્રપતિની ચૂંટણી આવશ્યક થઈ પડી. પોતાની ગુણવત્તા અને લાયકાતના જોરે રાષ્ટ્રપતિ બન્યા હોય એવા નેતાઓ પહેલા ત્રણ રાષ્ટ્રપતિ (ડૉ. રાજેન્દ્રપ્રસાદ, રાધાકૃષ્ણ અને ઝાકિરહુસેન) હતા. એ પછી રાષ્ટ્રપતિની પસંદગીમાં પણ રાજકારણ પ્રવેશ્યું, જે આજ સુધી ચાલી રહ્યું છે. અમુકતમુક પક્ષ યા વ્યક્તિને વફાદાર નેતાને રાષ્ટ્રપતિ બનાવવાની પરંપરા ઝાકિરહુસેન પછી વી. વી. ગિરિથી શરૂ થઈ.

ડૉ. ઝાકિરહુસેન ભારતના પ્રથમ લઘુમતી મુસ્લિમ કોમના રાષ્ટ્રપતિ તરીકે યાદગાર વ્યક્તિવિશેષ છે તેમ ચૂંટાયેલા નિયમિત રાષ્ટ્રપતિઓ પૈકી બે વર્ષ જેટલા સૌથી ટૂંકા ગાળા માટે (તા. ૧૩-૫-૬૭થી ૩-૫-૬૯) એ પદે રહેનાર રાષ્ટ્ર-પ્રમુખ બની રહ્યા છે ! વળી ડૉ. ઝાકિરહુસેન તથા દેશના પાંચમા અને લઘુમતી કોમના દ્વિતીય રાષ્ટ્રપતિ ફકરુદ્દીન અલી અહમદ એવા બે રાજપુરુષો છે જેમનું હૃદયરોગના હુમલાને લીધે ચાલુ હોદ્દાએ મૃત્યુ થયું છે.

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઝાકિરહુસેનને ૫૬.૨ ટકા અને તેમના પ્રતિસ્પર્ધી કે. સુબ્બારાવને ૪૩.૪ ટકા મતો મળેલા. ચુસ્ત અને પાક મુસ્લિમ હોવા છતાં ડૉ. ઝાકિરહુસેનને ગાય પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો. તેમણે પોતાને ઘેર ગાયો રાખી હતી. તેઓ ગૌમાંસને અભક્ષ્ય ગણતા. 'ગૌહત્યાના વિરોધી રાષ્ટ્રપતિ' તરીકે ચૂંટાયા પછી તેઓ શૃંગિરિના જગદ્‌ગુરુ શંકરાચાર્યના અને જૈન મુનિ સુશીલકુમારના આશિષ લેવા ગયેલા. તેઓ શ્રદ્ધાળુ હિન્દુની માફક સત્યનારાયણ ભગવાનની કથા પણ સાંભળતા. કાકા કાલેલકરે એમને સમન્વયવાદી રાષ્ટ્રપતિ તરીકે નવાજેલા.

ડૉ. ઝાકિરહુસેન જ્યારે રાષ્ટ્રપતિ ભવનમાં ગયા ત્યારે તેમણે રાષ્ટ્રપતિભવનમાં ભારતીયકરણ દાખલ કરવા માટે કેટલાક ફેરફારો કર્યા. રાષ્ટ્રપતિભવનનું હિન્દી સંસ્કૃતિ અને રુચિને અનુકૂળ એવું પુનઃ સુશોભન રૂ. દોઢ લાખના ખર્ચે કરવામાં આવ્યું. બ્રિટિશ શાસકોની બ્રિટિશ કલાકારોએ બનાવેલી તસવીરો અને અંગ્રેજી કુદરતી દૃશ્યોના સ્થાને હિન્દી ચિત્રકારોનાં ચિત્રો મૂકવામાં આવ્યાં હતાં. દરરોજ સવારે અગિયારના ટકોરે ઝાકિરહુસેન રાષ્ટ્રપતિભવનમાંના સ્ટડી-રૂમમાંથી મોગલ ગાર્ડનમાં ફરવા માટે બહાર નીકળતા. મોગલ ગાર્ડનમાં ૩૫૦ જાતનાં ગુલાબો એકત્રિત કરવામાં આવેલાં છે. જેમાં દક્ષિણ બાજુની અગાસીમાં ઉગેલ ગુલાબની એક નવી જાતને ૧૯૬૭માં ઝાકિરહુસેનનું નામ આપવામાં આવેલું છે !

ડૉ. ઝાકિરહુસેનનું ત્રીજી મે, ૧૯૬૯ના રોજ અવસાન થયા બાદ એમની સ્મૃતિમાં એ જ વર્ષે ૨૦ પૈસાની કિંમતની ઊભા આકારની સ્મારક ટપાલ-ટિકિટ બહાર પડાઈ છે. એ ટિકિટમાં ઝાકિરહુસેનને હાથમાં પુસ્તક પકડી ખુરશીમાં બેઠેલા દર્શાવાયા છે. ઝાકિરહુસેનની અંતિમ ઇચ્છાનુસાર એમની પ્રિય સંસ્થા જામિયા મિલિયામાં એમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. પ્રખર શિક્ષણશાસ્ત્રી અને આપમાં તૃતીય રાષ્ટ્રપતિ ડૉ. ઝાકિરહુસેનની ૧૦૦મી જન્મજયંતી (આઠમી ફેબ્રુઆરી)એ એમને શત-શત સલામ !

– ભરત'કુમાર' પ્રા. ઠાકર ● સંજય પ્રા. ઠાકર


સ્વયંપ્રકાશિત જીવોની અદ્‌ભુત સૃષ્ટિ

અમુક જીવોનું સ્વયંપ્રકાશિત થવાની ઘટના આપણને દંગ કરી દે તેવી છે. દરેક જીવમાં સતત અને અવિરતપણે રાસાયણિક ક્રિયા થયા જ કરે છે. આ ક્રિયાથી ગરમી ઉત્પન્ન થાય છે. કોઈ જીવમાં આ ગરમી પ્રકાશ અથવા વીજળી ઉત્પન્ન કરે છે ! આમ સજીવમાં રાસાયણિક ક્રિયાથી ગરમી, પ્રકાશ અથવા વીજળી ઉત્પન્ન થાય છે. આ નિયમ નિર્જીવ પદાર્થોને પણ લાગુ પડે છે. દા.ત. કોલસાનો કાર્બન હવાના ઑક્સિજન સાથે મળીને સળગે છે અને કાર્બન ડાયોક્સાઈડમાં રૂપાંતર પામે ત્યારે ગરમી અને પ્રકાશ ઉત્પન્ન થાય છે. ટૂંકમાં સજીવ તેમ જ નિર્જીવ બંને સૃષ્ટિમાં રાસાયણિક ક્રિયા વડે ગરમી કે પ્રકાશ ઉત્પન્ન થાય છે.

અંધારી રાતે તમે હવામાં સળગતા અંગારા જેવા કીટકને અથવા કોઈ જગ્યાએ સ્થિર એવી મોટી ઇયળને અવશ્ય જોઈ હશે. આ સળગતા અંગારા જેવાં જીવડાંને આગિયા જીવડાં કહે છે તેમ જ દીવા જેવા ચમકતા કીટકને આગિયા કીટક કહે છે. આગિયા જીવડાં (Fire Flies) અને આગિયા કીટક (Glow Worm) વચ્ચે તફાવત એ છે કે આગિયા જીવડાં ઝબકીને ઠરી જાય છે, ત્યારે આગિયા કીટકનો દીવો એકધારો બળ્યા કરે છે. આગિયામાં શરીરના પાછળના ભાગમાં 'લ્યુસીફેરિન' નામનું રાસાયણિક દ્રવ્ય આવેલ હોય છે, જેને આપણે દીપ્તિદ્રવ્ય કહીશું. સ્વયંપ્રકાશિત



← જેલિફિશ



આગિયા

જીવાના શરીરમાં આ દીપ્તિદ્રવ્ય પ્રાણવાયુ સાથે ભળીને પ્રકાશે છે. જેમ આપણા શરીરના તમામ ભાગ પ્રાણવાયુ સાથે મળીને શક્તિ ઉત્પન્ન કરે છે, ગરમી ઉત્પન્ન કરે છે તેમ સ્વયંપ્રકાશિત જીવોમાં દીપ્તિદ્રવ્ય ગરમીને બદલે પ્રકાશ ઉત્પન્ન કરે છે. આગિયા જીવડાં ઢાલિયાં જીવડાં (Beetles)ની જાત છે. સ્વયંપ્રકાશિત જીવોનો પ્રકાશ ખરેખર અજવાળું પાથરવા માટે નહિ પણ માદાના આકર્ષણ માટે છે. એટલે જ તેમાં પ્રકાશની માત્રા કરતાં સૌંદર્યની માત્રા વધારે છે. એકથી બે હજાર આગિયા જીવડાંનો પ્રકાશ ભેગો કરો ત્યારે મીણબત્તી જેટલો પ્રકાશ થાય !

વનસ્પતિસૃષ્ટિમાં ચળકતી ફૂગ થાય છે જે દિવસે પણ ચળકે છે અને અંધારી રાતે તો વિશેષ ! કોઈ વાર અંધારી રાતે સમુદ્ર પર જાણે પ્રવાહી અગ્નિ હોય એવો ફલોરેસન્ટ પ્રકાશ મોજાં ઉપર નાચે છે. તમે એક વાર એ દૃશ્ય જુઓ તો કદી ભૂલી શકો નહીં. આવી ફૂગોમાં પણ દીપ્તિદ્રવ્યમાં લ્યુસિપીરેસ નામનું કિણ્વ (Enzyme) છે. જે પ્રાણવાયુની રાસાયણિક પ્રક્રિયાથી દીપ્તિમાન થાય છે. બધી ફૂગમાં દીપ્તિદ્રવ્ય નથી હોતું. સ્વયંપ્રકાશિત ફૂગમાં આ ક્રિયા સતત થયા કરે છે અને તેથી દીપ્તિદ્રવ્યનું ઉત્પાદન પણ સતત થયા કરે છે.

આકાશમાં તારા કે રેતીના કણની જેમ અગણિત સંખ્યામાં જે સૂક્ષ્મ જીવો સમુદ્રમાં તરે છે તે પ્લવંગ (Plankton)ના નામે ઓળખાય છે. આ તરણજીવસૃષ્ટિમાં કેટલીક જાતના જીવ સ્વયંપ્રકાશિત છે. આમ તો દિવસે તમે નરી આંખે તેમને જોઈ શકો નહીં. તેઓ એકકોષી આદ્યજીવો (Protozoa) છે. આ દૃશ્ય હંમેશાં જોવા નથી મળતું પરંતુ પ્રવાહી આગ પથરાયેલી હોય એવો ફલોરેસન્ટ પ્રકાશ જ્યાં ત્યાં દેખાય છે. સમુદ્રની લહેરો ઊછળે છે તેની સાથે તેના પ્રત્યાઘાત રૂપે એ પ્રકાશ નજરે પડે છે, કારણ કે લહેરથી ખલેલ પામીને આ સૂક્ષ્મ પ્લવંગ પ્રકાશ છોડે છે. આ પ્લવંગ એટલા નાના હોય છે કે તમે એક પ્લવંગનો પ્રકાશ જોઈ શકો નહીં. પરંતુ અગણિત પ્લવંગનો પ્રકાશ માઈલ છેટેથી જોઈ શકો !

આંખોની અવેજીમાં તેની સ્પર્શેન્દ્રિય સારી રીતે ખીલી છે. સ્પર્શ કરવા માટે તેમને લાંબી મૂછો છે. કેટલાંક જળચરો પોતાના શરીર પર દીવા ધારણ કરીને ફરે છે, જેથી તેઓ એકબીજાંની હાજરી વિશે જાણી શકે.

કેટલાંક જળચરોનાં શરીર પર હારબંધ દીવા છે ! જ્યાં પોલાદની સબમરીન પણ ભીંસાઈને રોટલા જેવી થઈ જાય એવા ભયંકર દબાણમાં, થીજવી દેતી ઠંડીમાં અને સનાતન સંપૂર્ણ અંધકારમાં આ ભૂતાવળ જેવી સૃષ્ટિ કેવી લાગતી હશે તેની કલ્પના તો કરો ! તેઓ ઇચ્છા પ્રમાણે પોતાના દીવા બાળી શકે છે અને ઠારી શકે છે ! ખોરાક અને પ્રેમ પ્રાપ્ત કરવા માટે આ દીવા ઉપયોગી છે. કેટલાંક જળચરોની આંખોમાં પ્રકાશ છે, જેના વડે, અંધારામાં જતી મોટરની જેમ તેઓ પોતાની આગળ શું છે તે જુએ છે ! કેટલાંક મઘરાં(શાર્ક)ને પેટ ઉપર પ્રકાશ છે, જેના વડે તેઓ સાગરના તળિયા પર પ્રકાશ નાખીને ત્યાં રહેતા જીવોનો શિકાર કરે છે. એવા ઝિંઘા (Prowns and lobsters) અને રંગારા (Spuids) કે જેઓ પોતાના શરીરમાંથી અનુક્રમે પ્રકાશિત ચીકણો પદાર્થ કે પ્રકાશિત રંગ કાઢે છે અને તેમાં પોતે લપેટાઈ દુશ્મનને ભગાડી મૂકે છે!


જેમ આગિયા જીવડાં અને આગિયા કીટકનો પ્રકાશ તેમની માદાને આકર્ષે છે, તેમ સાગરના અંધારા પેટાળમાં પણ પ્રકાશ નર માદાને આકર્ષે છે. પાણી ચૂસવાની વાદળી એ સમુદ્રની સજીવ સૃષ્ટિનો એક ભાગ છે અને તેમાં પણ સ્વયંપ્રકાશિત વાદળી થાય છે ! ઝુમ્મર જેવા આકારની અને પ્રવાહમાં તરતી અને તણાતી જતી જળશ (Jelly fish)માં સ્વયંપ્રકાશિત જાતની જળશ જ્યારે અંધારામાં સમુદ્રમાં તરતી અને તણાતી જતી હોય ત્યારે એમ લાગે કે પ્રકાશથી ઝગમગતો ઝુમ્મર સમુદ્રની છતમાં લટકે છે.

કાલુની છીપનો પ્રકાશિત ભાગ તથા મોતી તો અંદર હોય છે, પણ મોતી નહિ આપનાર કેટલીક વિશાળ છીપ સ્વયંપ્રકાશિત હોય છે. છીપ પોતાની મેળે ગતિ કરી શકતી નથી. કેટલાક જીવો દરિયાના તળિયે દર કરીને તેના અંધારામાં જિંદગી ગાળે છે. કેટલાક પાણીમાં તણાતા જ જતા હોય છે, તેમને પોતાની ગતિ નથી હોતી. આવા જીવોમાં કોઈ ને કોઈ કુદરતે સ્વયંપ્રકાશ શા માટે આપ્યો હશે ? - પ્રો. મનોજ જગતાપ ('વિજ્ઞાનદર્શન')

એક યાદગાર તસ્વીર

ધૂમકેતુ જેમ જેમ સૂર્યની નજીક આવતો જાય તેમ તેમ તેની પૂંછડી સૂર્યની વિરુદ્ધ દિશામાં વિસ્તરતી જાય છે. સૂર્યથી દૂર જતા ધૂમકેતુની પૂંછડી ફરી ટૂંકાતી જાય છે અને એક સમયે અલોપ થઈ જાય છે.

સેકન્ડના ૪૦૦ કિ.મી.ની ગતિથી સૂર્યમાંથી વછૂટતાં



ઇલેક્ટ્રોન, પ્રોટોન અને અન્ય સૌરકણોનો બનેલો સૌરપવન ધૂમકેતુના વાદળછાયા માથામાંથી પસાર થાય છે ત્યારે પોતાની સાથે થોડાક વાયુરજકણોને ખેંચી જાય છે. સ્વાભાવિક રીતે જ સૂર્યની નજીક આ (સોલર વિન્ડ)ની તીવ્રતા વધતી હોવાથી અને દૂર જતાં ઘટતી જતી હોવાથી ધૂમકેતુની પૂંછડી સૂર્યની નજીક લાંબી અને સૂર્યથી દૂર હોય ત્યારે ટૂંકી હોય છે. વળી, સૌરકણો ધૂમકેતુના રજકણોથી વીજભારિત થઈ જતા હોવાથી તેમાંથી કિરણોત્સર્ગ ઉત્સર્જિત થવા લાગે છે, જેના પરિણામે પૂંછડી ટ્યૂબલાઈટની માફક ઝળહળી ઊઠે છે. આ પ્રકારની પૂંછડીને 'પ્લાઝમા ટેઈલ' કહે છે.

ક્યારેક કોઈ કારણસર જો ધૂમકેતુના કેન્દ્રનો ભાગ તૂટી પડે તો તે ધૂમકેતુની ગતિમાં જ સાથે રહીને ફરે છે. આ વિખૂટા પડેલા ટુકડા પાછળ પણ પૂંછડી લંબાય છે ! આવી વધારાની પૂંછડીને 'ડસ્ટ ટેઈલ' કહે છે.

અહીં યાકુતાકેની ૨૫ થી ૨૬ માર્ચ દરમિયાન દેખાયેલ 'પ્લાઝમા ટેઈલ' છે. તેના માથા (કેન્દ્ર)ના બે ભાગ થઈ ગયા હોવા છતાં હજુ તેને 'ડસ્ટ ટેઈલ' ઊગી નથી.

અમેરિકન અવકાશ સંશોધન સંસ્થા 'નાસા' દ્વારા અંતરિક્ષમાં છોડાયેલ હબલ સ્પેસ ટેલિસ્કોપે તેની અદ્યતન વીજાણુ યંત્રસામગ્રીઓની મદદથી અસંખ્ય તસવીરો ઝડપીને તેના માસ્ટર કમ્પ્યૂટરે આ તસવીરોનું એકીકરણ આપણા માટે અદ્ભુત રીતે કરી આપ્યું છે. અહીં સ્પાઇરલ ગેલેક્સી (તારાવિશ્વ) M 101 પણ સફેદ ટપકા સ્વરૂપે દેખાય છે.

આ ફોટોગ્રાફ 'યુનિવર્સિટી ઑફ ફ્લોરિડા' ખાતે કામ કરતા ખગોળવૈજ્ઞાનિકોએ તૈયાર કરેલ છે. આ પૂંછડિયા તારાનો આ ફોટો લેવાયો ત્યારે ટચૂકડા વામન ધૂમકેતુ યાકુતાકેએ પોતાનું વિરાટ સ્વરૂપ પ્રાપ્ત કરીને આપણા ૬૦ ચાંદામામા ભેગા કરો તેવડું સ્વરૂપ પ્રાપ્ત કર્યું હતું !! (વિજ્ઞાનદર્શન)

તાણમુક્ત શી રીતે રહેશો ?

તાણ-મુક્તિનું રહસ્ય - જે ઘણા લોકો માટે પરમ દુર્બોધ રહસ્ય છે - આખરે છે શું ? એ જ કે સાચી રીતે જીવો અને જીવન તરફ સાચું વલણ પેદા કરો.

આ છે તેના દસ નિયમ :

૧. ઘણાં બધાં કામ સાથે કરવાની કોશિશ ન કરો. આપણામાંથી ઘણા માત્ર આ જ કારણસર ખીજાયેલા અને ક્લાંત રહે છે. તેઓ આખો દિવસ પોતે જે કરવા માગતા હોય તેના પર જ વિચાર્યા કરે છે. આખા દિવસની એક યોજના બનાવો. કયાં કામ સૌથી મહત્ત્વનાં છે તે પસંદ કરી લો અને તેના પર જ ચિત્ત એકાગ્ર કરો. બાકીની બાબતો મગજમાંથી કાઢી નાખો.

૨. એકસાથે ઘણાં બધાં કામ પતાવવાની ચેષ્ટા ન કરો. એક કામ પૂરું કર્યા પછી જ બીજું શરૂ કરો. જો હાથમાં લીધેલું કામ જટિલ હોય તો, તેને જુદા જુદા તબક્કામાં વહેંચી દો અને તબક્કાને ક્રમવાર પૂરો કરો. એક કામ અધૂરું મૂકીને બીજામાં કૂદી પડતાં બચો.

૩. તમે જે કામ સારી રીતે કરી શકો તેમ હો, તેટલું જ કામ હાથ પર લો. કાર ચલાવતાં કે ટ્રેન, બસ વગેરેમાં મુસાફરી વખતે વચ્ચે વચ્ચે થોડો સમય આરામ માટે પણ રાખો. થોડા ઊંડા શ્વાસ લઈને, તાણ દૂર કરીને ચિત્તને સ્વસ્થ બનાવો.

૪. તર્કયુક્ત મહત્ત્વાકાંક્ષાઓ જ રાખો. જાત પ્રત્યે પ્રામાણિક રહો. તમે શું શું કરી શકો છો, શું વધુ સારી રીતે કરી શકો છો અને શું નથી કરી શકતા તે જાણો. જે વસ્તુની સમુચિત સંભાવના હોય તેની જ કામના કરો.

૫. અતિ મહત્ત્વાકાંક્ષી ન બનો. સફળતાનું - પોતાના બંધુ-મિત્ર-પરિચિતોથી આગળ નીકળી જવાનું - ભૂત માથા પર સવાર ન થવા દો. અને એવું ન થવા દો કે મહત્ત્વાકાંક્ષા જ તમને હંકારતી રહે કે તમે કદી તેનાથી સંતુષ્ટ ન થાવ; વીસને બદલે ઓગણીસ વસ્તુ મેળવીને તમને જરાય પ્રસન્નતા ન થાય એવું ન થવા દો. ખરી વાત તો છે યોગ્ય રીતે જીવવાની.

૬. બીજાઓની ઈર્ષ્યા ન કરો. તમારી પાસે જે છે તેને માટે ઈશ્વરનો આભાર માનો. તેનો પૂરો આનંદ લો. પાડોશીઓની બરાબરી કરવા માટે ઉછાળા ન મારો. લોકોને પછાડવાની ઇચ્છા કરવાને બદલે તેમને ખુશ જોઈને આનંદ પામવાની ટેવ પાડો.

૭. બધા તમારી સાથે સહમત થાય અને તમારા કહ્યા પ્રમાણે અને તમારી ઇચ્છા પ્રમાણે જ ચાલે એવી અપેક્ષા કદી ન રાખો. તમને જો આ આદત હોય તો તમે એક ક્ષણ પણ તાણ-મુક્ત નહિ રહી શકો. કારણ, તમે કોઈ ને કોઈની સાથે કોઈ ને કોઈ બાબત અંગે સંકળાયેલા રહેશો. ચૂપચાપ તમારું કામ કરતા રહો, બીજાઓને તેમના હિસાબ પ્રમાણે ચાલવા દો.

૮. બધા તમારા જેવા જ હોય એવી અપેક્ષા ન રાખો. દરેકને ખુશ રાખવાની કોશિશમાં ન થાકો-હારો, ન વ્યગ્ર બનો. બધાંને રીઝવવા અશક્ય છે. એથી તમે નાહકના અશાંત, ચિંતિત અને ક્ષુબ્ધ થશો. બસ શિષ્ટ, સહૃદય, મૈત્રીપૂર્ણ અને નિષ્કપટ રહેવાનો પ્રયત્ન કરો. એટલું ઘણું છે.

૯. બધાએ તમારી વાતો ધ્યાનથી સાંભળવી જોઈએ, બધાએ તમારામાં રસ લેવો જોઈએ અને બધાએ તમારી મદદમાં આવવું જોઈએ એવું ન વિચારો. લોકોને પોતાની પસંદ પ્રમાણે આવવા-જવા દો. મિત્રો પર લાગણીઓના સ્તરે અવલંબન ન રાખો કે જેથી એ તમને છોડી જાય તો તમને માઠું લાગે.

૧૦. તમારી જીવન-પદ્ધતિ વિવેકપૂર્ણ બનાવો. દરેક ક્ષણ-પળને કામકાજથી ભરી દેવાની, મોડી રાત સુધી કામમાં રચ્યાપચ્યા રહેવાની અને હમેશાં ઉતાવળમાં રહેવાની ટેવથી બચો. દિવસમાં થોડો વખત શાંત ચિત્તે ખાલી બેસવાની ટેવ પાડો. તમારા આરોગ્ય તેમ જ ભોજન પાછળ પણ નિરાંતનો સમય આપો.

('શ્રીરામકૃષ્ણ જ્યોત') સંકલન : શ્રી ભૂપેન્દ્ર દોશી

અનુસંધાન] **સાહિત્ય સંપર્ક** [પૃ. ૯૭થી

દીધું. સાવ બેધ્યાનપણે સામે દેખાતા પાત્રમાં એકાદ સિક્કો મૂકી દીધો.

ઉતારે આવીને એણે પહેલું કામ અરીસામાં જોવાનું કર્યું. એનો લાલ ચાંદલો ફિક્કા ચંદનના મોટા થપ્પા પાછળ સાવ જ ઢંકાઈ ગયો હતો.' ('અંધારી ગલીમાં સફેદ ટપકાં', પૃ. ૧૨૭.)

સફેદ રંગનું સહેજસાજ ફરફરવું, લાલ ચાંદલાનું ફિક્કા ચંદનના મોટા થપ્પા પાછળ સાવ જ ઢંકાઈ જવું અને વાર્તાના શીર્ષક માંહેનાં 'અંધારી ગલી' તથા 'સફેદ ટપકાં' - આ સઘળી સામગ્રી તેની વ્યંજનક્ષમતા સમેત ભાવકની સંવેદનાજન્ય તમામ ઝિલ્લીઓને અનાયાસ ઝંકૃત કરે છે, જે એક અસહ્ય પરંતુ અત્યાજ્ય કરુણનું સુભગ નિર્માણ કરે છે.

વાર્તાકાર તરીકે હિમાંશીબહેન જે સમયનું પ્રતિનિધિત્વ કરે છે એ તબક્કાને અનુ. સુરેશ જોષી યુગ તરીકે ખસૂસ ઓળખાવી શકાય. આ સમય વિશેષમાં ગુજરાતી ટૂંકી વાર્તામાં સધાયેલાં પરિવર્તનને ચિહ્નિત કરવાં હોય તો હિમાંશીબહેનના જ શબ્દો હાથવગા છે :

'પણ સમજાય એવું કંઈ હોય તો પ્રયોગ કહેવાય નહીં, એવી માન્યતા ઓગળી રહી છે, લગભગ ઓગળી ગઈ છે. વચ્ચે એક ગાળો એવો હતો, જ્યારે ભાવકો નવલિકા પાસે જતાં થોડા થરથરતા અને ક્યારેક લઘુતાગ્રંથિનો અનુભવ પણ કરતા. સમકાલીન નવલિકાએ પોતાની રીતે એ સંપર્ક પ્રસ્થાપિત કર્યો છે. એણે ઓળખી શકાય એવાં પાત્રો આપ્યાં છે, આવડે અને સમજાય તેવી ભાષા આપી છે, સંકુચિતતાનો દોષ માથે લઈનેય પોતીકું લાગે એવું વાતાવરણ આપ્યું છે. આમ લગભગ ખોવાઈ ગયો હતો એ નાતો પુનઃ જોડાતાં એક વિશિષ્ટ પ્રકારની આસાયેશ અનુભવાય છે. આધુનિક વાર્તાવિશ્વમાં મોટે ભાગે અધ્ધર જીવે, રઘવાયો રઘવાયો ફરતો અને ભોંઠપમાં ભોં ખોતરતો ભાવક હવે લગભગ તાણમુક્ત થયો છે. સમકાલીન નવલિકાની આ નોંધપાત્ર સિદ્ધિ છે, એ સ્વીકારવામાં કશી નાનમ ન હોય.' ('પરબ', સપ્ટે.-ઓક્ટો. ૧૯૯૫).

હિમાંશીબહેનની વાર્તાઓના વાચક તરીકે મારે ક્યારેય, લગીરેય 'થરથરવું' પડ્યું નથી. આ સ્થિતિ સરજાવવામાં સહૃદય ભાવકની સજ્જતા લેખે મારો પુરુષાર્થ જો છે, તો સર્જકગત સજ્જતાનો એમનો સવાયો પુરુષાર્થ છે, એમ કહેતાં સાનંદ અટકું છું. - **રમેશ ર. દવે**

મન મેલા તન ઊજલા, બગલા કપટી અંગ;
તાતે તો કઉવા ભલા, તન મન એક હિ રંગ!

— કબીર

આ વર્ષે જેમની જન્મશતાબ્દી ઉજવાઈ રહી છે તે સુભાષચંદ્ર બોઝના જીવનનો પ્રસંગ છે. આઈ.સી.એસ.ની પરીક્ષા પરદેશમાંથી પસાર કરીને તેઓ આવ્યા ત્યારે નોકરીમાં જોડાતાં પૂર્વે એક પ્રશ્નપત્રની પરીક્ષા આપવાની રહેતી. તેઓ આ પરીક્ષામાં બેઠા. અંગ્રેજીમાંથી માતૃભાષામાં એક ફકરાનો અનુવાદ કરવાનો હતો. તેમાં મૂળ અંગ્રેજીમાં આ મતલબનું વાક્ય હતું કે. ભારતીય સૈનિકો મોટે ભાગે અપ્રામાણિક હોય છે. આ વાક્ય વાંચતાં જ સુભાષચન્દ્રનું લોહી તપી ગયું. એમણે સુપરવાઈઝરને બોલાવી પ્રસ્તુત વાક્ય પ્રશ્નપત્રમાંથી રદ કરવા જણાવ્યું. સુપરવાઈઝરે તેમ કરવાની ના પાડી. સુભાષબાબુ નોકરીની પરવા કર્યા વગર એ પ્રશ્નપત્ર ફાડી નાખીને ચાલતા થયા અને બોલ્યા, 'ભૂખે મરવું પડે તો મને વાંધો નથી, પણ મારા દેશબાંધવોને વિનાકારણ હું બદનામ નહીં કરી શકું.'


★

વિશ્વમાં સૌથી પુરાણું રાષ્ટ્રગીત જપાનનું 'કિમિયાગો' મનાય છે. તે નવમા સૈકામાં લખાયું હતું.

★

કપડાં ઉપરથી કાટનો ડાઘ કાઢવા માટે એના ઉપર તાજો લીંબુનો રસ લગાડવો. ત્યાર પછી તેના પર મીઠું છાંટવું અને થોડો સમય તડકામાં સૂકવી રાખો. બે-ત્રણ વાર આમ કરવાથી એ ડાઘ નીકળી જશે.

શબ્દચિત્રઃ મસ્જિદ, રેખાંકનઃ મધુકાંત પ્રજાપતિ




★

યુ.એસ.એ. વિશ્વમાં સૌથી વધુ વીજ-ઉત્પાદન કરતો દેશ ગણાય છે.

★

ઉપરની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે પાંચ



દીવાસળી લઈને તેને પહેલી આકૃતિમાં બતાવ્યા પ્રમાણે વચ્ચેથી ભાંગીને છેડા સાથે એકબીજાને અડતી રહે તેમ ગોઠવો. પછી વાળેલા ભાગ પાસે પાણીનું એક ટીપું મૂકો. થોડી વારે ભીનાશને લીધે સળીના રેશા ફૂલશે અને એકબીજી સળીને ધકેલી સીધી થવા જતાં પંચકોણીય તારક રચાશે.

★

ગણિતગમ્મત : લાકડાના એક ઘનાકારની બધી જ બાજુઓ રંગી નાખવામાં આવે અને પછી તેના ૨૭ નાના ઘનાકાર કરવામાં આવે તો એમાંથી કેટલા ટુકડા ત્રણ બાજુ રંગાયેલા, કેટલા બે બાજુ રંગાયેલા, કેટલા એક બાજુ રંગાયેલા અને કેટલા એક પણ બાજુ રંગાયા વિનાના રહે?

★

પક્ષીની માફક ઈંડાં સેવતા ડાઈનોસોરનો એક અસ્મિભૂત અવશેષ ચીનના ગોબીના રણમાંથી મળી આવ્યો છે. આજનાં પક્ષીઓ સીધાં જ ડાઈનોસોરમાંથી વિકાસ પામી ઊતરી આવેલાં છે એ વિષે પક્ષીશાસ્ત્રવિદોમાં મતભેદ છે. જ્યારે બીજો મત તેના હાડપિંજરનું પાયાનું સામ્ય દર્શાવી તેના પક્ષમાં છે. જ્યારે એ સામ્ય તો કેવળ એક અકસ્માત જ છે એમ કેટલાક પક્ષીશાસ્ત્રવિદો



માને છે. મળી આવેલો આ અવશેષ આ ચાલી રહેલા વિવાદનો અંત આણતો નથી પણ એ બંને મતને એકબીજાની વધુ નજદીક આણે છે.

★


વાટેલી રાઈને મધ સાથે મેળવી તેનો કપાળ પર લેપ કરવાથી શરદી-સળેખમ મટે છે.

★

ગણિત ગમ્મતનો ઉકેલ : ૨૭ ટુકડામાંથી માત્ર એક જ બધી બાજુએ કોરો રહે. બાકી ૮ ટુકડા ત્રણ બાજુ, ૧૨ ટુકડા બે બાજુ અને છ ટુકડા એક બાજુ રંગાએલા રહેશે.



કલાકણિકા • ફ્રાન્સ અને ઈંગ્લેંડના રાજાઓનો સુવર્ણનો પ્યાલો. આશરે ઈ.સ. ૧૩૭૦-૮૦. આ પ્યાલાની ઊંચાઈ ૨૩.૬ સે.મી. છે.


સ'ફળ'તાની ગાથા
વિવિધ રાજય અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ હેઠળ રાજયના વન વિસ્તારોમાં પ્રતિવર્ષ સરેરાશ ૪૦,૦૦૦ હેકટરમાં વૃક્ષ વાવેતર
સામાજિક વનીકરણ યોજના હેઠળ પ્રતિ વર્ષ સરેરાશ ૨૨૦૦૦ હેકટરમાં વૃક્ષ વાવેતર તથા પ્રતિવર્ષ સરેરાશ ૧૭ કરોડ રોપાઓનું લોકોમાં વિતરણ
લોક સહકાર અને સક્રિય બાગીદારી સાથે સહભાગી વન વ્યવસ્થાના મંડાણ કુલ ૭૩૩ - વન કલ્યાણ સમિતિઓની રચના
સિદ્ધિના વધુ શિખરો સર કરવા રૂ ૬૦૮/કરોડની સહાયથી પાંચ વર્ષમાં આકાર પામનાર સંકલિત વન વિકાસ પ્રયોજનાને મંજૂરી
ઈન્ડિયા 'ઈકો ડેવલપમેન્ટ' યોજના હેઠળ કેન્દ્ર સરકારની રૂ. ૨૫/- કરોડની સહાયથી વન્યજીવન, વનસૃષ્ટિ અને તેની આસપાસના પરિસરના વિકાસની હાથ ધરાયેલ કામગીરી
સર્વાંગી પ્રયત્નોના આધારે રાજયમાં વધવા પામેલો ૬૨૭ ચો.કી.મી. વૃક્ષાચ્છાદિત વિસ્તાર
વન વિભાગ, ગુજરાત રાજ્ય



કૈલાસમાં રાત્રિ] [રવિશંકર રાવળ

अतीतः पंथातव च महिमा वाङ्मनसयो –
रतद्व्यावृत्त्या यं चकितमभिधत्ते श्रुतिरपि ।
स कस्य स्तोतव्यः कतिविधगुणः कस्य विषयः
पदे त्वर्वाचीने पतति न मनः कस्य न वचः ॥

હે પ્રભો! આપનો મહિમા મન અને વાણીથી વર્ણવી શકાય એમ નથી. શ્રુતિ પણ ચકિત થઈને અભેદભાવે વર્ણવે છે. આથી તે મહિમાની સ્તુતિ કોણ કરી શકે? તે કેવા ગુણવાળો છે? અને કોનાથી જાણી શકાય તેમ છે? આપના શંકર સ્વરૂપની સ્તુતિ કરવા કોનાં મન અને વાણી લલચાતાં નથી?
